દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 204 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 August 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૯ ઓગસ્ટ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટૅરિફના ઝટકાથી શૅરબજારમાં ₹ ૯.૬૯ લાખ કરોડનું ધોવાણ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 93,510/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ રોકાણકારોને જેનો ડર હતો એ જ રીતે અમેરિકાએ ટૅરિફ ઝીંકી હોવાથી ભારતીય શૅરબજાર ઝડપથી ગબડ્યું છે અને રોકાણકારોની સંપત્તિ ધોવાઇ છે. શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સે પાછલા બે સત્રમાં ૧,૫૫૫ પોઇન્ટનો તીવ્ર કડાકો નોંધાવ્યો છે અને એ જ સાથે શેરધારકોની મતામાં માત્ર બે જ દિવસમાં રૂ. ૯.૬૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે.

બુધવારના ધબડકાથી બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓના બજાર મૂલ્યમાં રૂ. ૪.૬૭ લાખ કરોડનો ઘટાડો થયો, જેના કારણે એક્સચેન્જનું કુલ માર્કેટ કેપિટલ ઘટીને રૂ. ૪૪૫.૨૭ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું.

## સેન્સેક્સમાં બે દિવસમાં ૧,૫૫૫ પોઇન્ટનો ધબડકો

સેન્સેક્સ મંગળવારે ૮૪૯ પોઇન્ટ ગબડ્યો હતો અને ગણેશ ચતુર્થી નિમિત્તે બુધવારે બજાર બંધ રહ્યું હતું. ભારતીય આયાત પર રશિયન ક્રૂડ ઓઇલની ખરીદીના દંડ પેટે પચ્ચીસ ટકાની વધારાની ટૅરિફ લાગુ થયાના એક દિવસ પછી ગુરુવારે સેન્સેક્સ ૭૦૫.૯૭ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઘટીને ૮૦,૦૮૦.૫૭ પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૧૧.૧૫ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૨૪,૫૦૦.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ટૅરિફ બજારને ઘટાડનારું સૌથી મોટું પરિબળ રહ્યું હતું, પરંતુ એફઆઇઆઇની એકધારી વેચવાલી નબળા વૈશ્વિક સંકેતોથી લઈને સતત વિદેશી ભંડોળના પ્રવાહ સુધીના અન્ય અવરોધોને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. આ પરિબળોએ વેચવાલીને તીવ્ર બનાવી હતી. બજારમાં જોકે એવી ચર્ચા પણ હતી કે અમેરિકાએ વધારાની પચીસ ટકા પેનલ્ટી સાથે કુલ પચાસ ટકા ટૅરિફ ભલે લગાવી હોય, પરંતુ ભારતીય અર્થતંત્ર પર તેની ઝાઝી અસર નહીં જોવા મળે. એ ઉપરાંત નોમુરાના અંદાજ અનુસાર વિવિધ એક્ઝમ્પશન બાદ અસરકારક દર ૩૩.૬૦ ટકા જેવો રહેશે. ■

## ભારત બનશે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાઃ રિપોર્ટ

નવી દિલ્હીઃ ગ્લોબલ કન્સલ્ટન્સી ફર્મ અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈવાય)ના તાજેતરના રિપોર્ટ 'ઈવાય ઇકોનોમી વોચ'માં અંદાજ લગાવવામાં આવ્યો છે કે ભારત ૨૦૩૮ સુધીમાં વિશ્વનું બીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. ભારતનો મજબૂત આર્થિક પાયો, યુવા વસ્તી અને શિસ્તબદ્ધ નાણાકીય નીતિને કારણે આ સિદ્ધિ શક્ય લાગે છે. આ મૂલ્યાંકન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઇએમએફ) ના અંદાજ પર આધારિત છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો ભારતનો વર્તમાન આર્થિક વિકાસ (જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં પ્રથમવાર શિક્ષકોની સંખ્યા એક કરોડને પાર

નવી દિલ્હીઃ ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક સત્રમાં દેશભરમાં સ્કૂલના શિક્ષકોની સંખ્યા પ્રથમવાર એક કરોડને પાર થઈ ગઈ છે. શિક્ષણ મંત્રાલયે આ જાણકારી આપી હતી. શિક્ષણ મંત્રાલયના રિપોર્ટ અનુસાર, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તર પર ૨૦૨૪-૨૫ દરમિયાન શાળા છોડી દેવાના દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ''શિક્ષકોની સંખ્યામાં વધારો એ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તરમાં સુધારો, ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા અને શિક્ષકોની ઉપલબ્ધતામાં પ્રાદેશિક અસમાનતાને દૂર કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ૨૦૨૨-૨૩ અને રિપોર્ટિંગ વર્ષથી આ સંખ્યા સતત વધી રહી છે. ૨૦૨૨-૨૩ની સરખામણીમાં રિપોર્ટિંગ વર્ષ દરમિયાન શિક્ષકોની સંખ્યામાં ૬.૭ ટકાનો વધારો થયો છે.

યુડીઆઇએસઈ પ્લસ અનુસાર, પાયાના, પ્રારંભિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (પીટીઆર) હવે અનુક્રમે ૧૦, ૧૩, ૧૭ અને ૨૧ તરીકે નોંધાયેલ છે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ના ભલામણ કરેલ ૧:૩૦ ના ગુણોત્તરની તુલનામાં નોંધપાત્ર રીતે સુધારેલ ગુણોત્તર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ શાનદાર પીટીઆર શિક્ષકો અને (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુ-કાશ્મીરમાં હજી ૧૫ દિવસ ભારે વરસાદનું જોખમ

### વૈષ્ણોદેવી યાત્રા સહિત કુલ મરણાંક વધીને ૪૬ થયો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરમાં હજી ૧૫ દિવસ ભારે વરસાદનું જોખમ તોળાઈ રહ્યું હોવા વચ્ચે વૈષ્ણોદેવી યાત્રાના માર્ગ પરના ભૂસ્ખલન સહિત વરસાદને લગતી વિવિધ દુર્ઘટનાનો મરણાંક વધીને ૪૬ થયો છે, પરંતુ હજુ સુધી એ પ્રશ્નનો ઉત્તર નથી મળ્યો કે ત્રણ દિવસથી એ સ્થળે ભૂસ્ખલન થઈ રહ્યું હતું છતાં યાત્રા રોકી દેવામાં કેમ ન આવી?

ભારે વરસાદ, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની બનેલી જુદી જુદી ઘટનામાં અત્યાર સુધી કુલ ૪૬ જણનાં મોત થયાં છે. મરણાંક વધવાની શક્યતા હોવાનું વહીવટીતંત્રએ જણાવ્યું હતું.

આ ઉપરાંત જમ્મુના ચિનેની નાળામાં એક કાર તણાઈ જતાં તેમાં સવાર ત્રણ શ્રદ્ધાળુ ગુમ હોવાનાં અહેવાલ છે. ગુમ થયેલા ત્રણ શ્રદ્ધાળુમાંથી રાજસ્થાનના ધોલપુરના બે અને આગરાનો એક રહેવાસી છે. ડોડામાં વાદળ ફાટવાની ઘટનામાં ૧૦ શ્રદ્ધાળુનાં મોત થયા હોવાનાં અહેવાલ છે. જોકે વહીવટીતંત્રએ ચાર જણનાં મોત અને છ જણ ગુમ થયા હોવાનાં અહેવાલને સમર્થન આપ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાને દુઃખદ લેખાવી શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

દરમિયાન જમ્મુમાં ૨૪ કલાકમાં વિક્રમજનક ૩૮૦ મિ.મી. વરસાદ થયો હતો. ભારે વરસાદને કારણે મોટાભાગના વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો તેમ જ મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા બંધ થઈ ગઈ હતી. ■

## દેશમાં મુંબઈ મહિલાઓ માટે સૌથી વધુ સુરક્ષિત

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય વાર્ષિક મહિલા સુરક્ષા અહેવાલ અને સૂચકાંક(એનએઆરઆઇ) ૨૦૨૫ અનુસાર કોહિમા, વિશાખાપટ્ટનમ, ભુવનેશ્વર, આઇઝોલ, ગંગટોક, ઇટાનગર અને મુંબઇ મહિલાઓ માટે દેશમાં સૌથી સુરક્ષિત શહેરો તરીકે ઊભરી આવ્યા છે. જ્યારે પટના, જયપુર, ફરીદાબાદ, દિલ્હી, કોલકાતા, શ્રીનગર અને રાંચી સૌથી નીચલા ક્રમે રહ્યા છે.

ગુરુવારે જાહેર કરાયેલા રાષ્ટ્રવ્યાપી સૂચકાંકમાં ૩૧ શહેરોમાં ૧૨,૭૭૦ મહિલાઓના સર્વેક્ષણના આધારે રાષ્ટ્રીય સલામતી સ્કોર ૬૫ ટકા દર્શાવવામાં આવ્યો છે. જેમાં શહેરોને આ બેન્ચમાર્કથી 'ઘણા ઉપર', 'ઉપર', 'પર', નીચે અથવા 'ઘણા નીચે' શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. કોહિમા અને અન્ય ટોપ રેન્કવાળા શહેરો મજબૂત લૈંગિક સમાનતા, નાગરિક ભાગીદારી, પોલીસ વ્યવસ્થા અને મહિલા-મૈત્રીપૂર્ણ માળખાગત સુવિધાઓ સાથે જોડાયેલા (જુઓ પાનું ૨) ▶▶

## સંભલમાં હિંદુઓની વસતિ ૩૩ ટકા ઘટી

લખનઊઃ ગયા વર્ષે સંભલમાં થયેલા રમખાણો બાદ રચાયેલી સમિતિના અહેવાલમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. સમિતિએ ગુરુવારે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને આ અહેવાલ સુપરત કર્યો હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે ૧૯૪૭ માં સ્વતંત્રતા સમયે ૪૫% હિન્દુ હતા, હવે ફક્ત ૧૫-૨૦% જ બચ્યા છે.

નવેમ્બર ૨૦૨૪માં ઉત્તર પ્રદેશના સંભલમાં થયેલા રમખાણો પછી રચાયેલી ન્યાયિક સમિતિએ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને પોતાનો અહેવાલ સુપરત કર્યો છે .

સંભલ હિંસા પર રચાયેલા ન્યાયિક પંચમાં અલ્હાબાદ હાઈ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર અરોરા, નિવૃત્ત આઈએએસ અમિત મોહન, નિવૃત્ત આઈપીએસ અરવિંદ કુમાર જૈનનો સમાવેશ થતો હતો. સમિતિએ ગુરુવાર, ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અહેવાલ સુપરત કર્યો હતો. આ અહેવાલમાં સંભલની વસ્તી અને વસ્તી વિષયક બાબતો અંગે ઘણા ચોંકાવનારા દાવા કરવામાં આવ્યા છે. શાહી જામા મસ્જિદ વિરુદ્ધ હરિહર મંદિર વિશે ૪૫૦ પાનાના (જુઓ પાનું ૨) ▶▶

## સુરત-દુબઈ ફ્લાઇટનું અમદાવાદમાં ઇમર્જન્સી લેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતથી દુબઈ જઈ રહેલી ઇન્ડિગોની એક ફ્લાઇટમાં એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાતાં તેને અમદાવાદમાં ડાઇવર્ટ કરીને ઇમર્જન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ઘટનાને કારણે ફ્લાઇટમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા, જોકે (જુઓ પાનું ૨) ▶▶

## બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકી ઘૂસ્યા

પટનાઃ બિહારમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ ઘૂસ્યા હોવાના સમાચાર છે. જેને પગલે ગુરુવાર(૨૮ ઑગસ્ટ, ૨૦૨૫)ના રોજ બિહાર પોલીસ મુખ્યાલય દ્વારા હાઇ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. આતંકવાદીઓના ઘૂસ્યાના સમાચાર મળતા જ સુરક્ષાના દ્રષ્ટિકોણથી પોલીસ મુખ્યાલયની સાથે-સાથે વરિષ્ઠ પદાધિકારીઓ પણ એક્શન મોડમાં આવી ગયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર ત્રણેય (જુઓ પાનું ૨) ▶▶

## લશ્કરે ૭૨ ફૂટ ઊંચો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો

શ્રીનગરઃ ભારતીય સેનાએ ૧૯૬૫ના યુદ્ધમાં હાજી પીર પાસ પર કબજો કરવાની યાદમાં ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ૭૨ ફૂટ ઊંચો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લામાં સેનાની ચિતા ચોકી પર તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય સેનાની બહાદુરી અને બલિદાનની યાદમાં હાજી પીર દિવસ પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે આ સમારોહ ૧૯૬૫માં બલિદાન, હિંમત અને રાષ્ટ્રીય ગૌરવના પ્રતીક હાજી પીર પાસ કબજે કરવાની યાદમાં યોજાયો હતો. તેમણે કહ્યું હતું કે ડૅગર ડિવિઝને ફ્લેગ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા સાથે મળીને આ સમારોહનું આયોજન કર્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે ચિનાર કોર્પ્સના કમાન્ડરે બારામુલ્લા શહેરમાં (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુ-કાશ્મીરમાં બે જવાન શહીદ

### સરહદે બે ઘૂસણખોર ઠાર

સુરેસ એસ. ડુગ્ગર

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરમાં બે જુદી જુદી જગ્યાએ ફરજ દરમિયાન બે જવાન શહીદ થયા હતા. ૨૭ ઑગસ્ટે જમ્મુના અખનૂર વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદે ફરજ બજાવતી વખતે બીએસએફનો જવાન રાજીવ નૂનીયા શહીદ થયો હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના કૂપવાડા જિલ્લામાં સૈન્ય કાર્યવાહી દરમિયાન ઈકબાલ અલી નામનો બહાદુર જવાન શહીદ થયો હતો.

સેના આ બંને જવાનની વીરતા અને બલિદાનને સલામ કરે છે. શોકના આ સમયમાં સેના શહીદ જવાનોના પરિવારની સાથે છે અને તેમની તમામ જરૂરિયાત પૂરી પાડવા પ્રતિબદ્ધ (જુઓ પાનું ૨) ▶▶

## વિરારની બિલ્ડિંગ દુર્ઘટનાનો મરણાંક વધીને ૧૭ થયોઃ બિલ્ડરની ધરપકડ

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરારમાં કથિત ગેરકાયદે ઈમારત તૂટી પડવાની દુર્ઘટનાનો મરણાંક વધીને ૧૭ થયો હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન (વીવીએમસી)એ ફરિયાદ નોંધાવ્યા બાદ ઘટનાને મામલે પોલીસે બિલ્ડરની ધરપકડ કરી હતી.

ઈમારતના કાટમાળ હેઠળથી વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એનડીઆરએફ) સહિત અન્ય બચાવ ટુકડીઓ મૃતદેહોને કાટમાળ હેઠળથી બહાર કાઢવાની કામગીરીમાં જોતરાઈ ગઈ હોવાનું પાલઘર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટના વડા વિવેકાનંદ કદમે કહ્યું હતું.

મૃતદેહોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

દુર્ઘટનાગ્રસ્ત ઈમારતમાં પચાસ ફ્લેટ હતા. બુધવારે બપોરે ૧૨:૦૫ વાગે આ ઈમારત તૂટી પડી હતી.

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરારમાં બુધવારે બિલ્ડિંગ ધરાશાયી થઈ, જેમાં મોટી જાનહાનિ થઈ છે. આ ઘટનામાં ૧૭ લોકોનાં મોત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. દુર્ઘટનાના પગલે રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસે ઇમારતના બિલ્ડરની ધરપકડ કરી છે. આ ઘટનાએ ગેરકાયદે બાંધકામોની સલામતી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ૨૭ ઓગસ્ટના રોજ સવારે લગભગ ૧૨:૦૫ વાગ્યે (જુઓ પાનું ૨) ▶▶

વૈષ્ણવ બિઝનેસ નેટવર્ક, મુંબઈ લાવે છે
ધમાકેદાર Business Exhibition
બિઝનેસની દુનિયાને નવી દિશા આપતું અનોખું પ્રદર્શન!
માત્ર શનિવાર ૩૦ ઑગસ્ટે સવારે ૧૦થી સાંજે ૮
વિશ્વકર્મા હૉલ, વિલે પાર્લે વેસ્ટ
અહીં મળશે: ✔ નવા પ્રોડક્ટ્સ અને સર્વિસીસની ઝલક
✔ બિઝનેસ નેટવર્કિંગનો સુવર્ણ અવસર
✔ ખાસ ઑફર્સ અને સ્કીમ્સ
પ્રવેશ ફ્રી
આવો, જુઓ અને જોડાવો કારણકે અહીં બિઝનેસ માત્ર દેખાડવામાં નહીં, વધારવામાં આવે છે!
Parul Shroff- 9320090050, Priyanka- 9920685912
VBN Mumbai / સાથ સહકારથી વિકાસ અપાર

## યુક્રેન પર ૬૨૯ મિસાઈલ અને ડ્રોનથી રશિયાનો ભયાનક હુમલો

### ૧૪નાં મોત, યુરોપિયન યુનિયનની બિલ્ડિંગને નુકસાન

મોસ્કોઃ રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર ભયાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં ૧૪ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૪૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એક રિપોર્ટ અનુસાર, રશિયાના હુમલામાં કિવમાં આવેલી યુરોપિયન યુનિયનની બિલ્ડિંગને પણ નુકસાન થયું છે. યુક્રેનના વિદેશ પ્રધાન આન્દ્રે સિબિહાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે રશિયન હુમલામાં યુક્રેનમાં યુરોપિયન યુનિયન મિશનની એક ઇમારતને પણ નુકસાન થયું છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે 'યુક્રેન પર એક જ રાતમાં ૬૨૯ મિસાઇલો અને ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો. આ જ છે રશિયાની શાંતિની અવધારણા? આતંક અને બર્બરતા.' તેમણે વધુમાં કહ્યું હતું કે બાળકો સહિત એક ડઝનથી વધુ લોકો માર્યા ગયા છે. રહેણાંક વિસ્તારો અને નાગરિક માળખાગત સુવિધાઓને ઇરાદાપૂર્વક નિશાન (જુઓ પાનું ૨) ▶▶

## અરુણ ગવળીને કોર્પોરેટરની હત્યાના કેસમાં જામીન

નવી દિલ્હીઃ ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અને હત્યાને મામલે આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા અરુણ ગવળીના જામીન સુપ્રીમ કોર્ટે ગુરુવારે મંજૂર કર્યા હતા. ટ્રાયલ કોર્ટની શરતોને આધીન ગવળીના જામીન મંજૂર કરવામાં આવ્યા હોવાનું કોર્ટે કહ્યું હતું.

લાંબા સમયથી ગવળી કારાવાસમાં હોવાની બાબતની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે તેનાં જામીન મંજૂર કર્યા હતા.

વર્ષ ૨૦૦૭માં મુંબઈ શિવસેનાના કોર્પોરેટર કમલાકર જામસાન્ડેકરની હત્યાને મામલે ગવળી આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો હતો.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને એન. કોટિશ્વરની બનેલી ખંડપીઠે ગવળી ૧૭ વર્ષથી કારાવાસ ભોગવી રહ્યો હોવાની તેમ જ તેની અપીલ અનિર્ણિત પડી રહી હોવાની બાબતની નોંધ લીધી હતી.

ગવળી ૭૬ વર્ષનો થઈ ગયો છે અને તે છેલ્લાં ૧૭ વર્ષ અને ત્રણ મહિનાથી કારાવાસમાં હોવાની બાબતની અમે નોંધ લીધી છે, એમ ખંડપીઠે કહ્યું હતું.

કોર્ટ આ કેસની અંતિમ સુનાવણી ફેબ્રુઆરી ૨૦૨૬માં કરશે. (એજન્સી) ■




## અમેરિકા એચવનબી પ્રોગ્રામ, ગ્રીન કાર્ડ પ્રોસેસમાં ફેરફાર કરશે

વૉશિંગ્ટનઃ અમેરિકા એચવનબી પ્રોગ્રામ, ગ્રીન કાર્ડ પ્રોસેસમાં ફેરફાર કરશે, એમ અમેરિકાના વાણિજ્ય પ્રધાન હાવર્ડ લ્યૂટનિકે કહ્યું હતું.

નોન ઈમિગ્રન્ટ વિઝા બાદ ભારતીય આઈટી પ્રોફેશનલોમાં એચવનબી વિઝાની સૌથી વધુ માગ રહે છે.

સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં લ્યૂટનિકે કહ્યું હતું કે એચવનબી વિઝાની પ્રોસેસમાં ફેરફાર કરવાની પ્રક્રિયા સાથે હું સંકળાયેલો છું. વર્તમાન પ્રક્રિયા ભયંકર રીતે ખરાબ હોવાને કારણે અમે તેમાં ફેરફાર કરીશું.

ખરેખર તો અમેરિકાના બિઝનેસ માટે નોકરીમાં અમેરિકન કામદારોને પ્રાથમિકતા મળવી જોઈએ તેને બદલે એચવનબી વિઝા ફાળવવાની વર્તમાન પ્રોસેસ વિદેશી કામદારોને અમેરિકામાં નોકરીની તક આપે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હવે નોકરીમાં અમેરિકનોને પ્રાથમિકતા આપવાનો સમય આવી ગયો છે.

અમેરિકામાં પરમેનન્ટ રેસિડન્સી (પીઆર)નો અધિકાર આપતા ગ્રીન કાર્ડની પ્રોસેસમાં પણ ટ્રમ્પ વહીવટીતંત્ર ફેરફાર કરશે, એમ તેમણે કહ્યું હતું.

સરેરાશ અમેરિકન વરસે ૭૫,૦૦૦ ડૉલર કમાય છે અને સરેરાશ ગ્રીન કાર્ડધારક ૬૬,૦૦૦ ડૉલર. અમે આવું શા માટે કરીએ છીએ? આ કારણે જ ટ્રમ્પ એચવનબી પ્રોગ્રામ, (જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાને ભારતને જ્ઞાન આપવાનો કોઈ અધિકાર નથી

**અમેરિકાએ** ભારતને ડરાવવા માટે ભારતની નિકાસ પર ૫૦ ટકા ટૅરિફ લાદી તો દીધો પણ ભારત તેનાથી ડર્યું નથી તેથી ટ્રમ્પ આણિ મંડળી ધૂંઆપૂંઆ હતી જ ત્યાં ભારત અને ચીન આર્થિક સહકાર વધારવા અંદરખાને મસલતો કરી રહ્યાં હોવાની વાત બહાર આવતાં તેમનો ધૂંધવાટ વધ્યો છે. આ ધૂંધવાટમાં ટ્રમ્પ અને તેના સાથીઓ લવરીએ ચડી ગયા છે. તેમણે રશિયા-યુક્રેન યુદ્ધ માટે ભારત પર દોષનો ટોપલો ઢોળીને આક્ષેપ કર્યો છે કે, ભારત દુનિયામાં સૌથી આક્રમક દેશો સાથે હાથ મિલાવીને દુનિયાની શાંતિને જોખમમાં મૂકી રહ્યું છે.

વ્હાઇટ હાઉસના વ્યાપાર સલાહકાર પીટર નાવારોએ જ્ઞાન પીરસ્યું છે કે, રશિયા સાથે ક્રૂડની ખરીદીના મુદ્દે ભારત એકદમ તોછડાઈથી અને અહંકારથી વર્તી રહ્યું છે કેમ કે ભારત એવું કહે છે કે, અમારે જેની પાસેથી ક્રૂડ ખરીદવું હોય તેની પાસેથી ખરીદવા માટે અમે મુક્ત છીએ. નાવારોએ ભારત-ચીનની વધતી નિકટતા સામે વાંધો લઈને લોકશાહીની દુહાઈ આપીને ડહાપણ ડહોળ્યું છે કે, અક્સાઇ ચીન સહિતના ભારતના પ્રદેશો પર આક્રમણ કરનારા ચીન સાથે હાથ મિલાવી રહ્યું છે. નાવારોના કહેવા પ્રમાણે, ભારતની હરકતોના કારણે અમેરિકામાં દરેક વ્યક્તિને ફટકો પડી રહ્યો છે. ગ્રાહકો, ધંધા-વેપાર, કામદારો બધાં જ નુકસાન ભોગવી રહ્યાં છે. ભારતના ઊંચા ટૅરિફથી અમેરિકામાં નોકરીઓ જઈ રહી છે, કારખાનાં બંધ થઈ રહ્યાં છે અને લોકોની આવક પણ બંધ થઈ રહી છે.

નાવારોએ એવું પણ કહ્યું છે કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદીને ભારત રશિયાને આર્થિક રીતે ટકાવી રહ્યું છે તેથી રશિયા-યુક્રેન માટે ખરેખર તો ભારત જવાબદાર છે. નાવારોએ રશિયા-યુક્રેનના યુદ્ધને પુતિનના જંગના બદલે મોદીઝ વોર એટલે કે મોદીનો જંગ ગણાવ્યો છે. ટ્રમ્પ પણ પહેલાં આ જ્ઞાન પિરસી ચૂક્યા છે તેથી આ વાતમાં નવું કશું નથી પણ નાવારોએ જે ભાષા વાપરી છે એ અત્યંત ગંદી અને અપમાનજનક છે. નાવારોએ એકદમ ગંદા શબ્દ વાપરીને કહ્યું છે કે, ભારત ચીનનું 'હમબિસ્તર' બની રહ્યું છે, ચીન સાથે સૂઈ રહ્યું છે.

નાવારોની સાવ હલકી કક્ષાની વાતોથી સાબિત થાય છે કે, ભારતે મચક નથી આપી તેથી અમેરિકાના શાસકો માનસિક સંતુલન ગુમાવી રહ્યા છે અને નીચલી પાયરીએ ઊતરી આવ્યા છે. સાથે સાથે એ પણ સાબિત થાય છે કે, ચીનથી અમેરિકાની એ હદે ફાટે છે કે ચીનને કશું કરવાની વાત તો છોડો પણ તેની સામે બોલવાની પણ તેની હિંમત નથી ચાલતી.

યુક્રેન પર રશિયાના આક્રમણ પછી અમેરિકા સહિતના દેશોએ રશિયા પર આર્થિક પ્રતિબંધો મૂક્યા છે પણ અડધી દુનિયા અમેરિકાના પ્રતિબંધોની ઐસીતૈસી કરીને રશિયા સાથે વેપાર કરે છે. રશિયાનો સૌથી મોટો વેપાર ક્રૂડ ઓઈલનો છે. ભારત અમેરિકાના બદલે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદે છે એ સાચું પણ ભારતના જોરે જ રશિયાનો વ્યાપાર ચાલતો નથી. રશિયા સાથે ચીન, બ્રાઝિલ, સાઉદી અરેબિયા સહિતના દેશો ભારત કરતાં વધારે વ્યાપાર કરે છે. ચીન તો રશિયાનો સૌથી મોટો બિઝનેસ પાર્ટનર છે અને ભારત કરતાં વધારે નાણાં તો ચીનથી રશિયા જાય છે પણ અમેરિકાની તાકાત જ નથી કે ચીનને કશું કહી શકે. ટ્રમ્પે ચીનને દબાવવા માટે ૧૫૦ ટકા ટૅરિફ લાદવાનો ડ્રામા કરેલો પણ સામે જિનપિંગે અમેરિકા માટે જરૂરી રેર મિનરલ્સ સહિતની ચીજો અમેરિકા મોકલવી બંધ કરી દેતાં ટ્રમ્પ કાકાની ફેં ફાટીને હાથમાં આવી ગઈ પછી ચીનનું નામ લેવાનું જ બંધ કરી દીધું છે.

ચીન સામે કશું ના ચાલ્યું એટલે ટ્રમ્પ ભારતને દબાવવા નીકળ્યા છે પણ ભારત પણ ચીનના રસ્તે જઈ રહ્યું છે. ભારતનું વલણ એકદમ યોગ્ય છે કેમ કે ભારતને પોતાનાં હિતો સાચવવાનો પૂરો અધિકાર છે. ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ખરીદે છે કેમ કે ભારતને રશિયન ક્રૂડ સસ્તું પડે છે. અમેરિકામાં ત્રેવડ હોય તો રશિયા કરતાં સસ્તું ક્રૂડ આપીને બતાવે, ભારત અબઘડી રશિયાને બાજુ પર મૂકીને અમેરિકા પાસેથી ક્રૂડ ખરીદવા માંડશે. ટ્રમ્પ કે તેના ટટ્ટુઓ એ વાત કરતા નથી ને બીજો બકવાસ કર્યા કરે છે. અમેરિકા પાસે તોતિંગ ક્રૂડ ભંડારો છે જ. તેનો ઉપયોગ ટ્રમ્પ ભારતને રશિયાથી દૂર કરવા માટે કરી શકે પણ અમેરિકાને દરેક ચીજનો વેપલો કરવામાં જ રસ છે.

આ જ વાત ભારત દ્વારા અમેરિકાના માલ પર લદાતી ટૅરિફને લાગુ પડે છે. ભારતને વિદેશથી કઈ વસ્તુને ભારતમાં આવવા દેવી ને કઈ વસ્તુ ના આવવા દેવી એ નક્કી કરવાનો પૂરો અધિકાર છે ને કઈ ચીજ પર કેટલો કર વસૂલવો એ નક્કી કરવાનો પણ અધિકાર છે. ભારત એ અધિકારનો ઉપયોગ કરીને અમેરિકાનાં કૃષિ કે ડેરી ઉત્પાદનોને ભારતમાં ના ઘૂસવા દે તો એ ભારતનો અધિકાર છે. ભારતનું બજાર કંઈ ટ્રમ્પના બાપનો બગીચો થોડો છે કે નરેન્દ્ર મોદી સરકાર અમેરિકાની કંપનીઓ માટે બધું ખુલ્લું કરી દે?

નાવારોએ ભારતનું ચીનનું હમબિસ્તર ગણાવતાં પહેલાં અમેરિકા કોનું કોનું હમબિસ્તર છે તેની વાત કરવી જોઈએ. આખી દુનિયામાં આતંકવાદ ફેલાવતા પાકિસ્તાન સાથે હમણાં અમેરિકાનું સેકન્ડ હનીમૂન શરૂ થયું છે. ભારત તો પોતાનાં આર્થિક હિતો સાચવવા માટે ચીન તરફ ઢળી રહ્યું છે જ્યારે અમેરિકાની તો કોઈ મજબૂરી જ નથી છતાં અમેરિકા શું કરવા પાકિસ્તાનને થાબડભાણાં કરી રહ્યું છે ? અમેરિકા શું કરવા પાકિસ્તાનનું હમબિસ્તર બની રહ્યું છે ? અમેરિકાએ બાંગ્લાદેશમાં ભારતતરફી શેખ હસીનાને ઉથલાવીને પોતાની કઠપૂતળી જેવા મહુમ્મદ યુનુસને બેસાડી દીધા છે. યુનુસ લોકશાહીવાદી છે ? જરાય નહીં. આર્મીની મદદથી શાસન ચલાવતા યુનુસ બાંગ્લાદેશમાં ચૂંટણી કરાવવાની માગ કરનારાંને કચડી રહ્યા છે ત્યારે અમેરિકાને લોકશાહી યાદ નથી આવતી ? દુનિયાભરમાં સરમુખત્યારોને અમેરિકાની કંપનીઓ શસ્ત્રો વેચે છે ને ધૂમ કમાણી કરે છે. અમેરિકાને એ વખતે લોકશાહી યાદ નથી આવતી ?

અમેરિકા દુનિયાનો સૌથી દંભી અને સ્વાર્થી દેશ છે. અમેરિકાને પોતાનાં હિતો સાચવવા સિવાય કશામાં રસ નથી. અત્યાર સુધી અમેરિકા ભારતમાં ધાર્યું કરાવીને કમાણી કરતું તેથી ચાલ્યા કરતું પણ હવે ભારતે સામે શિંગડાં ભેરવ્યાં એટલે તેને ભારતના અવગુણો દેખાવા માંડ્યા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૨૯-૮-૨૦૨૫, ચંપાષષ્ઠી, બલરામ જયંતી,

- ભારતીય દિનાંક ૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૧-૩૮ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ગ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૫ (તા. ૩૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૭, રાત્રે ક. ૨૧-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ષષ્ઠી. સૂર્યષષ્ઠી, ચંપાષષ્ઠી, બલરામ જયંતી, કાર્તિક સ્વામી દર્શન, મેલાપાટ (કાશ્મીર), સોમનાથ વ્રત (ઓરિસ્સા), મંથન ષષ્ઠી (બંગાળ), સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, વાયુદેવતાનું પૂજન, વિશેષરૂપે, ગુરુ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, પરદેશ ગમનનું પસ્તાનું, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, નવાં વસ્ત્રો, આભૂષણ, વિદ્યારંભ, હજામત, મહેંદી લગાવવી, વાહન, માલ લેવો, દુકાન-વેપાર, રત્નધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, ધાન્ય ભરવું, નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી. નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-રાહુ ત્રિકોણ કરકસરિયા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

## જમ્મુ-કાશ્મીરમાં

છે, એમ તેમણે કહ્યું હતું. દરમિયાન ભારે વરસાદને કારણે સરહદી વિસ્તારમાં રહેતા બંને દેશના લોકો પૂરની પરિસ્થિતિ સામે ઝઝુમી રહ્યા હોવા વચ્ચે પાકિસ્તાને તકનો લાભ લઈ આતંકવાદીઓને ભારતમાં ઘૂસાડવાના કરેલા પ્રયાસને નિષ્ફળ બનાવતાં ભારતીય સેનાએ બે ઘૂસણખોરને ઠાર માર્યા હતા. નાસી છૂટેલા અન્ય ઘૂસણખોરોને શોધી કાઢવાની કવાયત આરંભી દેવામાં આવી છે. ■

## અમેરિકા એચવનબી

ગ્રીન કાર્ડ પ્રોસેસમાં ફેરફાર કરી રહ્યા છે. હવે ગોલ્ડ કાર્ડ આવી રહ્યો છે અને શ્રેષ્ઠ લોકો જ આ દેશમાં આવે તેનું અમે ધ્યાન રાખીશું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પરિવર્તન લાવવાનો આ જ સમય છે. એચવનબી વિઝાના સૌથી મોટા લાભાર્થી ભારતીયો છે.

એચવનબી વિઝા વિશ્વભરમાંથી સૌથી વધુ કાર્યકુશળ અને હોશિયાર લોકોને અમેરિકામાં નોકરી-રોજગારની તક આપે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## યુક્રેન પર

બનાવવામાં આવ્યા છે. યુરોપિયન યુનિયન પ્રતિનિધિમંડળ અને બ્રિટિશ કાઉન્સિલની ઓફિસોને પણ નુકસાન થયું છે. ફ્રાન્સ આ અર્થહીન અને ક્રૂર હુમલાઓની સખત નિંદા કરે છે. યુક્રેનિયન લોકો પ્રત્યે સંપૂર્ણ સમર્થન અને તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. યુક્રેને કહ્યું હતું કે મિસાઇલોની સંખ્યાની દ્રષ્ટિએ રશિયાનો આ અત્યાર સુધીનો બીજો સૌથી મોટો હુમલો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું હતું કે કિવ પર રશિયન હુમલામાં ૧૪ લોકો માર્યા ગયા છે, જેમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે યુરોપિયન યુનિયનની ઇમારત સહિત ઘણી સુવિધાઓને નુકસાન થયું છે. આ રશિયન હુમલાની ફક્ત 'યુરોપિયન યુનિયન તરફથી જ નહીં, પણ વિશ્વભરમાં નિંદા કરવાની જરૂર છે.' યુક્રેનમાં યુરોપિયન યુનિયનના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ પણ આ હુમલાની પુષ્ટિ કરી છે. ■

## સુરત-દુબઈ

પાઇલટની ત્વરિત અને સમયસરની કાર્યવાહીને કારણે મોટી દુર્ઘટના થતાં અટકી હતી. એ બાદ મુસાફરોને એરક્રાફ્ટ બદલ્યા બાદ અમદાવાદથી દુબઈ તરફ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઇન્ડિગોની ફ્લાઇટ (નંબર ૬ઈ-૧૫૦૭) સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દુબઈ જવા માટે ૧૫૦થી વધુ મુસાફરો સાથે ટેક-ઓફ થઈ હતી. પ્લેન જ્યારે મધદરિયે પહોંચ્યું ત્યારે એના એક એન્જિનના પર્ફોર્મન્સમાં અચાનક સમસ્યા સર્જાઈ હતી. પાઇલટને આ ખામીની જાણ થતાં તેમણે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)નો સંપર્ક કર્યો હતો અને પ્લેનને નજીકના એરપોર્ટ પર ડાઇવર્ટ કરવાની મંજૂરી માગી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાઇલટે પ્લેનને સૌથી નજીકના અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતારવાનો નિર્ણય લીધો હતો. પ્લેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાની જાણ થતાં જ મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘણા મુસાફરોએ પોતાનો ડર વ્યક્ત કર્યો હતો, પરંતુ પાઇલટે પરિસ્થિતિને અંકુશમાં લઈને પ્લેનને સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યું હતું. પ્લેનનું અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ થતાં જ મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. અમદાવાદ એરપોર્ટ પર પ્લેનનું લેન્ડિંગ થયા બાદ ઇન્ડિગોનો ટેક્નિકલ સ્ટાફ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. એન્જિનની ખામીને ચોક્કસપણે ઓળખવા માટે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

પ્લેનને સર્વિસમાં પાછું લાવતાં પહેલાં તમામ સુરક્ષા માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. મુસાફરોને દુબઈ પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી એરક્રાફ્ટ બદલ્યા બાદ અમદાવાદથી દુબઈ તરફ પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પાઇલટની કુશળતા અને ત્વરિત નિર્ણય શક્તિના કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી. ■

## સંભલમાં હિન્દુઓની

આ અહેવાલમાં વસતિ વિશે પણ માહિતી આપવામાં આવી છે. સંભલ સમિતિના રિપોર્ટમાં વસ્તી અંગે સનસનાટીભર્યા ખુલાસા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હરિહર મંદિરના ઐતિહાસિક અસ્તિત્વના પુરાવા મળ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રમખાણો અને તુષ્ટિકરણની રાજનીતિએ સંભલની વસ્તી વિષયકતા બદલી નાખી છે.

યોગી આદિત્યનાથને મોકલવામાં આવેલા અહેવાલમાં ૨૪ નવેમ્બરના રોજ થયેલી હિંસાનો ઉલ્લેખ જ નથી, પરંતુ સંભલના ઇતિહાસમાં થયેલા રમખાણોની સંખ્યા અને તે રમખાણો દરમિયાન શું બન્યું તેની પણ વિગતો આપવામાં આવી છે.

રિપોર્ટ મુજબ, સ્વતંત્રતા સમયે, સંભલ મ્યુનિસિપલ વિસ્તારમાં ૫૫% મુસ્લિમો અને ૪૫% હિન્દુઓ રહેતા હતા. હાલમાં, લગભગ ૮૫% મુસ્લિમો અને ૨૦% હિન્દુઓ અહીં રહે છે. સંભલમાં ૧૯૪૭, ૧૯૪૮, ૧૯૫૩, ૧૯૫૮, ૧૯૬૨, ૧૯૭૬, ૧૯૭૮, ૧૯૮૦, ૧૯૯૦, ૧૯૯૨, ૧૯૯૫, ૨૦૦૧, ૨૦૧૯માં રમખાણો થયા હતા. રિપોર્ટ મુજબ, સ્વતંત્રતા પછી સંભલમાં કુલ ૧૫ રમખાણ થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સંભલ ઘણા આતંકવાદી સંગઠનોનું કેન્દ્ર બની ગયું છે. અલ કાયદા અને હરકત-ઉલ-મુજાહિદ્દીન જેવા આતંકવાદી સંગઠનોએ સંભલમાં પોતાના મૂળિયા ફેલાવ્યા છે. ■

## લશ્કરે ૭૨ ફૂટ

ઝેલમ નદી પર ચિતા ચોકી પર તિરંગો ફરકાવ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં લશ્કરી બેન્ડ અને સ્થાનિક શાળાઓનાં બાળકોએ પરફોર્મ કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે બારામુલ્લા રાષ્ટ્રીય રાઇફલ્સના નેજા હેઠળ આયોજિત આ કાર્યક્રમ સશસ્ત્ર દળો અને સ્થાનિક સમુદાય વચ્ચેના કાયમી બંધનનું પ્રદર્શન કરે છે. અધિકારીએ જણાવ્યું હતું કે બારામુલ્લાના મહાનુભાવો, નાગરિક વહીવટીતંત્ર અને સુરક્ષા દળોના પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ■

## બિહારમાં

નેપાળ થઇને બિહારમાં ઘૂસ્યા છે. આ ત્રણેય પાકિસ્તાની છે. હસનૈન અલી રાવલપિંડીનો, આદિલ હુસૈન ઉમરકોટનો અને મો. ઉસ્માન બહાવલપુરનો રહેવાસી હોવાનું જાણવા મળે છે. આ ત્રણેય જૈશ-એ-મોહમ્મદ આતંકી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જણાવાઇ રહ્યું છે.

બિહાર પોલીસ મુખ્યાલય દ્વારા આ ત્રણેય આતંકવાદીઓની તસ્વીરો જારી કરવામાં આવી છે. તેમના પાસપોર્ટ સંબંધિત માહિતી સરહદી જિલ્લાઓના અધિકારીઓ સાથે શેર કરવામાં આવી છે. બિહારમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ મુખ્યાલય સતત આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે. આ દરમિયાન આ મહત્ત્વપૂર્ણ માહિતી સામે આવ્યા બાદ હાઇ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ ત્રણેય આતંકવાદીઓ ઑગસ્ટના બીજા અઠવાડિયામાં કાઠમંડુ પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યાંથી તેઓ ગયા અઠવાડિયે બિહારમાં પ્રવેશ્યા હતા. આ આતંકવાદીઓ દેશના કોઇ પણ ભાગમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપે તેવી શક્યતા વ્યક્ત કરાઇ છે. પોલીસ હેડક્વાર્ટરે તમામ જિલ્લાઓના ગુપ્તચર તંત્રને સક્રિય રહીને માહિતી એકત્રિત કરવા અને શંકાસ્પદ આતંકવાદીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. બિહારમાં એવા સમયે હાઇ એલર્ટ જારી કરવામાં આવ્યું છે જ્યારે રાજ્યમાં એસઆઇઆરનો મુદ્દો ગરમ છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી જેવા વિપક્ષના તમામ મોટા નેતાઓ બિહારની મુલાકાત લઇ રહ્યા છે. ■

## ભારત બનશે

દર યથાવત રહે છે તો ખરીદ શક્તિ સમાનતાના આધારે ભારતનો જીડીપી ૨૦૩૮ સુધીમાં ૩૪.૨ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી શકે છે. ઈવાયએ કહ્યું હતું કે આઇએમએફ રિપોર્ટ અનુસાર, ભારત ૨૦૩૦ સુધીમાં ૨૦.૭ ટ્રિલિયન ડૉલર (પીપીપી) ની અર્થવ્યવસ્થા સુધી પહોંચી શકે છે. તેની તુલનામાં ચીન ૪૨.૨ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે આગળ રહેશે, પરંતુ તેની વૃદ્ધ વસ્તી અને વધતું દેવું મોટા પડકારો છે.

૨૦૨૫માં ભારતની સરેરાશ ઉંમર માત્ર ૨૮.૮ વર્ષ છે., ભારતનો વિશ્વનો બીજો સૌથી ઊંચો બચત દર છે. સરકારી દેવું જીડીપી ગુણોત્તર પણ ૨૦૨૪માં ૮૧.૩ ટકાથી ઘટીને ૨૦૩૦ માં ૭૫.૮ ટકા થવાનો અંદાજ છે. તેનાથી વિપરીત અન્ય મુખ્ય અર્થતંત્રોનું દેવું સતત વધી રહ્યું છે. ભારતની લાંબા ગાળાની તાકાત તેની યુવા વસ્તી છે પરંતુ માળખાકીય સુધારાઓ અને મજબૂત મૂળભૂત સિદ્ધાંતો પર પણ આધારિત છે. જીએસટી, નાદારી અને નાદારી કોડ, યુપીઆઇ અને ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ) યોજનાઓ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં વધારો કરી રહી છે.

ઈવાય ઈન્ડિયાના મુખ્ય નીતિ સલાહકાર ડી.કે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ભારતનું યુવા અને કુશળ કાર્યબળ, ઉચ્ચ બચત અને રોકાણ દર અને તુલનાત્મક રીતે ટકાઉ દેવા પ્રોફાઇલ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ ઝડપી વૃદ્ધિ જાળવી રાખશે. તેમણે વધુમાં કહ્યું હતું કે જો ભારત મહત્ત્વપૂર્ણ તકનીકી ક્ષમતાઓ વિકસાવવા અને સ્થિતિસ્થાપકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તો વિકસિત ભારતનું સ્વપ્ન ૨૦૪૭ સુધીમાં પૂર્ણ થઈ શકે છે. ઈવાય રિપોર્ટ અનુસાર, ભારત જર્મનીને પાછળ છોડી ૨૦૨૮ સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલ ટૅરિફ ભારતના જીડીપીના ૦.૯ ટકા સુધી અસર કરી શકે છે, પરંતુ જો યોગ્ય પગલાં લેવામાં આવે તો વૃદ્ધિ દર પર તેની અસર માત્ર ૦.૧ ટકા પોઈન્ટ સુધી મર્યાદિત રહેશે. આ માટે ભારતે નિકાસમાં વૈવિધ્યકરણ, સ્થાનિક માગને મજબૂત બનાવવા અને નવી વેપાર ભાગીદારી વધારવા જેવા પગલાં લેવા પડશે.

## દેશમાં મુંબઈ

હતા. બીજી તરફ પટના અને જયપુર જેવાં શહેરોનું ખરાબ પ્રદર્શન નબળી સંસ્થાકીય જવાબદારી, પિતૃસત્તાક ધોરણો અને શહેરી માળખાગત સુવિધાઓમાં ખામીઓને કારણે નબળું રહ્યું હતું.

અહેવાલમાં જણાવાયું છે કે કોહિમા, વિશાખાપટ્ટનમ, ભુવનેશ્વર, આઇઝોલ, ગંગટોક, ઇટાનગર અને મુંબઇ રાષ્ટ્રીય સુરક્ષા રેન્કિંગમાં ટોચ પર છે. જે ઉચ્ચ લૈંગિક સમાનતા, માળખાગત સુવિધાઓ, પોલીસ વ્યવસ્થા અથવા નાગરિક ભાગીદારી સાથે જોડાયેલાં છે. જ્યારે રાંચી, શ્રીનગર, કોલકાતા, દિલ્હી, ફરીદાબાદ, પટના અને જયપુરનું પ્રદર્શન સૌથી નીચું રહ્યું છે. જે નબળી માળખાગત સુવિધાઓ, પિતૃસત્તાક ધોરણો અથવા નબળી સંસ્થાકીય જવાબદારી સાથે સંકળાયેલા છે.

સર્વેમાં સામેલ દસમાંથી છ મહિલાઓએ પોતાને તેમના શહેરમાં 'સુરક્ષિત' હોવાનું અનુભવ્યું હતું. પરંતુ ૪૦ ટકા હજુ પણ પોતાને 'એટલા સુરક્ષિત નહીં' અથવા 'અસુરક્ષિત' હોવાનું માને છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે રાત્રે ખાસ કરીને જાહેર પરિવહન અને મનોરંજન સ્થળોએ સલામતીની ધારણામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. શૈક્ષણિક સંસ્થાઓ(૮૬ ટકા સલામત) ખાસ કરીને દિવસના અજવાળામાં સુરક્ષિત છે, પરંતુ રાત્રે અથવા કેમ્પસની બહાર સલામતીની ધારણામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.

અહેવાલ રજૂ કરતાં રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ)ના અધ્યક્ષ વિજ્યા રાહતકરે જણાવ્યું કે સલામતીને ફક્ત કાયદો અને વ્યવસ્થાના મુદ્દા તરીકે જોઇ શકાય નહીં, પરંતુ તે મહિલાઓના જીવનના દરેક પાસાને અસર કરે છે. પછી ભલે તે તેમનું શિક્ષણ, આરોગ્ય, કાર્યની તકો કે અવરજવરની સ્વતંત્રતા હોય. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે મહિલાઓ અસુરક્ષિત અનુભવે છે ત્યારે તે પોતાને મર્યાદિત કરે છે અને મહિલાઓ પોતાને મર્યાદિત રાખે છે તે માત્ર તેમના પોતાના વિકાસ માટે જ નહીં પરંતુ દેશના વિકાસ માટે પણ છે. એનએઆરઆઇ ઇન્ડેક્સની કલ્પના નોર્થકેપ યુનિવર્સિટી અને જિંદાલ ગ્લોબલ લો સ્કૂલ દ્વારા કરવામાં આવી છે અને તેને ગ્રુપ ઓફ ઇન્ટેલેક્ચ્યુઅલ્સ એન્ડ એકેડેમિશિયન્સ(જીઆઇએ) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. ■

## વિરારની બિલ્ડિંગ

વિરારની રામાબાઈ એપાર્ટમેન્ટનો પાછળનો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં બનેલી આ ઇમારત સંપૂર્ણ ગેરકાયદે હતી. આ ઘટનામાં ૧૭ લોકોનાં મોત થયા, એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો જ્યારે બે લોકોનો આબાદ બચાવ થયો હતો. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ બચાવકાર્યમાં જોડાઈ છે, અને પોલીસે વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનની ફરિયાદના આધારે બિલ્ડરની ધરપકડ કરી છે.

ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, બચાવ કાર્ય હજુ ચાલુ છે. અત્યાર સુધીમાં ૧૭નાં મોત થયા છે, અનેક ઘાયલ છે, અને બે લોકો સુરક્ષિત બહાર આવ્યા છે. શરૂઆતમાં સાંકડા વિસ્તારને કારણે મલબો હાથથી હટાવવો પડ્યો, પરંતુ હવે ભારે મશીનોની મદદથી કામ ઝડપથી થઈ રહ્યું છે. કાટમાળ નીચે હજી પણ લોકો દબાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી વિવેકાનંદ કદમે જણાવ્યું કે ઇમારતનો ભાગ જે ચાલી પર પડ્યો તે ખાલી હતી, જેનાથી મોટું નુકસાન ટળ્યું છે. આસપાસની અન્ય ચાલીઓને પણ ખાલી કરાવી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વીવીએમસીના સહાયક કમિશનર ગિલ્સન ગોન્સાલ્વેસે જણાવ્યું કે બચાવ કાર્ય હવે ઝડપથી આગળ વધી રહ્યું છે, અને અધિકારીઓ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

રામાબાઈ એપાર્ટમેન્ટમાં કુલ ૫૦ ફ્લેટ હતા, જેમાંથી ૧૨ ફ્લેટ ધરાશાયી થયેલા ભાગમાં હતા. આ ગેરકાયદે ઇમારતના ધ્વંસથી ઘણા પરિવારો બેઘર બન્યા છે. પ્રભાવિત લોકોને હાલ ચંદનસર સમાજમંદિરમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમને ખોરાક, પાણી, દવાઓ અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ ઘટનાએ ગેરકાયદે બાંધકામોની સમસ્યા અને નગરપાલિકાની દેખરેખ પર પ્રશ્નો ઊભા કર્યા છે. (એજન્સી) ■

## દેશમાં પ્રથમવાર

વિદ્યાર્થીઓ વચ્ચે વધુ વ્યક્તિગત ધ્યાન અને મજબૂત વાતચીતને સરળ બનાવે છે, જેનાથી શીખવાના સારો અનુભવ અને સારા શૈક્ષણિક પરિણામો મળે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં છેલ્લા બે વર્ષો એટલે કે ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની સરખામણીમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરોમાં ડ્રોપઆઉટ દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

પ્રાથમિક ચરણમાં આ દર ગત વર્ષની સરખામણીમાં ૩.૭ ટકાથી ઘટીને ૨.૩ ટકા, માધ્યમિક તબક્કામાં ૫.૨ ટકાથી ઘટીને ૩.૫ ટકા અને ઉચ્ચતર માધ્યમિક તબક્કામાં ૧૦.૯ ટકાથી ઘટીને ૮.૨ ટકા થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે "આ ઘટાડો બાળકોને તેમના શિક્ષણમાં વ્યસ્ત રાખવાના હેતુથી કરવામાં આવતી યોજનાઓની સફળતાને પ્રતિબિંબિત કરે છે. તમામ સ્તરે સતત ઘટાડો સૂચવે છે કે શાળાઓ વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે વધુ સહયોગી અને ઉત્તરદાયી બની રહી છે, જે વ્યવસ્થામાંથી અગાઉ કરતા સ્કૂલ ડ્રોપઆઉટમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં તમામ શૈક્ષણિક સ્તરો - પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં વિદ્યાર્થીઓના રિટેન્શનમાં સકારાત્મક વલણ દર્શાવવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીમાં રિટેન્શન દરમાં નોંધપાત્ર સુધારો થયો છે, જે આધારભૂત સ્તરે ૯૮.૦ ટકાથી વધીને ૯૮.૯ ટકા, પ્રારંભિક સ્તરે ૮૫.૪ ટકાથી વધીને ૯૨.૪ ટકા, માધ્યમિકક સ્તરે ૭૮.૦ ટકાથી વધીને ૮૨.૮ ટકા અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે ૪૫.૬ ટકાથી વધીને ૪૭.૨ ટકા થયો છે.

કેન્દ્રના શિક્ષણ પરના કોમ્પ્રિહેન્સિવ મોડ્યુલર સર્વે (સીએમએસ) માં જાણવા મળ્યું છે કે લગભગ એક તૃતીયાંશ શાળાના વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ મેળવે છે અને શહેરી વિસ્તારોમાં આ વલણ વધુ સામાન્ય છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે સરકારી શાળાઓ સમગ્ર ભારતમાં શિક્ષણ પૂરું પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જ્યાં કુલ નોંધણીના ૫૫.૯ ટકા હિસ્સો સરકારી સ્કૂલોમાં છે. સર્વે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રામીણ ક્ષેત્રોમાં આ સંખ્યા વધુ છે જ્યાં બે તૃતીયાંશ (૬૬.૦ ટકા) વિદ્યાર્થીઓ નોંધાયેલા છે જ્યારે શહેરી વિસ્તારોમાં આ સંખ્યા ૦.૧ ટકા છે. ખાનગી સહાયતા પ્રાપ્ત ના થતી હોય તેવી(માન્યતા પ્રાપ્ત) શાળાઓ દેશભરમાં કુલ નોંધણીના ૩૧.૯ ટકા હિસ્સો ધરાવે છે.

સીએમએસ શિક્ષણ સર્વેક્ષણ જે રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ (એનએસએસ) ના ૮૦મા રાઉન્ડનો ભાગ છે, ખાસ કરીને શાળા શિક્ષણમાં વર્તમાનમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે ઘરગથ્થુ ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કમ્પ્યુટર-સહાયતા પ્રાપ્ત વ્યક્તિગત ઇન્ટરવ્યૂ (સીએપીઆઈ) નો ઉપયોગ કરીને સમગ્ર ભારતમાં ૫૨,૦૮૫ ઘરો અને ૫૭,૭૪૨ વિદ્યાર્થીઓ પાસેથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.

સર્વેમાં જાણવા મળ્યું હતું કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન લગભગ ત્રીજા ભાગના વિદ્યાર્થીઓ (૨૭.૦ ટકા) ખાનગી કોચિંગ લઈ રહ્યા હતા અથવા લઇ ચૂક્યા છે. આ વલણ શહેરી વિસ્તારોમાં (૩૦.૭ ટકા) ગ્રામીણ વિસ્તારો (૨૫.૫ ટકા) કરતાં વધુ સામાન્ય હતું. શહેરી વિસ્તારોમાં પ્રતિ વિદ્યાર્થી ખાનગી કોચિંગ પર સરેરાશ વાર્ષિક ઘરગથ્થુ ખર્ચ ( ૩૯૮૮ રૂપિયા) ગ્રામીણ વિસ્તારોની (૧૭૯૩) સરખામણીમાં વધારે હતો. આ તફાવત શિક્ષણના સ્તર સાથે વધે છે. શહેરી વિસ્તારોમાં ઉચ્ચતર માધ્યમિક સ્તરે ખાનગી કોચિંગ પર સરેરાશ ખર્ચ (૯૯૫૦ રૂપિયા) ગ્રામીણ વિસ્તારો (૪૫૪૮ રૂપિયા) કરતા નોંધપાત્ર રીતે વધારે છે. રાષ્ટ્રીય સ્તરે દરેક શિક્ષણ સ્તર સાથે કોચિંગ ખર્ચ વધે છે. પ્રી-પ્રાઈમરી માટે ૫૨૫ રૂપિયાથી લઈને ઉચ્ચતર માધ્યમિક માટે ૬૩૮૪ રૂપિયા થાય છે.

શાળા શિક્ષણ માટે ખર્ચ કરનારા વિદ્યાર્થીઓમાં ભારતમાં ૯૫ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેમના ભંડોળનો પ્રથમ મુખ્ય સ્ત્રોત ઘરના અન્ય સભ્યો પાસેથી હતો. આ વલણ ગ્રામીણ (૯૫.૩ ટકા) અને શહેરી (૯૪.૪ ટકા) બંને વિસ્તારોમાં સુસંગત છે. ભારતમાં ૧.૨ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે સરકારી શિષ્યવૃત્તિ શાળા શિક્ષણ માટે ભંડોળનો તેમનો પ્રથમ મુખ્ય સ્ત્રોત હતો.

રાષ્ટ્રીય નમૂના સર્વે (એનએસએસ) દ્વારા હાથ ધરવામાં આવેલ છેલ્લો વ્યાપક શિક્ષણ સર્વે ૭૫મો રાઉન્ડ (જુલાઈ ૨૦૧૭-જૂન ૨૦૧૮) હતો. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેના તારણોની સીધી તુલના વર્તમાન સર્વેના તારણો સાથે કરી શકાતી નથી. "એનએસએસ ૭૫મા રાઉન્ડમાં આંગણવાડી કેન્દ્રોને પ્રી-પ્રાઈમરી શિક્ષણ હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા ન હતા અને શાળા શિક્ષણ પરના ખર્ચમાં ખાનગી કોચિંગનો સમાવેશ થતો હતો. જોકે, સીએમએસ-ઈએ આંગણવાડીઓને પ્રી-પ્રાઈમરી કેટેગરીમાં વર્ગીકૃત કરી હતી અને શાળા શિક્ષણ અને ખાનગી કોચિંગ પરના ખર્ચને અલગથી એકત્રિત કરીને રજૂ કર્યા હતા. સીએમએસનો પ્રાથમિક ઉદ્દેશ્ય ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળા શિક્ષણ અને ખાનગી કોચિંગ પરના સરેરાશ ખર્ચના રાષ્ટ્રીય સ્તર પર અંદાજ લગાવવાનો હતો. ■

# ગણેશોત્સવમાં વિરોધીઓ સાથે આવ્યા

## ચૂંટણીઓ પહેલા થઈ રહેલી બેઠકોથી રાજકારણ ગરમાયું

થાણેઃ ગણેશોત્સવ દરમિયાન રાજ્યમાં રાજકીય સમીકરણો નવો વળાંક લઈ રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. ઉદ્ધવ ઠાકરે અને તેમના પરિવારે ગણેશોત્સવના પહેલા દિવસે ભાઈ રાજ ઠાકરેના ઘરે મુલાકાત લીધી. ઘણા વર્ષો પછી, આ બંને પરિવારો એક જ ફ્રેમમાં જોવા મળ્યા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ રાજ ઠાકરેના ઘરે ગણપતિના દર્શન કરવા ગયા હતા. બીજી તરફ દિલ્હીથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમમાં હાજરી આપીને ભાજપના નેતા સુનીલ દેવધરના ઘરે ગણપતિના દર્શન કરીને આવેલા શિંદેની શિવસેનાના સાંસદ ડો. શ્રીકાંત શિંદેએ ઠાકરેના વિશ્વાસુ અને પરિવારના જ એક ભાગ એવા વિધાન પરિષદના ધારાસભ્ય મિલિંદ નાર્વેકરના ઘરે ગણપતિના દર્શન કર્યા હતા.

આ મુલાકાતે માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પરંતુ રાજ્યના રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે. શિવસેના (યુબીટી) જૂથમાં નાર્વેકરને એક મહત્વપૂર્ણ રણનીતિકાર માનવામાં આવે છે, જ્યારે ડો. શ્રીકાંત શિંદે મુખ્યપ્રધાન એકનાથ શિંદેના પુત્ર અને શિંદે જૂથના અગ્રણી નેતા છે. તેઓ શિવસેનાના સંસદીય જૂથના નેતા છે. તેથી આ મુલાકાત પાછળના કારણો અંગે અનેક તર્કવિતર્કો ઉભા થયા છે.

આ બેઠક દરમિયાન શું ચર્ચા થઈ તે એક રહસ્ય છે. જોકે ઠાકરેના નિર્ણયોમાં નાર્વેકરનો મોટો ફાળો છે. તેથી, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કંઈક ચર્ચા થઈ હશે. ડો. શ્રીકાંત શિંદેએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ગણપતિ દર્શન યાત્રા વિશે માહિતી આપી છે. જોકે ઉદ્ધવ ઠાકરે જૂથના કેટલાક નેતાઓએ આ બેઠક પર ટિપ્પણી કરવાનું ટાળ્યું છે, પરંતુ રાજકીય વિશ્લેષકોના મતે આગામી ચૂંટણીઓની પૂર્વસંધ્યાએ થઈ રહેલી આ બેઠકનો ચોક્કસ કોઈ અર્થ હોઈ શકે છે. ■

# ૫૦૦ વિદ્યાર્થીઓએ માનવ સાંકળ દ્વારા ગણેશની પ્રતિમા બનાવી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવથી ઉજવવામાં આવે છે. સાતારા જિલ્લાના કરાડ તાલુકામાં આવેલા મલકાપુરમાં એક અનોખી વિશાળકાય પ્રતિમા જોવા મળી. ગણેશોત્સવ નિમિત્તે અહીં અનોખા અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મલાઈ દેવી શિક્ષા સંસ્થાનની આનંદરાવ ચૌહાણ શાળાના લગભગ ૫૦૦ વિદ્યાર્થીઓએ શાળાના પરિસરમાં માનવ સાંકળ બનાવી અને ભગવાન ગણેશની ભવ્ય પ્રતિમા બનાવી. આ પહેલ શાળાના પ્રમુખ અશોક રાવ થોરાટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સવારથી જ વિદ્યાર્થીઓ શાળાના મેદાનમાં એકઠા થયા અને શિક્ષકોની મદદથી કરવામાં આવેલા સંયુક્ત આયોજનથી થોડા કલાકોમાં જ ભગવાન ગણેશની આકર્ષક પ્રતિમા તૈયાર થઇ ગઈ. આ દ્રશ્ય જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો પણ હાજર રહ્યા હતા. ■



# મુંબઈ હાઈ કોર્ટને વધુ ૧૪ જજ મળશે

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટને વધુ ૧૪ જજ મળશે, જેમની નિમણૂક વકીલોમાંથી કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં સુપ્રીમ કોર્ટની બેન્ચ દ્વારા ન્યાયાધીશ તરીકે તેમની નિમણૂક માટે મોકલવામાં આવેલા પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

ન્યાયાધીશો તરીકે નિયુક્ત થયેલા ન્યાયાધીશોમાં સિદ્ધેશ્વર થોમ્બ્રે, મેહરોઝ ખાન પઠાણ, રણજીતસિંહ ભોંસલે, સંદેશ પાટિલ, શ્રીરામ શિરસાટ, હિતેન વેનેગાંવકર, રજનીશ વ્યાસ, રાજ વાકોડે, નંદેશ દેશપાંડે, અમિત જામસાંડેકર, આશિષ ચવ્હાણ, વૈશાલી પાટિલ જાધવ, આબાસાહેબ શિંદે અને ફરહાન દુભાષનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, હિતેન વેનેગાંવકર, આશિષ ચવ્હાણ, સંદેશ પાટિલ અને શ્રીરામ શિરસાટ હાઇ કોર્ટમાં દાખલ થયેલા ઘણા કેસોમાં ઇડી અને સીબીઆઇ જેવી કેન્દ્રીય એજન્સીઓનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. વેનેગાંવકર હાઇ કોર્ટમાં મુખ્ય સરકારી વકીલનું પદ પણ સંભાળી રહ્યા હતા. જ્યારે વાકોડે મુખ્ય ન્યાયાધીશના સંબંધી હોવાનું બહાર આવ્યું હતું.

દરમિયાન, ચીફ જસ્ટિસ ભૂષણ ગવઈની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે ગયા અઠવાડિયે આ સંદર્ભમાં બેઠક યોજી હતી. તેમાં, બેન્ચે આ ૧૪ ન્યાયાધીશોના નામની ભલામણ કરતા પ્રસ્તાવને મંજૂરી આપી હતી અને ભલામણનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલ્યો હતો. કેન્દ્ર સરકારે મંગળવારે મોડી રાત્રે આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. ■



# પેસિવ ઇન્વેસ્ટિંગઃ નાણાકીય સ્થિતિસ્થાપકતા પાછળની અજાણી તાકાત

**-વિકાસ વેડેકર, હેડ-પેસિવ બિઝનેસ, એક્સિસ એએમસી**

બજારો રસ્સીખેંચ જેવી અનુભૂતિ કરાવી શકે છે. એક દિવસ તમને વૈશ્વિક સ્તરની સમસ્યાઓ અને બદલાતા પાવર ડાયનેમિક્સની ચિંતા થાય છે જે કોર્પોરેટ પર અસર કરી શકે છે. બીજી તરફ તમને વૃદ્ધિ અને કોર્પોરેટ આવકો અંગે આશાવાદી આગાહીઓ સાંભળવા મળે છે. આવા સમયમાં સ્પષ્ટ, લાંબા ગાળાની યોજના દરેક નવા સંકેતનો પીછો કરવા કરતાં ઘણી આગળ વધે છે. એટલા માટે વધુ રોકાણકારો, ખાસ કરીને રિટેલ રોકાણકારો, પેસિવ સ્ટ્રેટેજીસ તરફ વળ્યા છે.

★ **પેસિવ ઇન્વેસ્ટિંગના મુખ્ય લાભો**

★ **એ. ખર્ચ કાર્યક્ષમતાઃ** પેસિવ ઇન્વેસ્ટિંગનો સૌથી મજબૂત ફાયદો એ તેની ઓછી કિંમત છે. પેસિવ ફંડ્સમાં સામાન્ય રીતે ઓછો એક્સપેન્સ રેશિયો હોય છે કારણ કે તેમાં વારંવાર ટ્રેડિંગ અથવા એક્ટિવ મેનેજમેન્ટનો સમાવેશ થતો નથી. શરૂઆતમાં ખર્ચ તફાવત નાનો દેખાઈ શકે છે, પરંતુ સમય જતાં તે નોંધપાત્ર રીતે વધે છે. નાની ફી બચત પણ ચક્રવૃદ્ધિ દ્વારા લાંબા ગાળાના વળતરમાં વધારો કરી શકે છે.

★ **બી. વૈવિધ્યકરણઃ** વૈવિધ્યસભર પોર્ટફોલિયો બનાવવો પડકારજનક હોઈ શકે છે, ખાસ કરીને નવાસવા શરૂઆત કરનારાઓ માટે. પેસિવ ફંડ્સ એક જ રોકાણ દ્વારા વ્યાપક રોકાણ ઓફર કરીને આને સરળ બનાવે છે. ઇન્ડેક્સ ફંડ અથવા ઇટીએફમાં વિવિધ ક્ષેત્રો અથવા ભૌગોલિક ક્ષેત્રોની કંપનીઓની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે, જે જોખમ ફેલાવવામાં અને એકાગ્રતા ઘટાડવામાં મદદ કરે છે. આ તેમને સમય-મર્યાદાવાળા અથવા પ્રથમ વખત રોકાણકારો માટે આદર્શ બનાવે છે જેઓ વ્યક્તિગત સિક્યોરિટીઝ પસંદ કર્યા વિના બિલ્ટ-ઇન ડાયવર્સિફિકેશન શોધી રહ્યા છે.

★ **સી. પારદર્શક અને નિયમો-આધારિત વ્યૂહરચનાઃ** પેસિવ ફંડ્સ બેન્ચમાર્ક સૂચકાંકોને અનુસરીને પદ્ધતિસરનો અભિગમ અપનાવે છે. તેઓ ભાવનાત્મક નિર્ણય લેવા, બજારની આગાહીઓ અથવા ટૂંકા ગાળાના વ્યૂહાત્મક ફેરફારોથી મુક્ત હોય છે. આ પારદર્શકતા એવા રોકાણકારોને આકર્ષે છે જેઓ શિસ્તને મહત્ત્વ આપે છે અને લાંબા ગાળાના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કરે છે. તે રોકાણકારોને બજાર ચક્રમાં રોકાણ કરવામાં પણ મદદ કરે છે અને ઘણીવાર વળતરને નબળું પાડે તેવા પ્રતિક્રિયાત્મક નિર્ણયો ટાળે છે.

**નિષ્કર્ષઃ** તમને તમારા લાંબા ગાળાના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં, ચક્રવૃદ્ધિની શક્તિનો ઉપયોગ કરવામાં અને બજારને સતત સમજવાનો પ્રયાસ કરવાના તણાવને ટાળવામાં મદદ કરે છે. પેસિવ ફંડ્સ તમને જરૂરી સ્થિરતા અને સુસંગતતા આપી શકે છે. રોકાણકારો તેમના કેન્દ્રમાં નિફ્ટી ૧૦૦ કે નિફ્ટી ૫૦૦ ઇન્ડેક્સ ફંડ તરીકે સરળ પેસિવ ફંડ સાથે શરૂઆત કરવાનું વિચારી શકે છે, રોકાણ ચાલુ રાખી શકે છે અને તેમના રોકાણોને વધવાનો સમય આપી શકે છે. નાણાકીય સ્થિતિસ્થાપકતા ઊંચાઇઓ સર કરવા વિશે નથી. તે બધી જ મોસમમાં ટકી રહેવા વિશે છે.

**સ્રોતઃ** એએમએફઆઈ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ રિસર્ચ

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ગણેશોત્સવ પછી કોંકણથી મુંબઈ માટે ખાસ ટ્રેન દોડાવાશે

મુંબઈઃ ગણેશ વિસર્જન પછી કોંકણથી મુંબઈ પરત આવતા મુસાફરોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને ખાસ ટ્રેનો ચલાવવામાં આવશે. ઉપરાંત ચિપલુણ-પનવેલ મેમુ અનરિઝર્વ્ડ ટ્રેન મુસાફરોને પણ રાહત અપાશે.

ભારતીય રેલવે ગણેશોત્સવ નિમિત્તે ૩૮૦ વિશેષ ટ્રેનો ચલાવી રહી છે. મધ્ય રેલવેએ કોંકણ વિભાગ અને મહારાષ્ટ્રના બાકીના ભાગોમાંથી કુલ ૩૧૦ ગણપતિ સ્પેશિયલ ટ્રેનો શરૂ કરી છે.

ટ્રેન નં. ૦૧૧૬૦ ચિપલુણ - પનવેલ મેમુ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૦૫ વાગ્યે ચિપલુણથી ઉપડશે અને એ જ દિવસે સાંજે ૪.૧૦ વાગ્યે પનવેલ પહોંચશે. ટ્રેન નં. ૦૧૧૫૯ પનવેલ - ચિપલુણ મેમુ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪.૪૦ વાગ્યે પનવેલથી ઉપડશે.

આ ટ્રેન એ જ દિવસે રાત્રે ૯.૫૫ વાગ્યે ચિપલુણ પહોંચશે. આ ટ્રેન અંજની, ખેડ, કલંબની બુદ્રુક, દિવાનખાવટી, વિન્હેરે, કરંજડી, સાપે વામાને, વીર, ગોરેગાંવ રોડ, માનગાંવ, ઈન્દાપુર, કોલાડ, રોહા, નાગોથાણે, કાસુ, પેન, જીતે, આપ્ટા અને સોમાટેન રેલવે સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં ૮ મેમુ કોચ હશે.

ટ્રેન નં. ૦૧૧૩૧ અઠવાડિયામાં બે વાર દર ગુરુવાર અને રવિવારે એટલે કે ૩૧ ઓગસ્ટ, ૪ સપ્ટેમ્બર અને ૭ સપ્ટેમ્બરના રોજ લોકમાન્ય તિલક ટર્મિનસથી સવારે ૮.૪૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે ૧૦.૨૦ વાગ્યે સાવંતવાડી રોડ પહોંચશે.

જયારે, ટ્રેન નં. ૦૧૧૩૨ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૧ ઓગસ્ટ, ૪ સપ્ટેમ્બર અને ૭ સપ્ટેમ્બરના રોજ દર ગુરુવાર અને રવિવારે સાવંતવાડી રોડથી રાત્રે ૧૧.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧૨.૩૦ વાગ્યે લોકમાન્ય તિલક ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન થાણે, પનવેલ, પેન, રોહા, માનગાંવ, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલ્લી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગિરિ, અડવલી, વિલાવડે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુડાલ અને ઝારપ સ્ટેશન પર થોભશે. આ ટ્રેનમાં ૨ એર-કન્ડિશન્ડ થર્ડ ક્લાસ કોચ, ૧૨ સ્લીપર કોચ, ૬ જનરલ સેકન્ડ ક્લાસ કોચ અને ૨ ગાર્ડ બ્રેક વાન હશે જેમાં સેકન્ડ સીટિંગ વ્યવસ્થા હશે. ■

ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન મરણ



**ડૉ. વિનોદભાઈ વૃજલાલ શેઠ**

જન્મઃ ૦૫-૦૭-૧૯૩૭ • સ્વર્ગવાસઃ ૨૩-૦૮-૨૦૨૫

**પ્રાર્થના સભાઃ**
શુક્રવાર ૨૯-૦૮-૨૦૨૫ સાંજે ૪ થી ૬
જલારામ હોલ, જે.વી.પી.ડી.
એન. એસ. રોડ નંઃ ૬, વિલે પાર્લે (વે), મુંબઈ-૪૦૦૦૫૬
VALET PARKING AVAILABLE

આપને યાદ કરતા, આપના ઋણી
ધર્મપત્નીઃ કોકિલાબેન વિનોદચંદ્ર શેઠ
પુત્ર-પુત્રવધુઃ
ડૉ. જયેશ - ડૉ. કેતકી
ડૉ. દિપેશ - ડૉ. હિના
પૌત્રી-પૌત્રી જમાઈઃ
ડૉ. પલક - રોહન દેસાઈ
પૌત્ર-પૌત્રવધુઃ
ડૉ. મનન - ડૉ. અંકિતા
ડૉ. ઉમંગ - ડૉ. અદિતી
હર્ષ - હીર
સમસ્ત વૃજલાલ ત્રીકમલાલ શેઠ પરીવાર
સમસ્ત ડૉ. ધીરજલાલ કેશવલાલ શાહ પરીવાર

# કાંદિવલી શતાબ્દી હૉસ્પિટલમાં દિવ્યાંગોને સર્ટિફિકેટ આપતું કેન્દ્ર કાર્યરત

મુંબઈઃ પશ્ચિમ ઉપનગર કાંદિવલી ખાતે મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત ભારત રત્ન બાબાસાહેબ આંબેડકર જનરલ હોસ્પિટલ (શતાબ્દી)માં દિવ્યાંગો માટે તપાસ, મૂલ્યાંકન અને સર્ટીફીકેટ વિતરણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રમાં ફ્રેક્ચરના કારણે હાડકાની તકલીફ થઈ હોય તેમજ કાન, આંખ અને રક્તપિત્ત એ ચાર સમસ્યા ધરાવતા લોકોને દિવ્યાંગ સર્ટિફિકેટ આપવામાં આવશે. આ પહેલને કારણે જોગેશ્વરીથી દહિસર અને વસઈ, વિરારના લોકોને રાહત મળશે.

હાલ દહિસરથી જોગેશ્વરી અને મીરા રોડ, વસઈ સુધીના વિસ્તારના દિવ્યાંગોએ વિકલાંગતાનું પ્રમાણપત્ર લેવા માટે કૂપર કે જે.જે. હોસ્પિટલમાં જવું પડે છે. પરિણામે આ નાગરિકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાએ કાંદિવલીની શતાબ્દી હોસ્પિટલમાં દિવ્યાંગ લોકો માટે પ્રમાણપત્ર કેન્દ્ર શરૂ કર્યું છે. ગયા અઠવાડિયે આ સેન્ટર ખોલવામાં આવ્યું હતું અને આ સેન્ટરમાં નિયુક્ત સ્ટાફનું ફરી પ્રશિક્ષણ ચાલુ હોવાથી સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા સપ્ટેમ્બરમાં શરૂ થશે. સર્ટિફિકેટ મેળવવા માગતા લોકોને 'યુનિક ડિસેબિલિટી આઈડી' આપવા સરકારની વેબસાઈટ દ્વારા રજિસ્ટ્રેશન કરાવવું પડશે. દર બુધવારે નોંધાયેલા નાગરિકોને પરીક્ષણ માટે હોસ્પિટલમાં બોલાવવામાં આવશે. ચકાસણી કર્યા પછી યોગ્યતા અનુસાર સર્ટિફિકેટ જારી કરવામાં આવશે. ■

# મહારાષ્ટ્રના રેલવે સ્ટેશનો પર દૈનિક સરેરાશ ૫૪ થી વધુ ગુનાઓ નોંધાય છે

નાગપુરઃ રેલવે સ્ટેશનોની આસપાસ ગુનાઓ અટકાવવા એ રેલવે વહીવટીતંત્ર પોલીસના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. હાલમાં ઉપલબ્ધ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના ત્રણ વર્ષના આંકડાઓની સરખામણી અને સરેરાશ આંકડા મુજબ, રેલ્વે સ્ટેશનો પર ૬૭,૦૦૦થી વધુ ગુના નોંધાયા હતા. આમાંથી લગભગ ત્રીજા ભાગના એટલે કે, ૧૯,૮૬૦ ગુનાઓ, એકલા મહારાષ્ટ્રમાં નોંધાયા હતા. જો આપણે રેલ્વે સ્ટેશનો પર નોંધાયેલા કુલ ગુનાઓનો સરેરાશ અંદાજ કાઢીએ તો જાણવા મળ્યું કે મહારાષ્ટ્રમાં દરરોજ ૫૪ થી વધુ ગુનાહિત ઘટનાઓ બને છે. મહારાષ્ટ્રમાં રેલવે સ્ટેશનો પર થતા ગુનાઓનું પ્રમાણ ૧૫.૮ ટકા છે જયારે દિલ્હીમાં ગુના દર ૧૫.૪ ટકા છે. દેશમાં, ૨૦૨૦ માં રેલવે સ્ટેશનો અને તેમની આસપાસના વિસ્તારોમાં ૨૯,૭૪૬ ગુના નોંધાયા હતા. આ પછી ૨૦૨૧ માં ૪૧,૮૧૬ ગુના નોંધાયા હતા. સરેરાશ, આ ટકાવારી ૪૦ ટકા વધી. ત્યાર બાદ, ૨૦૨૨ માં રેલવે પોલીસે ૬૭,૨૦૪ ગુના નોંધ્યા. આમાં પણ ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો. મહારાષ્ટ્ર પછી, ગુજરાત અને મધ્યપ્રદેશમાં પણ રેલવે સ્ટેશનો પર ૫,૦૦૦ થી વધુ ગુના નોંધાયા. અન્ય રાજ્યોની તુલનામાં હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને ત્રિપુરા જેવા પૂર્વીય રાજ્યોમાં રેલવે નેટવર્ક ખૂબ જ ઓછું છે. તેથી, રેલવે સ્ટેશનોની સંખ્યા ઓછી હોવા છતાં, આ રાજ્યોમાં ગુનાના રેકોર્ડની સંખ્યા સ્થિર છે.

રેલવે સ્ટેશનો પર વધતો ગુનાખોરી દર માત્ર મુસાફરો માટે જ નહીં પરંતુ આર્થિક અને સામાજિક દૃષ્ટિકોણથી પણ ચેતવણીનો સંકેત છે. દક્ષિણ મધ્ય પૂર્વીય રેલવે નેટવર્ક નાગપુરમાં મધ્ય રેલ્વે વિસ્તાર કરતા ઓછું છે. ■

ગામ કચ્છ ભુજના, હાલે ઘાટકોપર, મુંબઈ નિવાસી



**શ્રીમતી કૃષ્ણાબેન સુનિલભાઈ શાહ**

ઉંમર વર્ષ ૬૯,
શુક્રવાર તા.૨૨.૮.૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે.
• તે શ્રી. સુનિલભાઈના ધર્મપત્ની,
• માતુશ્રી જયાબેન અને જેઠાલાલ પોપટલાલ શાહ (ભુજ) ના પુત્રવધુ,
• માતુશ્રી ધનલક્ષ્મીબેન અને છગનલાલ દેવચંદ શાહ (માંડવી) ના સુપુત્રી.
• પુત્ર : નીરવ તથા કેવલ • પુત્રવધૂ: વૈશાલી તથા નેહા
• પૌત્રી: વૃત્તિકા • પૌત્ર: જશ અને માનવ
• નણંદ : શ્રીમતી કલ્પનાબેન સંદીપભાઇ બુટાલા
• દેરાણી : શ્રીમતી ચેતનાબેન મયુરભાઈ શાહ
• ભાઈ: સ્વ. ટોડરમલ, મહાબલ • બહેન : સરોજબેન અને ચારુબેન

**સદગતની આત્મશ્રેયાર્થે પ્રાર્થના સભા**
શુક્રવાર, તા. ૨૯/૦૮/૨૦૨૫ સમય : સાંજે ૫ થી ૭
સ્થળ : ભાનુશાળી વાડી, ૧લે માળે, તિલક રોડ, ઘાટકોપર ઇસ્ટ.
વેલેટ પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ છે.

# પત્નીને જીવતી સળગાવી તેણે આત્મહત્યા કર્યાનું જુઠ્ઠાણું ચલાવનારા પતિની ધરપકડ

થાણેઃ નવી મુંબઈમાં અફેરની શંકા પરથી પત્નીને કથિત રીતે જીવતી સળગાવ્યા બાદ તેણે આત્મહત્યા કર્યાનું જુઠ્ઠાણું પતિએ ચલાવ્યું હતું, પરંતુ ઘટનાની સાક્ષી એવી દંપતીની સાત વર્ષની માસૂમ દીકરીએ પિતાનું કરતૂત ઉઘાડું પાડ્યું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધી ઘાતકી કૃત્ય કરનારા પતિની ધરપકડ કરી હતી.

ઉરણ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર હનીફ મુલાનીએ જણાવ્યું હતું કે ઘટના પચીસ ઑગસ્ટની વહેલી સવારે ઉરણના પાગોટેગાંવમાં દંપતીના ઘરે બની હતી. આરોપી રાજકુમાર રામશિરોમણિ શાહુ (૩૫)ને પત્ની જગરાની શાહુના અનૈતિક સંબંધ હોવાની શંકા હતી.

શંકાને પગલે પતિએ પત્નીનો કાંટો કાઢવાનું નક્કી કર્યું. પત્નીના હાથ-પગ બાંધ્યા પછી પતિએ તેના શરીર પર કેરોસીન રેડ્યું હતું. બાદમાં લાઈટરની મદદથી આગ ચાંપી હતી. પછી ગંભીર રીતે દાઝેલી પત્નીને પતિ જ હૉસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપીએ દાવો કર્યો હતો કે પત્નીએ રૂમનો દરવાજો અંદરથી લૉક કરીને આત્મહત્યા કરી હતી. પરિણામે આ મામલે અકસ્માત મૃત્યુની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસને આરોપીના નિવેદનમાં કેટલીક વિસંગતિઓ જણાઈ હતી. પોસ્ટમોર્ટમના અહેવાલ સહિત તપાસમાં અમુક શંકાસ્પદ બાબતો સામે આવી હતી. એ સિવાય દંપતીની સાત વર્ષની પુત્રીના નિવેદન પરથી અલગ જ ચિત્ર ઊપસી આવ્યું હતું, એમ મુલાનીએ જણાવ્યું હતું.

પોલીસે ઘટનાસ્થળ નજીકના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજ પરથી એ સ્પષ્ટ થયું હતું કે આરોપી ઘટના બાદ વહેલી સવારે ઘરની બહાર નીકળ્યો હતો. જોકે આરોપીએ ઘટના સમયે પોતે ઘરમાં હાજર ન હોવાનો દાવો કર્યો હતો. કૅમેરાનાં ફૂટેજે આરોપીના દાવાને ખોટો ઠેરવ્યો હતો.

મેડિકલ અને ફોરેન્સિક પુરાવા તેમ જ બાળકીના નિવેદન બાદ ઉરણ પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# લોનના વિવાદમાં મિત્ર પર હુમલો કરી કિડની કાઢી લેવાની આપી ધમકીઃ યુવક વિરુદ્ધ ગુનો

થાણેઃ લોન ચૂકવવામાં નિષ્ફળ જનારા મિત્ર પર હુમલો કર્યા બાદ તેની કિડની કાઢી લેવાની ધમકી આપવા બદલ પનવેલના યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ૯ ઑગસ્ટે આ ઘટના બની હતી, પણ નવી મુંબઈના પનવેલમાં આકુર્લી ખાતેના રિક્ષા ડ્રાઇવરે ૨૬ ઑગસ્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેનેને આધારે પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

રિક્ષા ડ્રાઇવર અને આરોપી પનવેલમાં રહેતા હોઇ તેઓ એક દાયકાથી વધુ સમયથી મિત્રો હતા. ૨૦૧૮માં રિક્ષા ડ્રાઇવરે રિક્ષા ખરીદવા માટે ખાનગી બૅંકમાંથી લોન લીધી હતી અને તેનો મિત્ર ગેરેન્ટર રહ્યો હતો.

ફરિયાદ અનુસાર રિક્ષા ડ્રાઇવર લોનના હપ્તા ચૂકવવામાં નિષ્ફળ ગયો હતો, જેને કારણે બૅંક દ્વારા તેની રિક્ષા જપ્ત કરવામાં આવી હતી અને ગેરેન્ટરનું ખાતું પણ ફ્રીઝ કરી દેવાયું હતું, એમ પનવેલ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

૯ ઑગસ્ટે બંને જણ બૅંકમાં ગયા હતા, જ્યાં તેમને ૩૬ હજાર રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. બૅંકમાંથી બહાર આવ્યા બાદ આ મામલે વાતચીત કરવાને બહાને આરોપી મોટરસાઇકલ પર રિક્ષાચાલકને પોતાના પનવેલના વાગેગાંવ ખાતેના ઘરે લઇ ગયો હતો, જ્યાં રિક્ષાચાલકને ખુરશી પર બેસાડ્યા બાદ તેના હાથ-પગ બાંધી દીધા હતા અને તેના મોઢામાં રૂમાલનો ડૂચો માર્યા બાદ તેની મારપીટ કરી હતી. (પીટીઆઇ)■

ઝાલાવાડી દશાશ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન



**લીલાવંતીબેન પદમસીભાઈ સૌભાગ્યચંદ શાહ**

લિંબડી નિવાસી હાલ ઘાટકોપર (ઉ. વ. ૯૪)
અરિહંતશરણઃ ગુરુવાર, તા. ૨૮.૦૮.૨૦૨૫

તે સ્વ. પદમસીભાઈ સૌભાગ્યચંદ શાહના ધર્મપત્ની.
સ્વ. હીરાચંદભાઈ, શારદાબેન, સ્વ. મંજુબેન અને સ્વ. ઇન્દુબેનના ભાભી
તે સ્વ. જગજીવનદાસ પ્રેમચંદ અજમેરા ના દિકરી
સ્વ. અનોપચંદભાઈ, સ્વ. હિંમતલાલભાઈ તથા અનસુયાબેન વિનોદચંદ્ર કોઠારીના બેન
તે રાજેન્દ્રભાઈ (રાજુભાઈ), મીનાક્ષીબેન, માલતીબેન અને હર્ષાબેનના માતુશ્રી
દિપીબેન, સ્વ. ભરતભાઈ, પંકજભાઈ અને સ્વ. રાજેન્દ્રભાઈના સાસુ
ડૉ. લજ્ઞા પરાગ શાહ, વૈદેહી દિવ્યમ સંઘવી અને રાજવીના દાદી
પારસ-મોના, નિમેષ-નેહલ, દીપ-નિશા, ચિંતન, વિધી-જેતુન અને શૈલી-પૂજનના નાની
ગૌરવી, હર્ષિત, દેવાંશી, તિષા, જીયાન, મીરા, પારવી, હિયાન, હીત, હીવા, જશવીના પરદાદી

તેમની ભાવયાત્રા તા. ૩૦.૦૮.૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ કલાકે, ભાનુશાલી વાડી, ૫મે માળે, તિલક રોડ, ઘાટકોપર (ઇ), મુંબઈમાં રાખેલ છે.
વેલે પાર્કિંગ રાખેલ છે.

કચ્છી ભાટિયા
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



અત્યંત દુ:ખપૂર્વક જણાવવાનુ છે કે અમારા વ્હાલા માતુશ્રી

**રાધાબાઇ રામજી (ગોરખભાઇ) જવેરી**

સ્વ. પ્રાગજી માવજી ના પુત્રવધૂ,
સ્વ. મમ્માબાઇ પ્રાગજીના પુત્રી, ગીતા હંસરાજ, આશા જયરાજ, હિના જયદેવ
હિતેશ (ગોપાલ) ના માતુશ્રી સૌ. હર્ષા ના સાસુ, અમી સંકેત, મિતાલી પાર્થ ના દાદી (ઉમર ૯૩)
૨૭ ઓગસ્ટ ૨૦૨૫ ના શ્રીજીના ચરણ પામ્યા છે.

**પ્રાર્થના સભા**
એફપીએચ બૅંક્વેટ હોલ, ૫મો માળ, એફપીએચ બિલ્ડિંગ, લાલા લાજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઇ-૪૦૦૦૩૪
**તારીખ : શનિવાર, ૩૦ ઓગસ્ટ ૨૦૨૫**
**સમય : ૫:૩૦ થી ૭:૦૦ કલાકે**
લૌકીક વ્યવહાર બંધ છે.
શ્રી નાસિક પંચવટી પાંજરાપોળ પરિવાર

### રત્નાગિરી-સિંધુદૂર્ગ પહોંચવા માટે લાગશે ફક્ત ૩-૫ કલાક

# મુંબઈથી કોંકણ પહેલી સપ્ટેમ્બરથી રો-રો ફેરી શરૂ થશે

મુંબઈઃ મુંબઈના ભાઉચા ધક્કા (ફેરી વાર્ફ)થી રત્નાગિરિ અને સિંધુદુર્ગ માટે રો-રો (રોલ-ઓન/રોલ-ઓફ) ફેરી સેવા શરૂ થવા જઈ રહી છે. હવામાન અનુકૂળતા જોઈને આ સેવા પહેલી સપ્ટેમ્બરથી શરૂ થશે. ખાસ વાત એ છે કે આ ફેરી ૨૫ નૉટની ઝડપે દોડશે, જે દક્ષિણ એશિયાની સૌથી ઝડપી ફેરી સેવા હશે. અત્યારે મુંબઈથી રત્નાગિરી અથવા સિંધુદુર્ગ પહોંચવામાં ૧૦ થી ૧૨ કલાક લાગે છે. પરંતુ આ ફેરી શરૂ થયા પછી આ મુસાફરી ફક્ત ૩ થી ૫.૫ કલાકમાં પૂર્ણ થશે. રત્નાગિરીના જયગઢ સુધી ૩ થી ૩.૫ કલાકમાં પહોંચી શકાશે જયારે સિંધુદુર્ગના વિજયદુર્ગ સુધી ૫ થી ૫.૫ કલાકમાં પહોંચી શકાશે. એન-ટૂ-એમ પ્રિન્સેસ નામની આ ફેરીમાં એક સમયે ૬૫૬ મુસાફરો મુસાફરી કરી શકશે. આ ઉપરાંત તેમાં ૫૦ ફોર-વ્હીલર અને ૩૦ ટુ-વ્હીલર પણ સમાવી શકાશે. તેમાં સાયકલથી લઈને મોટી બસો લઈ જવાની પણ સુવિધા હશે. ઈકોનોમી ક્લાસનું ભાડું ૨,૫૦૦ રૂપિયા, પ્રીમિયમ ઈકોનોમી માટે ૪,૦૦૦ રૂપિયા, બિઝનેસ ક્લાસ માટે ૭,૫૦૦ રૂપિયા, અને ફર્સ્ટ ક્લાસ માટે ૯,૦૦૦ રૂપિયા, નક્કી કરવામાં આવ્યા છે. કાર માટે ભાડું ૬,૦૦૦ રૂપિયા, બાઇક માટે ૧,૦૦૦ રૂપિયા, સાયકલ માટે ૬,૦૦ રૂપિયા, મિનિબસ માટે ૧૩૦૦૦ રૂપિયા, ૩૦ સીટર બસ માટે ૧૪,૫૦૦ રૂપિયા, ૪૫ સીટર બસ માટે ૧૭,૦૦૦ રૂપિયા અને મોટી બસ માટે ૨૧,૦૦૦ રૂપિયા હશે.■

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, માટુંગા-સાયન**
૩૭૭/૩૭૮, કાનજી શીવજી જૈન ધર્મસ્થાનક, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯

## સ્વામીવાત્સલ્ય

માટુંગા-સાયન શ્રી સંઘના સર્વે ભાઇઓ તથા બહેનોને **"મિચ્છામી દુક્કડ્મ."** સર્વ સભ્યોને વિદિત કરવામાં આવે છે કે **શનીવાર તા. ૦૬/૦૯/૨૦૨૫** ના રોજ શ્રી સંઘના લાભાર્થી સભ્યો દ્વારા આયોજિત સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ છે. તેના પાસ માટુંગા ઉપાશ્રય તથા જૈન ભુવન સાયનમાંથી તા. ૩૦,૩૧ ઓગસ્ટ અને ૧,૨ સપ્ટેમ્બર સુધીમાં ૯.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન મેળવી લેવા.

• **સ્વામીવાત્સલ્ય સમય : સવારના ૧૦.૩૦ થી ૧.૦૦**
**સ્થળ :** • **શ્રી રામવાડી - માટુંગા**
• **શ્રી માનવ સેવા સંઘ - સાયન**

**લી. માનદ્ મંત્રીઓ :**
• **શ્રી નિશીતભાઇ પાનાચંદભાઇ તુરખીયા**
• **શ્રી આશીષભાઇ નટવરલાલ શેઠ**
• **શ્રી મુકેશભાઇ ચિમનલાલ વોરા**

# ક્લાસિફાઈડ

## ૪. ધાર્મિક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૨૧૩-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વાલ્કેશ્વર**

2 BHK, એરિયા 1100', ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, ફ્રન્ટ સાઇટ તૈયાર કબજો. ભાડું 2 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૨૩-એફ)

**બ્રીચકેન્ડી**

1 BHK, એરિયા 550', ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 1.20 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૨૩-જી)

**WORLD TOWER**

For Rent Lower Parel 4 BHK - 2600' Higher Floor - Well Furnished - 3 Parking Ready Poss. per month 6.50 Lac. "Agarwal" 9821231619. (223-E)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

## ૫૧. ખરીદવું છે

**WE BUY OLD WATCHES**

Rolex, Omega, Hublot, Patek Philippe, AP, Breguet, VC, Jaeger, IWC, Cartier: Vipul: 9619303232. (B-16397)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૪૦૨)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૩૮૮)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# મરાઠવાડામાં જોરદાર વરસાદ

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના નાંદેડ અને લાતુર જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે ૨૨૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું જણાવી અધિકારીઓએ ગુરુવારે માહિતી આપી હતી કે મુખેડ, કંધાર અને નાયગાંવના કેટલાક વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ (૧૧૫ મિલીમીટર) નાંદેડના બિલોલી અને નરસી વિસ્તારોમાં નોંધાયો હતો, જ્યારે લાતુરમાં કેટલેક સ્થળે ૬૫ મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો.

વરસાદને કારણે ગોનાર, જેકપુર, રૂઇ અને કંધરેવાડી ગામ તરફ જતા રસ્તાઓને અસર થઈ છે. (પીટીઆઈ) ■

# સંસ્થા સમાચાર

## બ્લડ કેમ્પનું આયોજન

માતુશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા ના ૯૦ મા જન્મ દિવસ નિમિતે કચ્છ કાસા દ્વારા ભારતીય જૈન સંગઠન કચ્છ, તેરા તુજકો અર્પણ અને શ્રી આશાપુરા સેવા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા જૈન જાગૃતી સેન્ટર ભૂજ અને માધાપરને લાયન્સ ક્લબ કચ્છ સાઈટ ફર્સ્ટના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બ્લડ ડોનેશન કરવા વિનંતી સહ હાજરી માટે હાર્દિક આમંત્રણ છે. તારીખઃ ૩૧/૮/૨૦૨૫ રવિવાર, સમયઃ સવારે ૯.૩૦ કલાકે. સ્થળઃ કચ્છ કાસા, માતુશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા, કચ્છ કેરિયર અને સ્કીલ એકેડેમી, ન્યૂ લોટસ કોલોની, જીલ્લા ઉદ્યોગ વારો રોડ, ભુજ કચ્છ.

## ધીરગુરુદેવના સાંનિધ્યે પર્યુષણ પર્વની શાનદાર ઉજવણીથી ધર્મોલ્લાસ

અમદાવાદમાં નવનિર્મિત કાઠિયાવાડ ભવનમાં ધર્મનાથ ઉપાશ્રયે પ્રથમવાર પૂ. શ્રી. ધીરગુરુદેવની નિશ્રામાં પ્રવચનમાળાનો હજારો ભાવિકોએ લાભ લીધેલ. કાયમી સંઘશેષ, નિભાવ યોજના તેમ જ ૧૪ સ્વપ્નના ચડાવામાં દાતાઓએ દાનની વર્ષા કરેલ. ૬ ઉપવાસથી ૩૦ ઉપવાસ સુધીના તપસ્વીઓના પારણાનો લાભ મનીષા દિનેશ ખેતાણીએ લીધેલ. સાતાકારી પાટમાં ભારતી જયેન્દ્ર ડેલીવાળાના ૨૬માં માસ ક્ષમણ નિમિત્તે ૨૬ પાટ સહિત અનેક ભાવિકોએ લાભ લીધેલ. ગુરુદેવ પ્રેરિત ધાર્મિક, પુસ્તક શ્રેણી અર્પણવિધિ વિનુભાઇ કપાસી, મેહુલભાઇ ધોળકીયા, દિનેશભાઇ ખેતાણી વગેરેના હસ્તે કરવામાં આવેલ. ચતુર્વિધ સંઘનું ચાતુર્માસ બદલ સકલ સંઘે ઋણ સ્વીકાર કરેલ. ■

છેલ્લા પાનાનું ચાલુ

## વિરાર ઈમારત દુર્ઘટના

કરાયા હતા. ફરિયાદમાં પાલિકાના અધિકારી ગોન્સાલવીસે જણાવ્યું હતું કે ત્રણ મહિના અગાઉ તેમના વૉર્ડની દરેક ઈમારતોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તે સમયે અનેક ઈમારતોને સ્ટ્રક્ચરલ ઓડિટ કરવાની સૂચના આપવામાં આવી હતી.

રમાબાઈ એપાર્ટમેન્ટને પણ ૨૬ મેના રોજ નોટિસ મોકલાવી બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવાનું જણાવાયું હતું, પરંતુ હજુ સુધી પદાધિકારીઓ દ્વારા ઓડિટનો કોઈ અહેવાલ પાલિકામાં રજૂ કરાયો નથી, એવું અધિકારીએ ફરિયાદમાં જણાવ્યું હતું.

આ ઈમારત ૨૦૦૮-૨૦૦૯માં ગેરકાયદે બાંધવામાં આવી હતી. ચાર માળની ઈમારતમાં ૫૪ ફ્લૅટ અને ચાર દુકાનો હતી. પાલિકાની કોઈ પણ પરવાનગી લીધા વિના ઈમારત ચણવામાં આવી હતી અને તેનું બાંધકામ હલકી ગુણવત્તાનું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, એવો આક્ષેપ અધિકારીએ કર્યો હતો.

બિલ્ડિંગનો ભાગ તૂટી પડ્યાની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એનડીઆરએફ, ફાયર બ્રિગેડસ, પોલીસ મળીને અંદાજે દોઢસોથી વધુ લોકો કાટમાળ હેઠળ દબાયેલા રહેવાસીઓને બચાવવાની કામગીરીમાં જોડાયા હતા.

મહાપાલિકાના એક અધિકારીએ દાવો કર્યો હતો કે સંબંધિત ઈમારતને અગાઉ અનેક વાર નોટિસ મોકલવામાં આવી હતી. એ સિવાય વિકાસક સાને પણ ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની નોટિસ ફટકારવામાં આવી હતી. બિલ્ડિંગના ફ્લૅટ્સ ખાલી કરવા સંદર્ભે સોસાયટીને નોટિસ મોકલાઈ હતી.

# હિન્દુ મરણ

**ઇડર ઔદિચ્ય પિસ્તલીશ જ્ઞાતિ**

ગામ મુડેટી હાલ મુંબઈ (નાલાસોપારા), સ્વ. તરૂલતાબેન જયંતિલાલ આચાર્ય (ઉં. વ. ૮૫) તે સ્વ. જયંતિલાલ ધનેશ્વર આચાર્યના પત્ની. તે કેતન, મહેશ, મનીષના માતુશ્રી. તે આરાધના, બીના, મિત્તલના સાસુ. તે ઋત્વિજ અને રાજવીના દાદીબા. તે વસઈ ડાભલા નિવાસી સ્વ. નટવરલાલ દેવશંકર શાસ્ત્રીના પુત્રી તા. ૨૪/૦૮/૨૦૨૫, રવિવારના રોજ દેવલોક પામ્યા છે. (સાદડી પ્રથા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**કપોળ**

ભાવનગરવાળા હાલ માટુંગા સ્વ. જયાલક્ષ્મીબેન હરકીસનભાઇ વોરાના પુત્ર અજયભાઇ (ઉં.વ. ૭૮) તા. ૨૬-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. ભારતીબેનના પતિ. હિરલ અને પ્રિયાંશનાં પિતા. નેહલ અને વિદિશાના સસરા. સ્વ. કમલનયનભાઇ, રાજેન્દ્રભાઇ, સ્વ. તુષારભાઇ, સ્વ. વિપીનભાઇ, ગં. સ્વ. ઇંદિરાબેન તથા સ્વ. માલતીબેનના ભાઇ. જાફરાબાદવાળા સ્વ. વ્રજલાલ દુર્લભદાસ સંઘવીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦-૮-૨૫ના શનિવારે ૫થી ૭. ઠે. લખમશી નપુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (સેન્ટ્રલ) મુંબઇ-૧૯.

**કપોળ**

સુરેશચંદ્ર રામદાસ મહેતા (ઉં. વ. ૯૦) (નશીરાબાદ/જલગાંવ) તા. ૨૮-૮-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. દમયંતીબેનના પતિ. તે મિલનભાઇ ઉમંગભાઇના પિતાશ્રી. નિરૂપમાબેન-કાજોલબેનના સસરા. સ્વ. ઇશ્વરદાસ, સ્વ. વિદ્યાબેન, હેમેન્દ્રભાઇ, વિમુબેનના ભાઇ. પાર્થ-જાનકી, મીત-કિંજલ, જશ, સોનીયાના દાદા. સ્વ. ક્રિષ્ણાબેન તથા સ્વ. અમૃતલાલ ભગવાનદાસના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૯-૮-૨૫ના જલગાંવ મુકામે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ વતન જોડીયા હાલ મુંબઇ સ્વ. દેવેન્દ્રભાઇ શ્યામસુંદર ઠક્કર (ઉં. વ. ૮૦) તા. ૨૬-૮-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે રમાબેનના પતિ. જતીન અને શિતલ મયુરભાઇ ચંદ્રાના પિતાશ્રી. સલોનીબેન અને મયૂરભાઇ ચંદ્રાના સસરા. તે વેદાંતના દાદાજી. સ્વ. તરુણભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. મુકેશભાઇ, શશીબેન જગદીશભાઇ ખંદેડીયા તથા ચારુબેન ગિરીશભાઇ ડ્રેસવાલાના ભાઇ. સ્વ. ઓધવજીભાઇ જીવરાજ પંચમતીયાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા કોમ્યુનિટી હોલ, ગોદરેજ સેન્ટ્રલ, એટુજી, શેલ કોલોની, ચેમ્બુર, મુંબઇ-૭૧, શનિવાર તા. ૩૦-૮-૨૫ના સાંજે ૪થી ૬.

**વીસા સોરઠિયા વણિક જ્ઞાતિ**

શીલવાલા હાલે કાંદીવલીના લલિતચંદ્ર (લાલુભાઈ) આણંદજી વલ્લભજી શાહ (ઉં.વ. ૮૭) બુધવાર, તા. ૨૭-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સરોજબેનના પતિ. રીટા, નિપા-હરેશ, મેહુલ-રશ્મી, હીના-નદીમના પિતા. સાહિલ, અરનવના દાદા. સ્વ. હરિભાઈ, સ્વ. નાનુભાઈ, સ્વ. દેવીદાસ, અ. સૌ. મધુબેન શાંતિલાલ મકલાણના ભાઈ. ટિનમસવાલા સ્વ. ગુણવંતીબેન ભગવાનદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મોરબી ટંકારા નિવાસી હાલ કાંદીવલી, સ્વ. કાન્તાબેન અમૃતલાલ જોબનપુત્રાના સુપુત્ર ગીરીશભાઈ જોબનપુત્રા (ઉં. વ. ૭૨) તા.૨૬-૦૮-૨૫ને મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. સ્વ. દામજી ગોકલદાસ સોમૈયાના જમાઈ. સ્વ. તેજસ તથા ચિ. તુષારના પિતાશ્રી. આશા ચંદ્રકાન્ત તન્ના, રેખા ભરતભાઈ રાયચડા, રાજેન્દ્ર જોબનપુત્રાના મોટાભાઈ. હરીતા રાજેન્દ્ર જોબનપુત્રાના જેઠ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ ભદ્રેશ્વર હાલ કાંદિવલી, કાંતિલાલ નાકર (ઉં. વ. ૭૩) તા. ૨૬/૮/૨૫ના રામશરણ પામ્યા છે, તે સ્વ. કેસરબેન મોહનલાલ નાકરના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. નિમિષા રાજેશભાઈ ગોર, સુહાસ, બ્રિજેશના પિતાશ્રી. રાજેશભાઈ મોહનલાલ ગોર, હિરાલી બ્રિજેશ જોશીના સસરા. સ્વ. મોંગીબેન દેવજીભાઈ પેથાણી(ફરાદી)ના જમાઈ. સ્વ. હરેશભાઈ, સ્વ. રાજેન્દ્રભાઇ, ચેતનભાઈ, જવેરબેન, સ્વ. પ્રભાબેન, નયનાબેનના ભાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૯/૮/૨૫ શુક્રવારના ૩.૦૦ થી ૫.૦૦. લૌકિક વ્યવહાર બંધ છે. પાવન ધામ, પહેલે માળે,મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ હરસુપુર દેવળીયા હાલ બોરીવલી, હિતેન્દ્ર કારેલીયા (ઉં. વ. ૬૨) મંગળવાર, તા. ૨૬/૦૮/૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. પરષોત્તમભાઈ છગનલાલ કરેલિયા તથા ગં. સ્વ. નર્મદાબેન કરેલિયાના સુપુત્ર. દીપાબેનના પતિ. ઇશિતા વિવેક ધાડગે, મિહિરના પિતાશ્રી. વસંતભાઈ પરષોત્તમભાઇ કરેલિયાના ભાઈ. સ્વ. તુલશીદાસ રવજીભાઈ મારૂના જમાઈ. એમની સાદડી તા. ૩૦/૦૮/૨૫ના શનિવારે ૫ થી ૭. લુહાર સુથાર જ્ઞાતિની વાડી, દત્તપાડા રોડ, વિશ્વકર્મા ચોક, કાર્ટરરોડ નં ૩. અંબાજીમંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પરજીયા સોની**

હાલ વિલેપાર્લે, રાજેષ સોની (જગડા) રાજુલાવાળા (ઉં. વ. ૬૫) તા. ૨૪/૦૮/૨૫ના શ્રીચરણ પામ્યા છે. સ્વ. નગીનદાસ નારણદાસ જગડાના સુપુત્ર. તે સ્વ. મનીષાબેનના પતિ. વરુણ તથા વિરાજના પિતા. ભારતી દિલીપકુમાર ધકાણ, નરેન્દ્રભાઈ, રવિન્દ્રના ભાઈ. શારદાબેન જમનાદાસ પારેખના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**દમણિયા દરજી**

સ્વ. સોનાબેન વનમાળીદાસ દમણિયાના સુપુત્ર જયંતીલાલ (ઉં. વ. ૭૮) ૨૦/૮/૨૫ના દેવલોક પામ્યા છે. ભદ્રાબેનના પતિ. તે શાંતિબેન પ્રાણજીવનદાસ દમણિયાના જમાઈ. રાજન, પરાગના પિતા. ઉષ્મા અને રાધિકાના સસરા, ધૈર્ય, ગ્રીશા, દિયાન, હિતાંશના દાદા. બેસણું - ૩૧/૮/૨૫ના રવિવાર ૪ થી ૬. અસ્પી ઑડિટોરિયમ, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

હાલ કાંદિવલી, અ. સૌ. નયનાબેન (પદમાબેન) (ઉં. વ. ૮૫) તે નિતિચંદ્ર મુલચંદ જોબનપુત્રાના પત્ની. ચીં. જી. અંકુરભાઈના માતુશ્રી. અલકાબેનના સાસુ. હર્ષલ, હેતલ, નીલ પૂજાના દાદીમા. શ્રિયા, શ્રીહાન, જિયાનના પરદાદી. સ્વ. મૉનજી ચત્રભુજ તન્નાના દીકરી. બુધવાર તા. ૨૭/૮/૨૫ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણવાળા પંચાલ**

ગામ બાલીસણાના હાલ વિલે પાર્લે, જસવંતભાઈ પંચાલ રવિવાર, તા. ૨૪/૮/૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. મંગુબેન ડાહ્યાલાલ ચીમનલાલ પંચાલના પુત્ર. સ્વ. રમીલાબેન મથુરદાસ ચીમનલાલ પંચાલના ભત્રીજા. હેમાબેનના પતિ. દિક્ષિતા, દેવના પિતા. બાબુલાલ હરગોવિંદદાસના જમાઈ. અશોક, સ્વ. ભરત, જગદીશ, મહેન્દ્ર, પ્રકાશ, ગીતાબેન શૈલેષકુમારના ભાઈ, એમનું બેસણું (પ્રાર્થનાસભા) તા. ૨૯/૮/૨૫ના શુક્રવારે ૪ થી ૬. વીરેશ્વર ભવન, ૧ માળ, સન્યાસી આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે પશ્ચિમ.

**લુહાર સુથાર**

ગામ ટીંબી, હાલ મલાડ, અ. સૌ. પ્રીતિબેન શૈલેષભાઈ મકવાણા (ઉં. વ. ૬૨) તા. ૨૪.૦૮.૨૫ના રવિવારે સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. પુરુષોત્તમભાઈ અને ગં. સ્વ. મંજુલાબેન મકવાણાના પુત્રવધૂ. વીંકી અંકિત શાહ અને નીલના માતા. સ્વ. કલ્પનાબેન મયુરભાઈ, પારૂલબેન ચંદ્રેશભાઈના જેઠાણી. સ્વ. પ્રેમજીભાઈ, સ્વ. કાંતાબેન પરમારના દીકરી, સ્વ. વિનોદભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. હર્ષદભાઈ, સવિતાબેન ડેડીયાના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૨૯ ઓગસ્ટ ૨૦૨૫, શુક્રવારે ૫ થી ૭. હાઉસ, કલ્પતરૂ ગાર્ડન, અશોકનગર પાસે, કાંદીવલી પૂર્વ.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ગં. સ્વ. સુરેખાબેન ગુણવંતભાઈ દેસાઈ (ઉં. વ. ૯૦) તે સ્વ. ઉર્મિલાબેન અને સ્વ. કનૈયાલાલ દેસાઈની સુપુત્રી. તે શિવાનીના માતુશ્રી. તે રાજીવ પરીખના સાસુ. તે ડૉ. નિરજા રાજીવ પરીખના નાની. તે સુભાષ, ગૌતમ, સ્વ. હરીશ, સ્વ. જ્યોતિન્દ્ર, સ્વ. મીરાં પ્રતાપ દેસાઈના બહેન. તે હિના કેવલરામ દેસાઈના કાકી તા. ૨૨/૦૮/૨૫ ના દિવસે કૈલાસવાસી થયેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**લેઉવા પટેલ**

રસનાળ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ભગવતીબેન વિનોદભાઈ પાંચાણી (ઉં. વ. ૬૭) તા. ૨૭-૮-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. હીરાભાઈ દેવશીભાઈ પાંચાણીનાં

## પચીસ લાખની ખંડણી

આપનારા શખસની ઓળખ મેળવી શકી નથી. જોકે તેણે લૉરેન્સ બિશ્નોઈનું નામ લીધું હોવાથી ક્રાઈમ બ્રાન્ચ પણ તપાસમાં લાગી છે.

ઉલ્લેખનીય છે કે ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ હાલમાં ગુજરાતની જેલમાં બંધ છે. બિશ્નોઈ ગૅન્ગ દ્વારા બોલિવૂડના સ્ટાર સલમાન ખાનને વારંવાર ધમકીઓ આપવામાં આવી છે. એક વાર તો સલમાનના બાન્દ્રાના નિવાસસ્થાન બહાર ગોળીબાર પણ કરાયો હતો. એનસીપીના નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં લૉરેન્સનો ભાઈ અનમોલ બિશ્નોઈ સૂત્રધાર હોવાનું પોલીસનું કહેવું છે.

## ચૂંટણી દરમિયાન

મૂકવા અથવા અનિયમિત આયાત પરમિટ આપવા એ બધું ફક્ત ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં ગ્રાહકોને સસ્તા કાંદા પૂરા પાડવા માટે કરવામાં આવી રહ્યું છે.

ટૂંક સમયમાં બિહાર વિધાનસભા અને રાજ્યમાં મુંબઈ અને પુણે સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો તેમજ ઘણી નગરપાલિકાઓમાં ચૂંટણીઓ યોજાશે. તેમણે ટીકા કરી હતી કે આ સમયગાળા દરમિયાન મતદારોને ખુશ રાખવા માટે ખેડૂતોને દેવામાં ધકેલી દેવામાં આવી રહ્યા છે.

## જોવીલ પરિવારની

મંગળવારે જન્મદિવસ હોવાથી તેની ઉજવણી માટે સપ્તાહથી તે તેની પત્ની આરોહી સાથે તૈયારી કરી રહ્યો હતો. તેણે સંબંધીઓ-મિત્રોને આમંત્રણ પણ મોકલ્યું હતું, જેમાં ઉત્કર્ષાનો ફોટો હતો અને લખ્યું હતું કે અમારી રાજકુમારી એક વર્ષથી થઇ છે. ૨૬ ઑગસ્ટના રોજ અમારા ઘરે તેના જન્મદિવસની પાર્ટીમાં જોડાઓ.

ઉત્કર્ષાના જન્મદિવસની ઉજવણી માટે ફુગ્ગાઓ, ફૂલો તથા લાઇટિંગથી ઘરને શણગારવામાં આવ્યું હતું અને ઘરમાં ઘરમાં ખુશીનો માહોલ હતો. પાર્ટીમાં સાંજે સંબંધીઓ તથા પડોશીઓ આવ્યા હતા અને તેમણે ડાન્સ પણ કર્યો હતો. બાદમાં કેક કાપવામાં આવી હતી. રાતે ૧૧ વાગ્યાની આસપાસ પાર્ટી પત્યા બાદ લોકો તેમના ઘરે જતા રહ્યા હતા.

દરમિયાન મોડી રાતે રમાબાઇ અપાર્ટમેન્ટનો હિસ્સો તૂટી પડતાં રહેવાસીઓ કાટમાળ હેઠળ દબાઇ ગયા હતા અને ચારે બાજુ લોકોની ચીસો સંભળાતી હતી. દુર્ઘટનામાં ઉત્કર્ષાની માતાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ઉત્કર્ષાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઉત્કર્ષાના પિતા ઓમકારનો મૃતદેહ ગુરુવારે મળી આવ્યો હતો. ઓમકારની બહેન વિશાખા ઘાયલ થઇ હોઇ તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દુર્ઘટના બાદ વિસ્તારના રહેવાસીઓમાં રોષ જોવા મળ્યો હોઇ તેઓ બિલ્ડર અને વહીવટીતંત્રની બેદરકારીને દોષી ઠેરવી રહ્યા છે. રહેવાસીઓએ કહ્યું હતું કે જો સમયસર પગલાં લેવામાં આવ્યાં હોત તો અનેક લોકોના જીવ બચાવી શકાયા હોત. ઇમારતની સ્થિતિ વિશે જાણ હોવા છતાં બિલ્ડરે ત્યાં લોકોને રહેવા દીધા અને સમારકામ હાથ ધર્યું નહોતું.

# જૈન મરણ

**વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ હીરાબેન ચંદ્રકાન્ત દોશીના સુપુત્ર કિરીટભાઇના ધર્મપત્ની અ. સૌ. સ્મિતાબેન (ઉં. વ. ૭૨) તા. ૨૨-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઉર્વશી અમિષ પટેલ, પિંકી રાજીવ મેનઝીલના માતુશ્રી. સ્વ. પ્રવીણાબેન બીપીનભાઇ, હર્ષા રજનીભાઇ, હેમીના મનીષભાઇ, ચારુબેન દિલીપભાઇ શાહના ભાભી. સ્વ. કમલા ગોબિંદરામ માખીજાના દીકરી. સ્મરણાંજલિ તા. ૩૦-૮-૨૫ના ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડ શ્વે. મૂ. પૂ. જૈન**

મૂળ વતન ચુડા-માંડલ હાલ કાંદિવલી ભીખાલાલ મૂળચંદનાં સુપુત્ર બાબુભાઇ ભીખાભાઇ કોઠારી (ઉં. વ. ૮૬) સુરેખાબેનના પતિ. દિપ્તી નિલેશ, તૃપ્તી નિશિદ, શીતલ દેવાંગ, કેતલ, વિરાલી પ્રતીકના પિતાશ્રી. દેવાંશી, મનન, વૈભવી, જશ, સીયા, હિયાનાં નાના. શીવલાલા પોપટલાલ શાહના જમાઇ. તા. ૨૮-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પુત્રવધૂ. મનુભાઈના નાનાભાઈનાં ધર્મપત્ની. જય, પિન્કી, રીના અને ફાલ્ગુનીના માતા. બંસરી, સંજય, અમિત અને સંતોષના સાસુ. હર્ષ, વિહા, સ્વયંમ, અહંમના નાની. સ્વ. નાનજીભાઈ નારાયણભાઈ પાનસુરિયાના પુત્રી. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૦-૮-૨૦૨૫ના ચાર થી છ. લોહાણા બાલા આશ્રમ (અતુલ ટાવર પાસે), મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ વતન જોડીયા હાલ મુંબઈ, સ્વ. દેવેન્દ્રભાઈ શ્યામસુંદર ઠક્કર (ઉં. વ. ૮૦) તા. ૨૬/૦૮/૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે રમાબેનના પતિ. સ્વ. તરૂણભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. મુકેશભાઈ, શશીબેન જગદીશભાઈ ચારૂબેન ગિરીશભાઇના ભાઈ. સ્વ. ઓધવજીભાઈ જીવરાજ પંચમતીયાના જમાઈ. સ્વ. હસમુખભાઈ પંચમતીયાના બનેવી. જતીન અને શિતલ મયુરભાઈ ચંદ્રાના પિતાશ્રી. સલોનીબેન અને મયુરભાઈ ચંદ્રાના સસરા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૩૦ ઑગસ્ટ ૨૦૨૫ના ૪ થી ૬. કોમ્યુનિટી હોલ, ગોદરેજ સેન્ટ્રલ, એ ટુ જી, શેલ કોલોની, ચેમ્બુર, મુંબઈ ૪૦૦૦૭૧

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાલ મહાલક્ષ્મી, મુંબઈ, ગં. સ્વ. મધુલતા શાહ (ઉં. વ. ૮૬) સ્વ. પ્રવીણચંદ્ર મણિલાલ શાહના ધર્મપત્ની. હસુમતી તે જીતેન્દ્ર મહેતા, સ્વ. ચંદ્રિકા કમલનયન કાપડિયાના ભાભી. સ્વ. કુંજબિહારી ગોપાલદાસ કોઠીના દીકરી. સ્વ. લલીતા, સ્વ. દિલીપકુમાર, રજનીકાંત, હરેન્દ્ર, પદ્મા, હર્ષદાના બહેન તા. ૨૫/૮/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર રાખેલ નથી.

**વણકર મેઘવાળ**

ગામ વડીયા સ્વ. રામજીભાઇ દેવજી ગોહિલ (ઉં. વ. ૭૯) તા. ૨૩-૮-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. દેવજી ડાયા ગોહિલ તથા સ્વ. નાનુબાઇ, સ્વ. ટીડીબાઇ, સ્વ. મોતીબાઇના પુત્ર. શ્યામબેનના પતિ. રતનબેન, કાંતાબેન, હેમંતભાઇ કિશોરભાઇના પિતા. સ્વ. મેઘજીભાઇ, સ્વ. લક્ષ્મણભાઇ, હિરાભાઇ, સ્વ. પ્રેમજીભાઇ, સ્વ. કાંતિલાલ, સ્વ. ખીમીબેન, કુંવરબેન, જેઠીબેન, લક્ષ્મીબેનના ભાઇ. સ્વ. રાણીબેન ડાયાભાઇ રાઠોડના જમાઇ. દિપક ટાભજી સોલંકી અને જેસિંગ સાજન બોરીચાના સસરા. તેમના બારમાની વિધી તથા શોકસભા તા. ૨૯-૮-૨૫ના શુક્રવાર સાંજે ૫.૦૦. ઠે. નાગસેન સદન, એસ. બી. ધોડી માર્ગ, સેલ્સ ટેક્સની બાજુમાં, મઝગાંવ, મુંબઇ-૧૦.

**કચ્છી લોહાણા**

સ્વ. કમળાબેન પુરુષોતમ ધરમશી મૃગ કચ્છ ગામ જખૌ હાલ મુલુંડના પુત્ર હરીશભાઇ (ઉં. વ. ૭૫) તા. ૨૬-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે મંજુલાબેનના પતિ. તે પુરુષોતમ નારાણજી કતીરા (ધરિયાભા)ના જમાઇ. તે રોહન અને ભૂમિકાના પિતાજી. કવિતાના સસરા. તે રીના, પ્રતિમા, દેવયાની, ભારતી અને સ્વ. રમેશના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. કવિ કાલીદાસ ઓડિટોરિયમ, પી. કે. રોડ, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે, બહેનોએ એજ દિવસે આવી જવું.

**ખંભાત દશા મોઢ અડાલજ વણિક**

ખંભાત નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. જયંતીલાલ કાંતિલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. પમીલાબેન જયંતીલાલ (ઉં. વ. ૯૨) તે સ્વ. અંજનાબેન ગીરીષભાઇ ઝવેરી તથા સાક્ષીબેન કિરણભાઇ ગોલવાલાના માતુશ્રી. નીકી, રિમા, નીરલ, બીજલના નાની. તા. ૨૫-૮-૨૫ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ગોહિલવાડ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

વડોદ નિવાસી હાલ ફ્લોરિડા અમેરિકાવાસી વિક્રમભાઇ શેઠ, તે સ્વ. જયાબેન જીવનલાલ પરમાનંદ શેઠના સુપુત્ર તા. ૧૫-૮-૨૫ના અક્ષરધામ વાસી થયા છે. રીટાબેનના પતિ. જતન, પાયલ પારેખના પિતા. વિશ્વા અને પ્રણય પારેખના સસરા. સ્વ. જશવંતીબેન કાંતિલાલ મહેતા જમાઇ. સ્વ. નિર્મલાબેન શાહ, સ્વ. ચંદ્રકાંતભાઇ, કિશોરભાઇ, ડો. સુધાબેન શાહ, ભારતીબેન શેઠ, વિજયભાઇ, કાદંબરીબહેન કામદાર અને ચેતનાબેન શાહના ભાઇ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ વાશી અનિલભાઇ આત્મારામભાઇ જાની (યાજ્ઞિક)ના ધર્મપત્ની અનીલાબેન (ઉં. વ. ૫૯) મુંબઇ મુકામે તા. ૨૭-૮-૨૫ને બુધવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે ખુશાલી અને અંજલીના માતુશ્રી. સર્વેશ બી. જોશી અને અનુજ એ. ઠક્કરના સાસુમા. વંશ અને કિયાંશના નાની. પ્રભાબેન વાસુદેવભાઇ વ્યાસના દીકરી. યોગેશભાઇના બેન. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ ચંદિયા (કચ્છ) હાલ મુંબઇ સ્વ. મધુભાઇ ગોપાલદાસ ઠક્કર (ગણગણાત્રા) અને ગં. સ્વ. ઉષાબેનના સુપુત્ર પરાગ (ઉં. વ. ૫૧) તે કવિતાના પતિ. નેહા સંજીવ શાહના ભાઇ. સાયનાના મામા. સ્વ. રમાબેન નવીનચંદ્ર તન્નાના જમાઇ. સ્વ. કિશોરભાઇ, હરીશભાઇ, સ્વ. પ્રહલાદભાઇ, મહેશભાઇ, અશ્વિનભાઇ તથા મિનાક્ષી મહેન્દ્રભાઇ આથા સ્વ. પૂનમબેન કમલેશભાઇ ચંદનના ભત્રીજા. સ્વ. નવીનભાઇ, વિજયભાઇ, રમેશભાઇ ચોથાણીના ભાણેજ. તા. ૨૬-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝારોળા વાણિયા**

વાલોડના હાલ મુંબઇ નીવાસી બીપીનભાઇ ઠાકોરલાલ શાહા (ઉં. વ. ૮૯) તે છાયાબેનના પતિ. કિશન, ગોપી, ગીતાના પિતા. ભૈરવીના સસરા. બુધવાર, તા. ૨૭-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ મલાડ (વે), સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ તથા ગં. સ્વ. મંજુલાબેનની પુત્રી. પ્રેરણાબેન (ઉં. વ.૫૭) મલાડ (વેસ્ટ), મુકામે તા. ૨૨-૮-૨૫ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુનીલભાઇ, યોગેશભાઇ તથા શીલાબેન હિતેશકુમાર મસાલિયાની બહેન. તે સ્વ. પારુલબેન તથા અમીતાબેનના નણંદ. મીત યોગેશ શાહ, ઉષા ભાવિનકુમાર શાહ, નિરાલી અર્પિત કુમાર કોરડીયા, માયરા તથા વેદા ભાવિન કુમાર શાહ, ફીઆ, ક્રીના, પ્રિયા, આસ્ની, હેત, પ્રીશા તથા દીયાનની માસી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સુદામડા નિવાસી હાલ મુંબઈ, મધુકાંતા તુરખિયા (ઉં. વ. ૮૮) તે સ્વ.સુરેશભાઈ લક્ષ્મીચંદ તુરખિયાના ધર્મપત્ની. અશોકભાઈ, બિના હિમાંશુકુમાર ડગલી, દિના પરેશકુમાર શાહના માતુશ્રી. લીના અશોક તુરખિયાના સાસુ. પ્રણવના દાદી. પુજા, યશ, રિશી, રાજના નાની. પિયરપક્ષે સ્વ. ફુલચંદ માણેકચંદ કુવાડિયાના સુપુત્રી. તા. ૨૭/૦૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન રાયચંદ શાહના પુત્રવધૂ. રક્ષાબેન (ઉં. વ. ૬૩) તે સુરેશભાઈના ધર્મપત્ની, મહેન્દ્રભાઈ, રમેશભાઈ, ચંદ્રકાંતભાઈ, પંકજભાઈ, સ્વ. હીરાબેન, સ્વ. વસુબેન, સ્વ. સુશીલાબેન, ઇન્દુબેન તથા રંજનબેનના ભાભી. ધ્વનિકના માતુશ્રી. જુહીના સાસુ. સ્વ. કોકિલાબેન ભાઇલાલ શાહની પુત્રી. તા. ૨૪-૦૮-૨૫ રવિવારના રોજ અરીહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના હેમલતાબેન વેલજીભાઈ નિશર (ઉં.વ. ૭૮) રવિવાર, તા. ૨૪-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મોંઘીબેન હરખચંદના પુત્ર. વેલજીભાઈના ધર્મપત્ની. સ્વ. ગીતા, ઉર્મિલા, મનિષા, કલ્પના, ત્રિવેણી, જીગ્નેશના માતુશ્રી. રમણિક, પ્રવિણ, ગિરીશ, ચેતન, અનિલ, જીગ્નાના સાસુ. સ્વ. શૌર્ય, પરીની, હિદાનના દાદી. માતુશ્રી દેવકાબેન ગેલાભાઈ હિરજી રીટાની દિકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૯-૮-૨૫ના ૩.૩૦ થી ૫. સ્થળઃ યોગી સભાગૃહ, સ્વામિ નારાયણ મંદિરની બાજુમાં, દાદર ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણાના અ.સૌ. અનિતા વિશનજી દેઢીયા (ઉં. વ. ૬૪) તા. ૨૫-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. હાંસબાઇ રણશી નપુના પુત્રવધૂ. વિશનજીના ધર્મપત્ની. ચિંતલ, ખુશ્બુ, પ્રણવના માતુશ્રી. કોલ્હાપુરના નિર્મલા રાજારામ બોરવણકરના સુપુત્રી. અંજલી, ઉજ્વલા, ઉદયના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રણવ વિશનજી દેઢીયા, ૧૧૦૪-બી, લક્ષ્મી-છાયા કો.હા.સો.લિ., બાભઇ નાકા, એલ.ટી. રોડ, બોરીવલી (વે.), મુંબઇ-૯૨.

કપાયા હાલે મુલુંડના કિરીટ નવિનચંદ્ર મામણીયા (ઉં. વ. ૫૮) તા ૨૫/૮/૨૫ના દેવલાલી મધ્યે અરિહંત શરણ પામ્યા છે. લતાબેન નવિનચંદ્રના સુપુત્ર. નિકિતાના પતિ. રિધ્ધીના પિતા. ભારતી, અરૂણના ભાઈ. કેસરબેન હીરજી ઉમરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઍડ્રેસ : નીકીતા મામણીયા, ૨૦૯, ૨ માળે, સાઈ અંબિકા હનુમાન ચોક, મુલુંડ (ઇસ્ટ).

લાકડીયાના હેમલતાબેન નિસર (ઉં. વ. ૭૮) તા. ૨૪-૮ના અરિહંતશરણ પામેલ છે. મોંઘીબેન હરખચંદ હીરજીના પુત્રવધૂ. વેલજીના પત્ની. સ્વ. ગીતા, ઉર્મીલા, મનીષા, કલ્પના, ત્રિવેણી, જીગ્નેશના માતુશ્રી. દેવકાબેન ગેલાભાઇ હીરજી રીટાના દિકરી. જયંતીલાલ, સ્વ. કીશોર, પાર્વતી, સ્વ. શાંતિ/પ્રભા, મંજુલા, ભગવતીના બેન. પ્રા. બપોરે ૩.૩૦ થી ૫.૦૦. યોગી સભાગૃહ, દાદર (ઇ.)

વડાલાના સુશીલા (મણીબેન) સુરજી દેઢિયા (ઉં. વ. ૮૦) તા.૨૬-૮-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન વિરજી ખીંશીના પુત્રવધૂ. સુરજી વીરજીના પત્ની. કમલેશ, હીનાના માતુશ્રી. મેઘબાઈ (સુંદરબેન) કાનજીના પુત્રી. ગોવિંદજી, ધનજી, શાંતિલાલ, વડાલાના ઉર્મિલા હરીલાલ, પ્રતાપરના ચંચળ (મંજુલા) મણીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કમલેશ દેઢિયા, ઈ-૧૦૭, પ્રથમેશ સોસાયટી, આગ્રા રોડ, કલ્યાણ (વે) ૪૨૧૩૦૧.

ગેલડાના તેજસ ભરત સૈયા (ઉં. વ. ૪૪) તા. ૨૭-૮-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન કુંવરજી ભીમશી સૈયાના પૌત્ર. દિમી ભરતના પુત્ર. લાખાપુરના કુસુમબેન મગનલાલ માણેક સતરાના દોહીત્ર. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત કુંવરજી સૈયા, ૨૧૨, સીતારામ ભુવન, બી વિંગ, ફ્લેટ નં. ૧૦, સાયન (ઇસ્ટ) મું. ૨૨.

ફરાદીના ભરત દામજી ગાલા (ઉં. વ. ૬૩)તા. ૨૪-૦૮-૨૫ના અવસાન પામેલ છે. ભાનુમતી દામજીના પુત્ર. રીટાના પતિ. પાર્થ, અવની, પૂજાના પિતા. નિર્મળા, ગુણવંતી, કિરણ, પ્રવિણાના ભાઈ. મણીબેન વેલજીના જમાઈ. પ્રા.શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી, ચિંચપોકલી. ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ જૈન**

કચ્છ માંડવી હાલે ભાયખલા, સ્વ. જમનાદાસ કાનજી મહેતાના ધર્મપત્ની જયેન્દ્રબાલા (જયાબેન) (ઉં. વ. ૮૪) તા. ૨૮.૦૮.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રીટા અને ભાવનાના માતુશ્રી. ચેતન અને નિમિષના સાસુ. સ્વ. જયદેવ, મહેન્દ્ર, સ્વ. પંકજ, સ્વ. શાંતાબેન, સ્વ. વનિતાબેન, સ્વ. ભારતીબેનના ભાભી. સ્વ. પ્રભુલાલ, સ્વ. ધર્મજ્ઞાબાઈ મા.સા., સ્વ વ્રજલાલ તથા છોટાલાલના બેન. દર્શી અને ઝીલના નાની. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ વસઈ, સ્વ. ચંદ્રકાંત પીપળીયા (ઉં. વ. ૮૨) જે નીલમબેન લીલાધર પીપળીયાના સુપુત્ર. ઇન્દિરાબેન પીપળીયાના પતિ. તે રાકેશ, કલ્પેશ અને નિમિષાના પિતા. દિવ્યા અને નિલેશભાઈના સસરા. સ્વ. વિનુભાઈ, જયંતભાઈ, રમણીકભાઈ સવિતાબેન, ચંપાબેન, સમરતબેન, રંજનબેન, જશીબેન, મુક્તાબેન, નયનાબેનના ભાઈ. નર્મદાબેન પ્રેમચંદભાઈ ઝાટકિયાના જમાઈ, તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૯/૦૮/૨૫ના ૩ થી ૪.૩૦. કેટી વાડીમાં. કેટી વાડી, સ્વીસ કોર્નર, નવઘર, વસઈ વેસ્ટ.

**પ્રભાસ પાટણ વિસા ઓસવાળ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ અંધેરી, હસમુખલાલ શાહ (ઉં. વ. ૮૧) તે સ્વ. ઉજમબેન જગજીવનદાસ શાહના સુપુત્ર. સ્વ. ગલાલબેન લીલાધર ગાંધીના જમાઈ. સ્વ. પ્રભાબેન લલિતકુમાર શાહના ભાઈ. કેતનભાઈ - શીતલબેન, જીગ્નેશભાઈ - દિપીકાબેન સૌમિલભાઈના પિતા. સોનીયા- સિયોના - રિવાના દાદા. તા. ૧૯/૦૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી-૬૦૪, અમેયા એપાર્ટમેન્ટ, નરિમાન રોડ, ઓફ નહેરૂ રોડ, વિલે પાર્લે ઇસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ કાંદિવલી, સ્વ.

# પાયદસ્ત

પેરીન ફરેદુન આઇબરા તે મરહુમ ફરેદુનના ધનિયાની. તે મરહુમો આલા સોહરાબ છાપખાનાવાલાના દીકરી. તે ફરોખના માતાજી. તે બીનદીના સાસુજી. તે મરહુમો ગુલ, પરવીઝ, ફિરોઝના બહેન. તે અરમાનદ ને શાશાના બપઇજી. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૮૦૦, બરજોર બેહરામ બિલ્ડિંગ, જામે જમશેદ રોડ, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. પાયદસ્ત : તા. ૨૯-૮-૨૫ના સવારે ૭.૪૫ વાગે. ઉપરની બેનેટ નં.૫માં ડુંગરવાડી પર. ઉઠમણાની ક્રિયા : તા. ૨૯-૮-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

# પારસી મરણ

ઝુબીન મીનુ પટેલ તે ગોદફરીનના ધની. તે મરહુમો નરગીશ મીનુ પટેલના દીકરા. તે ફરઝાદ ને શાહઝાદના પપા. તે બેતસીના સસરા. તે ઝીનોબીયાના ભાઇ. તે યાના ને શયાનાના બપાવાજી. (ઉં. વ. ૮૨) રે. ઠે. રુસ્તમ બાગ, ૧૧/૮, સંત સાવતા માર્ગ, ભાઇખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, મઝગામ પટેલ અગિયારીમાં છેજી.

ફ્રેની જાલ પાતરાવાલા તે મરહુમ જાલના ધન્યાની. તે ફરઝાદ જાલ પાતરાવાલાના માતાજી. તે મરહુમો હીલ્લા એરચશા કુપરના દીકરી. તે ઝીનાઇફરના સાસુજી. તે નરગીસ, કેરસી તથા મરહુમ આબાનના બહેન. તે શનાયા ને ફરહાનના બપઇજી. તે મરહુમો ગુલબઇ ફરદુનજી પાતરાવાલાના વહુ. (ઉં.વ. ૭૮) રે. ઠે. ૧-સી, ૨૦૧, સાલસેટ પારસી કોલોની, પમ્પ હાઉસ આગળ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે સાલસેટ અગિયારીમાં અંધેરીમાં.

ફેરંગગીઝ હોમી પટેલ તે મરહુમો શીરીન રુસ્તમ આઈબરાના દીકરી. તે વીસપી સાગરના સાસુ. તે પરવીન વીસપી સાગરના માતાજી. તે ઝીયા ને આયેશાના મમઈજી. (ઉં.વ. ૯૨). રહેવાનું ઠેકાણુંઃ એચ-૩૫, ખુશરૂ બાગ, શહીદ ભગતસિંહ રોડ, ખુશરૂબાગ ગેટ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા તા. ૩૦-૮-૨૫ ને દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

કુસુમબેન ઉત્તમચંદ હરગોવિંદદાસ શેઠના સુપુત્ર અલ્પેશભાઈ (ઉં. વ. ૫૫) તે પ્રીતિબેનના પતિ. જહાન્વી દિપકુમાર સંઘવી તથા રાજવીના પિતા. વિપુલભાઈ, ફાલ્ગુનીબેન કાર્તિકકુમાર શાહના ભાઈ. ભરતભાઈ વસંતલાલ શેઠ, વિકેશ, જીગ્નેશ, હિતેષભાઈના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી હાલ અમદાવાદ, સ્વ. ઇન્દીરાબેન ભોગીલાલ ચીમનલાલ શાહના જમાઈ તા. ૨૬/૮/૨૫ને મંગળવારે અરિહંતશરણ પામ્યા છે. ભાવયાત્રા બંને પક્ષ તરફથી તા. ૨૯/૮/૨૫ના શુક્રવાર ૩.૩૦.થી ૫.૩૦. શાંતીલાલ હોલ, દામોદરવાડી સામે, અશોકનગર, કાંદિવલી પૂર્વ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રોલ નિવાસી હાલ વાલ્કેશ્વર મુંબઈ, સ્વ. સૂર્યકાન્ત હીરાલાલ શેઠના પત્ની સ્વ. દેવિન્દરબેન (ઉં. વ. ૭૬) તે ચંદ્રેશ, પરેશ તથા પ્રીતિના મમી. આ. સૌ. વૈશાખી તથા સ્વ અમીના સાસુ. સ્વ. ધીરજલાલ માણેકલાલ કાગડીના દીકરી. નવીનભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. રામિકભાઈ, સ્વ. કમળાબેન, કુસુમબેન, સ્વ. રંજનબેન, ગીતાબેનના બેન. સ્વ. ખુશાલભાઈ, સ્વ. નાનાલાલ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. કુસુમબેનના ભાભી તા. ૨૭/૮/૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તેમની અંતિમયાત્રા તા. ૨૯/૮/૨૫ શુક્રવાર, સવારે ૯ વાગે નિવાસેથી બાણગંગા, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રી માળી સ્થાનકવાસી જૈન**

ચલાળા નિવાસી હાલ સાયન, સ્વ. રજનીકાંત પારેખ (ઉં. વ.૭૬) ૨૫/૦૮/૨૫ સોમવારના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. લાભકુંવર મોહનલાલ પારેખના પુત્ર. કામિની બેનના પતિ. રાહુલના પિતા. અમીના સસરા. યામી અને રીયાના દાદાજી. બિપિનભાઈ, સ્વ. દિનેશભાઈ, ગં. સ્વ. લીનાબેન અનિલભાઈ ચોવટિયા, નીતા મોહનલાલ પારેખના ભાઈ. સ્વ. ભાનુમતી કાંતિલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

હંસાબેન ઉમેદચંદ શાહ (કુતીયાણા નિવાસી) હાલ સાયન (ઉં. વ. ૯૧) તા. ૨૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીતિન-હર્ષદા, સ્વ. જયંત-જયશ્રી, કમલેશ-મહેશ્વરી, ભારતી રોહિતકુમારના માતુશ્રી. સ્વ. હસમુખભાઇ, સ્વ. પુષ્પાબેન, અનીલભાઇ, સ્વ. સરોજબેન, નરેશભાઇ, કલ્પનાબેન તથા સ્વ. ગજરાબેન, સ્વ. લીલીબેન, સ્વ. પ્રમોદબેન, ઇન્દુબેનના મોટા ભાભી. પીયર પક્ષે ભીમાણી સ્વ. નવીનભાઇ પુષ્પાબેન, સ્વ. ધીરજલાલ, કળાબેન, સ્વ. મહિન્દ્રભાઇ, સ્વ. શારદાબેન, સ્વ. ધનલક્ષ્મીબેન, હેમલતાબેન, સ્વ. નિર્મળાબેનના બેન. વિરલ, હીરલ, નીયતી-ધર્મેશ, હાર્દિક-નીશા, હર્ષિત-વિરાલી, દીશા-દર્પણ, ભક્તિ, ચિંતન, આર્યન, પલશ, ટીઆના દાદી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે, ત્વચા દાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ વિલેપાર્લે સુરેશ ભાનુચંદ્ર કોઠારી (ઉં.વ. ૮૩) તા. ૨૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન કોઠારીના પુત્ર. શ્વેતાબેન કોઠારીના પતિ. તે સચીન તથા શીતલના પિતા. તે ભાવેશ અને શ્રેયાના સસરા. તે સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. શશીકાંત, સરલા રમેશ ગાંધી, સ્વ. શકુંતલા રજનીકાંત મહેતા, સ્નેહલતા દોલતરાય શેઠના ભાઇ. તે સ્વ. જગજીવન વસનજી ગાઠાણીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વડિયા દેવડી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચંપાબેન ચુનીલાલ પંચમીઆના પુત્ર પ્રફુલભાઇ (ઉં. વ. ૮૮) તા. ૨૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયોતીબેનના પતિ. બીના, ડિમ્પલ, અલકા, મિલનના પિતા. જેમિની, પીયૂષ, ધર્મેશ, ક્રીનાના સસરા. તે સ્વ. ચંદુભાઇ, સ્વ. જશવંતભાઇ, સ્વ. વિનોદભાઇ, સુરેશભાઇ, સ્વ. મુકુંદભાઇ, સ્વ. સ્મિતાબેન મહેન્દ્રભાઇ પારેખ, સ્વ. વનિતાબેન મોદીના ભાઇ. સ્વ. વખતચંદ બેચરદાસ પારેખના જમાઇ. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

ચુડવા નિવાસી હાલ વસઇ રતિલાલ દેવચંદ મહેતા (ઉં. વ. ૯૧) તે નિલેશભાઇ તથા સ્વ. રિટાબેન હિરેનકુમાર શેઠના પિતાશ્રી. નિશાબેનના સસરા. પ્રિશા, હેયાનના દાદા. તો સાસરા પક્ષે ગળથ નિવાસી હાલ જેતપુર શામળજી પરમાનંદ વોરાના જમાઇ. તા. ૨૫-૮-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મૅટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# અક્ષયની અનોખી ત્રિરાશિ

**ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટ્રિલોજી પ્રકાર જાણીતો છે. જોકે, મિસ્ટર ખિલાડીએ વિશિષ્ટ પ્રકારની ત્રણ ફિલ્મોમાં કામ કરવાની સિદ્ધિ મેળવી છે.**

ફિલ્મ મેકિંગમાં એક ટ્રિલોજી (ગુજરાતીમાં 'ફિલ્મ ત્રયી' તરીકે ઓળખાય છે)નો પ્રકાર ખાસ્સો જાણીતો છે. હોલિવૂડમાં તો અનેક ટ્રિલોજી ફિલ્મ બની છે. સરખામણીમાં હિન્દી ફિલ્મઉદ્યોગમાં આવી 'ફિલ્મ ત્રયી'નું ઓછું ખેડાણ જોવા મળે છે. જોકે, આપણે ત્યાં પાત્ર આધારિત ટ્રિલોજીના ઘણાં ઉદાહરણ જોવા મળે છે. આવી ફિલ્મોની વાત નીકળે ત્યારે સૌપ્રથમ વિશ્વ વિખ્યાત ફિલ્મમેકર સત્યજિત રાયની 'અપ્પુ ટ્રિલોજી' (પાથેર પાંચાલી, અપરાજિતો અને અપૂર સંસાર) યાદ આવી જાય. બંગાળી ભાષામાં બનેલી આ ફિલ્મ વિશ્વભરમાં અનેક ભાષા બોલતા લોકોએ જોઈ છે. જોકે, છેલ્લાં પાંચ વર્ષમાં 'ફ્લોપ ઝાઝી અને હિટ સાવ થોડી' એવા હિસાબ કિતાબ હોવા છતાં વ્યસ્ત અભિનેતા 'મિસ્ટર ખિલાડી' ઊર્ફે અક્ષય કુમારએ એક અનોખી ટ્રિલોજી પોતાના નામે કરી છે જે જાણવા જેવી વાત છે.

હાલ અક્ષય કુમારનું નામ જે ફિલ્મો સાથે સંકળાયેલું છે એમાં 'હેરા ફેરી ૩' (શૂટિંગ શરૂ થવાનું બાકી), 'જોલી એલએલબી - ૩' (સપ્ટેમ્બરમાં રિલીઝ), 'ભૂત બંગલા' (શૂટિંગ પૂર્ણ) અને 'હૈવાન' (આ મહિને જ શૂટિંગ શરૂ થયું છે)નો સમાવેશ છે. જાણીતા ફિલ્મમેકર પ્રિયદર્શન દિગ્દર્શિત 'હૈવાન'માં અક્ષય અને સૈફ ૧૭ વર્ષ પછી સાથે કામ કરી રહ્યા છે. છેલ્લે 'ટશન' (૨૦૦૮)માં બંને સાથે જોવા મળ્યા હતા. અલબત્ત, એ પૂર્વે 'મૈં ખિલાડી તુ અનાડી', 'યે દિલ્લગી' અને 'તુ ચોર મૈં સિપાહી'માં બંનેએ સાથે કામ કર્યું હતું અને દર્શકોએ આ ફિલ્મોને વધાવી પણ લીધી હતી.

'હૈવાન' સંદર્ભે અક્ષયે એક બહુ સરસ વાત કરી છે, જે ટ્રિલોજી સાથે એક સાવ અનોખો સંબંધ સ્થાપિત કરે છે. આ ફિલ્મમાં અક્ષય વિલનનો રોલ કરી રહ્યો છે. અલબત્ત, ખલનાયકી સાથે અક્ષયનો પનારો અગાઉ પણ પડ્યો છે. 'અજનબી', 'ઐતરાઝ', 'ધડકન' અને '૨.૦'માં એની નેગેટિવ ભૂમિકા હતી. ચારમાંથી એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ નહોતી નીવડી. મતલબ કે દર્શકો અક્ષયના ખલનાયક અવતારને પસંદ કરે છે.


દિગ્દદર્શક પ્રિયદર્શનની ફિલ્મના ટાઈટલ વિશે પૂછવામાં આવતા એક ઈન્ટરવ્યૂમાં અક્ષયે રમૂજમાં કહ્યું છે કે 'આ ફિલ્મ મારા ભાગ્યમાં લખાઈ હતી એવું મારું માનવું છે. એનું કારણ જણાવું. પહેલા મેં 'જાનવર' (૧૯૯૯ - દિગ્દર્શક સુનીલ દર્શન) કરી હતી. ત્યારબાદ 'ઈન્સાન' (૨૦૦૪, દિગ્દર્શક કે. સુભાષ) નામની ફિલ્મ કરી હતી. હવે હું 'હૈવાન' ટાઈટલ ધરાવતું ચિત્રપટ કરી રહ્યો છું. એટલે એક રીતે ટ્રિલોજી - ઈન્સાન, જાનવર અને હૈવાન - પૂર્ણ થાય છે. જોકે, આવી ફિલ્મો કરવાનું કોઈ આયોજન નહોતું પણ બસ, એ થઈ ગયું.'

જોવાની વાત એ છે કે 'જાનવર' સુપરહિટ હતી જ્યારે 'ઈન્સાન' સુપરફ્લોપ હતી. 'હૈવાન'ના બોક્સ ઓફિસ પર કેવા હાલહવાલ થશે એ તો હવે ખબર...હા, અહીં એ પણ નોંધવું જોઈએ કે 'હેરાફેરી ૩' બનશે જ એવી સત્તાવાર જાહેરાત થઈ હોવાથી અક્ષયનું નામ 'હેરા ફેરી'ની ટ્રિલોજી સાથે પણ જોડાઈ ગયું છે.

હિન્દી ફિલ્મોના ઈતિહાસમાં ભારતમાં જન્મેલાં કેનેડિયન ફિલ્મમેકર દીપા મહેતાની ટ્રિલોજી વિશિષ્ટ પ્રકારની છે. 'એલિમેન્ટ્સ ટ્રિલોજી' (તત્ત્વ ત્રયી) બનાવનારા કદાચ એ વિશ્વનાં એક માત્ર ફિલ્મકાર છે. હોલિવૂડમાં પણ આ પ્રકારની ફિલ્મો બની હોય એવું કોઈ પણ ઉદાહરણ નથી. દીપા મહેતાએ 'ફાયર' (૧૯૯૬), 'અર્થ' (૧૯૯૮) અને 'વોટર' (૨૦૦૫) એમ ત્રણ ફિલ્મ બનાવી એક અનોખી ટ્રિલોજી પોતાના નામે કરી હતી. 'ફાયર'માં લેસ્બિયન સંબંધોનો મુદ્દો હતો અને ફિલ્મે ખાસ્સો વિવાદ ખડો કર્યો હતો. શબાના આઝમી અને નંદિતા દાસ મુખ્ય કલાકાર હતાં. બે વર્ષ પછી આવેલી 'અર્થ' (આમિર ખાન, નંદિતા દાસ)માં ૧૯૪૭માં પડેલા ભારતના ભાગલા કેન્દ્રસ્થાને હતા જ્યારે 'વોટર' (સીમા બિશ્વાસ, લીઝા રે)માં આશ્રમમાં રહેતી વિધવા નારીઓની વ્યથાનું નિરૂપણ હતું. 'અર્થ' અને 'વોટર'ને બેસ્ટ ફોરેન ફિલ્મ માટે નોમિનેટ કરવામાં આવી હતી, પણ બંને ફિલ્મ નોમિનેશનથી આગળ નહોતી વધી શકી.

અમિતાભ બચ્ચનનું નામ પણ ટ્રિલોજી સાથે સંકળાયેલું છે. રામ ગોપાલ વર્માએ અમિતજી સાથે 'સરકાર' (૨૦૦૫), 'સરકાર રાજ' (૨૦૦૮) અને 'સરકાર ૩' (૨૦૧૭) બનાવી હતી. ત્રણેય ફિલ્મમાં બિગ બી સુભાષ નાંગરેના રોલમાં હતા. પહેલી બે ફિલ્મનો બોક્સ ઓફિસ હિસાબ કિતાબ ઉજળો રહ્યો હતો, જ્યારે ત્રીજી ખાસ કંઈ ઉકાળી નહોતી શકી.

આ બધા ઉપરાંત, અન્ય પણ કેટલીક ટ્રિલોજી બની છે જેમાં 'ધ તાશ્કંદ ફાઈલ્સ' (૨૦૧૯), 'ધ કશ્મીર ફાઈલ્સ' (૨૦૨૨) અને 'ધ બેંગાલ ફાઈલ્સ' (૨૦૨૫) ઉપરાંત 'રેસ', 'ધૂમ' ઈત્યાદિ ઈત્યાદિ ફિલ્મોનો સમાવેશ છે. જોકે, અક્ષયની ટ્રિલોજી સાવ 'અનોખી' છે એ વાત સ્વીકારવી રહી. ■




## મેરિલ સ્ટ્રીપના અનોખા રોલ...



ઈતિહાસના ચોપડે હોલિવૂડની પહેલી ટ્રિલોજી તરીકે The Wizard of Oz series (The Patch-work Girl of Oz, The Magic Cloak and His Majesty Scarecrow of Oz)ના નામ અંકિત છે. આ ફિલ્મો ૧૯૧૪થી ૧૯૩૬ દરમિયાન રિલીઝ થઈ હતી. જોકે, આ ત્રણ ફિલ્મોના કંઈ બહુ વાજાં નહોતાં વાગ્યાં એટલે બહુ જૂજ દર્શકોએ જોઈ હશે. હોલિવૂડની સૌથી પ્રખ્યાત ટ્રિલોજી છે 'ગોડફાધર સિરીઝ' - The Godfather, The Godfather - 2 and The Godfather - 3. પહેલી બે અનુક્રમે ૧૯૭૨ અને ૧૯૭૪માં રિલીઝ થઈ હતી, જ્યારે ત્રીજી છેક ૧૯૯૦માં રજૂ થઈ હતી. અલ પચીનો અને માર્લોન બ્રાન્ડો મુખ્ય કલાકાર હતા. જોકે, આ વિશ્વ વિખ્યાત ટ્રીલોજી પહેલા ૧૯૬૦ના દાયકામાં પણ એક ધૂમ ધડાકા એક્શન ફિલ્મની ટ્રિલોજી આવી હતી. ખ્યાતનામ એક્ટર ક્લિન્ટ ઈસ્ટવૂડની 'ડૉલર્સ ટ્રિલોજી' તરીકે ઓળખાયેલી આ ત્રણ ફિલ્મો હતી A Fistful of Dollars (1964), For a Few Dollars More (1965) and The Good, the Bad and the Ugly (1966). આ સિવાય સ્ટાર વોર્સ, ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ સહિત અનેક ફિલ્મોના ઉદાહરણ ઉપલબ્ધ છે.

આ બધા વચ્ચે, અક્ષય કુમાર જેવા ત્રણ વૈવિધ્યપૂર્ણ રોલ હોલિવૂડ એક્ટ્રેસ મેરિલ સ્ટ્રીપે ભજવ્યા છે. Danish baroness in film Out of Africa સ્વભાવે નરમ અને આર્થિક રીતે પરાવલંબી પ્રકારનું છે. Margaret Thatcher in film The Iron Lady નામ પરથી જ મજબૂત મનોબળ ધરાવતી વ્યક્તિ પ્રતીત થાય છે. યુકેનાં એક સમયનાં વડાં પ્રધાન માર્ગરિટ થેચર સ્વાવલંબી અને ધાર્યું કરવામાં માનતાં હતાં. Miranda Priestly in The Devil Wears Prada તર્કના આધારે નહીં, પણ પોતાને ઠીક લાગે એ અનુસાર નિર્ણય લેતી વ્યક્તિ હતી

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# બોલિવૂડ બડા બૂરા... આજકાલ રાષ્ટ્રીય નફરતની સિઝન?



કોલેજમાં અગ્રવાલ નામનો ખૂબ જ બ્રિલીઅંટ, સારા પરિવાનો છોકરો સાથે ભણતો ને છેલ્લે સુધી ક્લાસમાં નં.૧ વન આવતો. વરસો બાદ હું ફિલ્મોમાં જોડાયો ત્યારે અનેક ફિલ્મી પાર્ટીઓમાં એ દેખાવા માંડ્યો. એકવાર મેં અગ્રવાલને પૂછ્યું, 'યાર, તું દરેક પાર્ટીમાં કઇ રીતે પહોંચી જાય છે?'

અગ્રવાલે આંખ મારીને કહ્યું, 'દરેક ફાઇવસ્ટાર હોટેલમાં સેટિંગ કર્યું છે ને પાર્ટીમાં ઘૂસીને સ્ટાર્સને નજીકથી જોઉં, ક્યારેક ભીડમાં સાલાઓને ટપલી પણ મારવાની મજા આવે!' હું હલી ગયો કે આ જ મારો બેસ્ટ ફ્રેંડ હતો કોલેજમાં? પછી કોઇ પાર્ટીની ભીડમાં અગ્રવાલે કોઇ સિનિયર કલાકારને ધક્કો મારીને મોટેથી કહ્યું: 'ક્યાં બે બુઢ્ઢે- ફ્લોપ હો ગયા ક્યા?'

મને થયું કે શું ફિલ્મવાળાઓ ટપલી મારવા કે હડધૂત કરીને ઉશ્કેરવાની આઇટમ છે?

આજે બોલિવૂડની ફિલ્મો ચાલતી નથી. કોવિડ પછી ટી.વી. પર ઓ.ટી.ટી.માં ફિલ્મ જોવાની આદત વધી, ફોન પર સતત ટાઇમપાસ રીલ્સ આવે, મલ્ટિપ્લેક્સમાં મોંઘી ટિકિટો,પોપકોર્ન, ફિલ્મોનું સ્તર જેવા અનેક કારણો છે પણ આજકાલ સોશ્યલ મીડિયામાં (ફેસબુક, ઇન્સ્ટા, ટ્વિટર(એક્સ) વગેરેમાં) બોલિવૂડને દિનરાત ગાળો જ અપાયે રાખે છે. દર બીજો માણસ ફિલ્મોનું વિવેચન, એકદમ ભદ્દી ભાષામાં કરે છે. કોઇપણ કારણ વિના કલાકારોના ધર્મ પર પ્રજાને ઉશ્કેરે છે. યુ-ટ્યૂબ ચેનલો તો ફિલ્મના રિલીઝ પહેલાં રિવ્યૂ, ફિલ્મ આવ્યા બાદ રિવ્યૂ, ન ચાલવા બાદ રિવ્યૂ અને હવે તો ફિલ્મની તારીખ નક્કી થાય ત્યારે અંકશાસ્ત્રીને બોલાવીને ફિલ્મ ફ્લોપ થવાની આગાહીઓનો મારો કરે છે.

વળી, જેને જોઈએ એ 'પરિવારવાદ' કે 'નેપોટિઝમ' પર ભરડે છે. માન્યું કે પરિવારવાદ બૂરી બલા છે પણ જે સમાજમાં ડૉક્ટરના સંતાનો ડૉક્ટર બને, નેતાના બાળકો નેતા બને, દુકાનદાર, સંતાનને જ દુકાન આપે, ઉદ્યોગપતિના સંતાનો જ કંપનીઓનો કારોબાર ચલાવે, અરે, ભૂતપુર્વ ન્યાયમૂર્તિઓના પુત્રો 'ચીફ જસ્ટિસ ઓફ ઇંડિયા' બને, ત્યાં માત્ર ફિલ્મલાઈન જ ભૂંડી કેમ? ત્યાં સુધી કે ફિલ્મ ટ્રેડ મેગેઝિનો, જે રિવ્યૂ સાથે બોક્સ ઓફિસ બિઝનેસ વિશે યુટ્યુબ ચેનલો જ્ઞાન પીરસે છે એ લોકો પણ પિતાશ્રીના મેગેઝિનમાં જ ગાદી સંભાળે છે તો સ્ટારસંતાન પર આટલો ઉહાપોહ શા માટે?

જે સુશાંત સિંઘ રાજપૂત મોતનાં કેસ અંગે એસ.આઈ.ટી., સી.બી.આઈ., સુધી ખોજબીન પતી ગઇ ને ગર્લફ્રેંડ રિયા ચક્રવર્તીને ક્લીન-ચીટ અપાઈ ગઈ હોય, પછી પણ હજી ગાળો જ આપવામાં આવે છે. બદનામીને લીધે એની કેરિયર, અંગત જીવન બરબાદ થઈ ગયું... છતાં એક અંગ્રેજી ઘોંઘાટભરી ચેનલનો એંકર હજી સુશાંત સિંઘ કેસની વાતો કાઢીને જેમાં રિયા અને લોકલ યુવાનેતા વિષે સતત બળાપા કાઢે છે... હદ તો એ છે હવે લોકો, સુશાંત સિંઘના આત્મા સાથે વાતો કરવાના દાવા કરીને રિયાને દોષી ગણાવે રાખે છે! વચ્ચે વિરાટ કોહલીની નબળી બેટિંગ માટે પણ 'અનુષ્કા કપૂરે જાદૂટોણાં કરેલા' એમ કહેવાયેલું, બોલો!અમુક યુટ્યૂબ ચેનલ પર બે-બે એંકરો મળીને દરેક વાતમાં રાષ્ટ્રપ્રેમ, ભારતીય સંસ્કારો કે સરકાર વિરોધને ઘસડીને બોલિવૂડને રોજ ધનાધન ધૂએ છે. અનેક સુશિક્ષિત, પ્રૌઢ લોકો હજીયે એમ માને છે કે શાહરુખ, આમીર, સલમાન ત્રણ ખાનની સફળતા માત્ર દાઉદના પૈસા ને દાદગીરીને જ કારણે છે. હવે એ વડીલોને કોણ સમજાવે કે પૈસા કે બળજબરીથી કોઈ સ્ટાર બનતું હોત તો સંજય ખાનનો દીકરો ઝાયેદ ખાનથી માંડીને દિલીપ કુમારનો ભાણેજ અયુબ ખાન, આમીરનો ભાઈ ફૈઝ ખાન કે ફિરોજ ખાનનો દીકરો ફરદીન ખાન પણ દાઉદ કે હાજી મસ્તાન જેવા સ્મગલર ગુનેગારોના પૈસે સ્ટાર્સ બની ગયા હોત. જો પરિવારવાદ જ સ્ટાર બનાવે તો અભિષેક બચ્ચન, તુષાર કપૂર, દેવ આનંદનો પુત્ર સુનિલ, રાજ કપૂરનો દીકરો રાજીવ જેવા કંઇ કેટલા સુપરસ્ટાર બની જાત!

હવે અચાનક ઘણાંને સાઉથની બધી ફિલ્મો ને સાઉથ ઇન્ડસ્ટ્રીઓ વહાલી લાગવા માંડી છે જેથી બોલિવૂડને સરખાવીને નીચી દેખાડી શકાય! કોઈ એક માણસ બીજાને રસ્તા પર ધીબેડે તો આખી ભીડ, બે લાફા મારીને હાથ સાફ કરે એમ ભારતની ભીડ બોલિવૂડ પાછળ પડી છે કે- 'માર સાલે કૂ'. રાજકીય પાર્ટીનાં આઇ.ટી.સેલવાળાઓ પ્રજાનું ધ્યાન 'મોંઘવારી બેકારી' વગેરેથી ભટકાવવા બોલિવૂડ ખિલાફ રોજેરોજ ચોવટ ચલાવે એમાં નવાઇ નથી પણ સામાન્ય માણસને બોલિવૂડ બરબાદ થાય એમાં શું મજા આવતી હશે?

કબૂલ કે બોલિવૂડ કંઈ દૂધથી ધોયેલું નથી. એમાં અનેક ખરાબી છે, હતી ને રહેશે પણ આજે તો રીતસર દરેક શુક્રવારે 'કઈ ફિલ્મ કેમ ના ચાલી?' ને 'કેટલું નુકસાન થયું' એની નેશનલ ઉજવણી ચાલે રાખે છે.

૧૨-૧૩ વરસ પહેલાં શાહરુખે બનાવેલી રા.વન ફિલ્મ આવેલી ત્યારે લોકોએ એના પર ખૂબ માછલા ધોયેલા. શાહરુખની મૂર્ખતા પર, શાહરુખના દેવાળા માટે, શાહરુખ ને એના સંતાન પર, એની બહેનના માનસિક રોગ પર, એના ધર્મ પર, એના હકલાવા પર ને રા.વન સાથે બાવન-ત્રેપન જેવા જોડકણાં અને ગંદા જોક્સ મૂકીને સૌએ મડદાંચૂંથ લેવલની બેતહાશા મજા લૂંટેલી.

૧૦૦ વાર માન્યું કે વિવેચકોને ફિલ્મ વખોડવાનો હક્ક છે, ટિકિટ લેનારને પણ બોલવાની આઝાદી મુજબ પોતાનો મત આપવાની છૂટ છે, પણ સવાલ ગાલીબાજ મનોવૃત્તિનો છે. આ વૃત્તિમાં અભણ, ભણેલાઓ, સંસ્કારીજનો, રાજનેતાઓ, મીડિયાવાળાઓ તમામમાં બદતમીઝીની અજીબ એકતા આવી ગઈ છે. અહીં બોલિવૂડની વકીલાતનો ઇરાદો નથી, પણ આજે બોલિવૂડ 'રાષ્ટ્રીય નફરત ઉત્સવ' બની ગયું છે. કદાચ આમ આદમીને પોતાના બોરિંગ બેરંગ જીવનમાં રંગ લાવવા સ્ટાર્સ પર ગંદી મજાક કરવા માટે, અંદરના બીજા ફ્રસ્ટ્રેશન કાઢવા માટે, બોલિવૂડ એક પંચિંગ બેગ છે, કાઢો ક્રોધ એના પર... વળી કોઇ માટે પાઈરેટેડ કે ડાઉનલોડેડ ફિલ્મોના ઢગલા પર બેસી સફળ સ્ટાર્સ કરતાં સારા દેખાવાનો મફતિયો મોકો છે.

એકવાર સ્ટાર ગીતકાર આનંદ બક્ષીને કોઇ પત્રકારે પૂછેલું કે તમારા બદલે બીજા ભાડૂતી કવિઓ તમારા ગીતો લખે છે? ત્યારે બક્ષીએ કહેલું: 'ભાઇ, આ હું વરસોથી આવું સાંભળું છું. હવે તો ઘરે આવતો દૂધવાળો પણ કંઇ ગણગણે તો હું એને 'ચૂપચાપ' રહેવા કહું છું કે કાલે એ દાવો ના ઠોકી બેસે કોઇ ગીત પર!'

હવે બોલિવૂડનો પણ 'ચૂપચાપ' ગાળો ખાવાનો વારો છે. ■




અરવિંદ વેકરિયા

# તમારી હાજરીમાં 'મીઠું' બોલે ને એ જ ગેરહાજરીમાં 'મીઠું' ભભરાવે...!

નૈરોબીની ચારેબાજુ પથરાયેલ લીલોતરી મનને પ્રસન્નતાથી ભરી દેતી. આવી લીલોતરી મેં કેરાલામાં પણ જોઈ હતી. કુદરતે દોથા ભરી-ભરીને જાણે ભૂમિને લીલીછમ બનાવી દીધી ન હોય.! આવી હરિયાળી વચ્ચે ત્રિપુટીને વિદેશી સફર માણવાનો આનંદ અનેરો હતો. અમારાં ત્રણનાં ગણતરીનાં એવાં સંબંધ હતાં, જેમાં કોઈ ગણતરી નહોતી અને એટલે જ મજા આવતી હતી.

અમારાં બધાં જ શો 'થિયેટર ઓફ કેનિયા'માં જ હતાં. બાબુલ ભાવસારના 'નાથ થિયેટર'નાં નેજા હેઠળ અમે, હું, અલીરઝા નામદાર, હેમંત ઝા, દિલીપ દરબાર,પલ્લવી પ્રધાન અને હાલમાં સિદ્ધાર્થ સાથે જોડી જમાવી છે તે તેજલ વ્યાસ વગેરે... ટૂર કરેલી અને એ વખતે ઓસવાલ થિયેટર, જે સ્કુલનો એક ભાગ હતું ત્યાં મંચન કરેલું.

સનતે હમણાં યાદ દેવરાવ્યું કે 'તને કપડાં ધોવાં માટે હેરાન તો કરેલો પણ એકવાર કપડાં ધોયાં પછી એ બહાર સૂકવેલાં અને ઓચિંતો વરસાદ આવતાં તારા કપડાં સાથે અમારાં કપડાં જલ્દી-જલ્દી લઇ આવવા તને જ કહેલું. સાચું કહું, મને જરા પણ ખોટું નહોતું લાગ્યું. બધું ભૂલી જવા જેવી વાત ભૂલી જવાની અમારી ત્રણેયની આદત. કદાચ એટલે જ અમારી વચ્ચે મીઠાશ આજે પણ અકબંધ રહી છે. સંબંધોમાં આનંદ ત્યાં જ હોય જ્યાં ભૂલોને ભૂલી જવાની સમજણ હોય.

સિદ્ધાર્થની વેપારી કુનેહને દાદ આપવી પડે. હું ચંદ્રકાંત શાહ, જે નાઝ કંપાઉંડમાંથી 'ચિત્રપટ' નામનું સામયિક પ્રગટ કરતા. એમણે મારા નાટક જીવન ચોપાટની વી.એચ.એસ.બનાવેલી, જે મેં સાથે લીધેલી. રાજાણી સાથે પરિચય તો થયો જ હતો.

એમણે મારી અન્ય પ્રવૃત્તિ વિષે પૂછ્યું તો મેં કહ્યું, 'મેં છેલ્લે જે નાટક કરેલું એની કેસેટ તમને આપીશ.'

આ વાત સિદ્ધાર્થે સાંભળી. મને સાઈડમાં બોલાવી કહ્યું, 'દાદુ, આવી રીતે ડાયરેક્ટ કોન્ટેક્ટ નહીં કરવાનો'. મને નવાઈ એટલે લાગી કે મારે કોઈ મારાં નાટક 'વેચવા' નહોતા. હું ભૂલી ગયો કે સિદ્ધાર્થનાં સ્પોન્સર સાથે મારે ટૂર ચાલુ હોય ત્યારે 'ડીલ' ન જ કરાય, જે મારે કરવી જ નહોતી, પણ સિદ્ધાર્થનાં ચકોર કાને ધંધાદારી સમજ સાથે સાંભળી મને કહ્યું. એટલે જ આજે એ દરેક ક્ષેત્રે ખમતીધર છે. એ વાતનું મને ખોટું પણ નહોતું લાગ્યું.

આવી બધી નાની-મોટી વાતો થતી રહેતી. હા, ઝઘડા નહોતાં. ત્યાં એક લલિત પટેલ કરીને રાજાણીનાં મિત્ર હતા. એ દિવસે શો નહોતો એટલે લલીતભાઈને ત્યાં ચા-પાણીનો પ્રોગ્રામ રાખેલો. અમે ત્યાં પહોંચ્યાં. રાજાના મહેલને શરમાવે એવું ઘર હતું.

લલિતભાઈ પણ ઉત્સાહી. આખું ઘર અમને બતાવ્યું. એમનાં બાથરૂમના બધાં નળ અને શાવર, બધું સોનાનું. ત્યાં ડ્રીન્કસ પણ રાખેલું. સિદ્ધાર્થે કહ્યું, 'લલિતભાઈ કહે એટલે બધાં તરત શરૂ ન થઈ જતાં. મને ફોલો કરજો. મને લાગશે ત્યારે હું ગ્લાસ ઉપાડીશ પછી તમે શરૂ કરજો.' આ ડિસિપ્લીનની વાત હતી. આની સામે અમારી 'ટીચર્સ વ્હિસ્કી' તો મોટા હાથી સામે નાનકડું જીવડું લાગે. જાત-જાતની વ્હિસ્કી- બિયર ત્યાં ખડકેલાં હતાં. સિદ્ધાર્થની વાત સાચી હતી. કલાકારોની ઈમેજ સચવાવી જોઈએ. એમનું વર્તન છેલ્લી પાટલીએ બેસી જઈએ એવું ન હોવું જોઈએ. આ વાતનું ધ્યાન રહે એ માટે આ ટકોર હતી. સામે પહાડ નહીં, પરંતુ પગરખામાં રહી ગયેલ કાંકરી જ સફરમાં અવરોધ ઉભો કરે છે.

પાર્ટી પૂરી કરી બધાં અજી-હાઉસમાં પાછા ફર્યા. ખબર નહીં પણ એવું લાગતું હતું કે 'મસાઈમારા' જવાનું જાણે મુલત્વી રખાતું ન હોય. જતીન, રસિક અને સિદ્ધાર્થ બધાં આ પહેલાં આવી ગયાં હતાં એટલે કદાચ બધું જોયું પણ હોય. જયારે અમારી ત્રિપુટી તો જેટલું જોવાય એ જોઈ લેવા આવેલાં. મસાઈમારા તો આવતાં પહેલાં નક્કી થયેલું પણ જાણે બીજા કોઈને યાદ જ નહોતું. અમે કલ્પનાનાં ઘોડા દોડાવતાં કે મસાઈમારાનો જે ખર્ચ આવવાનો હશે એની રોકડી તો નહીં કરતાં હોય? આવી વાતો અંદરોઅંદર થયાં કરતી. તમારી હાજરીમાં મીઠું બોલનારા ઘણાં લોકો તમારી ગેરહાજરીમાં મીઠું ભભરાવતાં હોય છે.

ખેર! મસાઈમારાની વાત આગળ આવશે. હું જે બે નાટકોમાં હતો એનાં શો વધતાં જતાં હતાં. હું રાજી થતો. શોની નાઈટ ગણતો અને પોરસાતો રહેતો.

એક દિવસ સવારનો શો હતો. મેં અને સનત-સચ્ચુએ મુંબઈની કોઈ વાનગી ખાવાનું નક્કી કર્યું. એ બહાને અહીંનું 'હોટલ-દર્શન' પણ થઈ જાય. વાત કરી તો રાજાણીએ કારની વ્યવસ્થા કરી આપી. અમે ત્યાની કોઈ પંજાબી હોટલમાં લઇ જવા ડ્રાયવરને કહ્યું. એ હોટલની બહાર અંગ્રેજીમાં વાનગીઓનું બોર્ડ હતું. અમારી નજર છોલે-ભટુરે પર પડી અને એ ખાવાનું નક્કી કર્યું. થોડા શિલિંગ 'વસ્તુ' વેંચીને મેળવેલા તો અમુક એડવાન્સ પણ લીધેલાં એટલે ખીસ્સા વજનદાર હતા. ૧૯૯૦માં ત્યાં છોલે-ભટુરેનો ભાવ પ્લેટના ૪૫ શિલિંગ હતો... ત્રણ વચ્ચે અમે બે પ્લેટ મગાવી.

એ છોલે-ભટુરે આવ્યાં ત્યારે અમે ખૂબ હસ્યાં. એક બાઉલમાં છોલે હતાં જેમાં વટાણા સાવ તળિયે અને ઉપર નર્યું પાણી. ભટુરે પાણીપુરીની પૂરી કરતાં સ્હેજ મોટા. પુરીમાં કાણું પાડી એમાં બાઉલનું પાણી ભરી રીતસર પાણીપુરીની જેમ ખાધાં અને પછી ચમચીથી વટાણા. ખાતાં રહ્યાં અને હસતાં રહ્યાં. અહીં કદાચ આવું જ ચાલતું હશે. બધું શીખી લેવું એ જ્ઞાન નથી પણ ઘણું નજરઅંદાજ કરવું એ પણ જ્ઞાન છે. અમે આખી વાત નજરઅંદાજ કરી બીલ ચૂકવી દીધું. જતા જતાં વેઈટરને કહ્યું. ક્વાહેરી.

(એટલે 'આવજો'. ત્યાં સ્વાહિલી ભાષા બોલાય. થોડા વધુ શબ્દો આગળ જણાવીશ.) ■



**ડબલ રિચાર્જ**

*રવિવારના ખોટાં ખર્ચાથી મુક્તિ મેળવવાં દર શનિવારે તમારી પત્ની સાથે ઝઘડો કરો અને સોમવારે સમાધાન...*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# અભિનય-ગીત-નૃત્યનો ત્રિવેણી સંગમ એટલે...

## એક્ટિંગની આવડત અને ડાન્સના કૌશલ્યને કારણે મેહમુદની બહેન મીનુ મુમતાઝને આજે પણ સિનેરસિકો યાદ કરે છે











એમના સમયના મશહૂર એક્ટર-ડાન્સર મુમતાઝ અલીની સુપુત્રી અને ૧૯૬૦ના દાયકામાં હીરો કરતાં પણ વધુ મહત્ત્વ ધરાવતા અને વધુ મહેનતાણું લેતા કોમેડિયન નંબર વન મેહમુદની બહેન એવા બે દમદાર લેબલ લાગ્યા હોવા છતાં મીનુ મુમતાઝ આવડતના જોરે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક નાનકડું પણ દમદાર સ્થાન જમાવવામાં સફળ રહી હતી એ નિઃસંદેહ વાત છે. ૭૦ વર્ષ પહેલાં ૧૯૫૫માં ગુજરાતી દિગ્દર્શક નાનુભાઈ વકીલની ફિલ્મ ‘સખી હાતિમ’થી ચિત્રપટ ઉદ્યોગમાં પગ માંડનાર મીનુ મુમતાઝ માત્ર એક દાયકો ફિલ્મોમાં સક્રિય રહી. જોકે, આ દરમિયાન નાનકડા રોલ અને કેટલાક સોલો ડાન્સ સોન્ગ અને કેટલાંકમાં જુગલબંધી કરીને એ પોતાનું અલાયદું સ્થાન બનાવવામાં સફળ રહી હતી. અબ્બાજાન શરાબી બની જતા બે ટંકના રોટલા ભેગા થવા ભાઈ- બહેન મેહમૂદ અને મીનુ મુમતાઝે ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કરવું પડ્યું હતું. ભાઈ મેહમુદ બહેન મીનુ કરતાં ઉંમરમાં મોટો, પણ નાની બહેને પરિવાર નિભાવવાની જવાબદારી પહેલા સંભાળી લીધી હતી.

‘સખી હાતિમ’ ૧૯૫૫માં રિલીઝ થઈ હતી. કુલદીપ કૌર નામની અભિનેત્રીએ મીનુ મુમતાઝને ‘સખી હાતિમ’માં જોઈ અને એ મુમતાઝ અલીની દીકરી હોવાથી નૃત્ય કરવામાં રસ છે કે કેમ એવો સવાલ કર્યો. અભિનેત્રીને તો ભાવતું’તું અને વૈદે કીધું જેવો ઘાટ થયો અને ‘મિસ કોકાકોલા’ ફિલ્મમાં પહેલીવાર ડાન્સ કરવાનો મોકો મળ્યો. ત્યારબાદ ડાન્સના રોલ એક પછી એક મળવા લાગ્યા.

૧૯૫૬માં આવેલી ‘હલાકુ’ (જેમાં પ્રાણ હીરો હતા)માં મીનુ મુમતાઝ અને હેલન પર એક યુગલ ગીત (અજી ચલે આઓ - લતા મંગેશકર અને આશા ભોસલે) પિક્ચરાઇઝ કરવામાં આવ્યું હતું. એ સમયે હેલનના નામની ખ્યાતિ ધીમે ધીમે પ્રસરી રહી હતી, પણ મીનુ મુમતાઝ જરાય ઊણી નથી ઊતરી. અલબત્ત, હેલને નૃત્ય કૌશલ્ય માટે મીનુ મુમતાઝની પ્રશંસા કરી એનો ઉત્સાહ વધાર્યો હતો. કુકુ સાથે પણ એક સોન્ગ (છોડો છોડો જી બૈયાં - બારાદરી)માં નૃત્ય પેશ કરી એ છવાઈ ગઈ હતી. ‘સીઆઇડી’, ‘ચૌદહવી કા ચાંદ’, ‘જાગ ઉઠા ઈન્સાન’, ‘સાહિબ બીબી ઔર ગુલામ’, ‘બારાદરી’... લાઇનબંધ ડાન્સિંગ રોલ મળવા લાગ્યા.

ડાન્સના કેટલાક રોલ કર્યા પછી મીનુ મુમતાઝને થયું કે બસ, બહુ થયું હવે એક્ટિંગ કરવાનો સંતોષ થાય એવા રોલ જ કરવા છે. સદનસીબે એ સમયના ટોપ કોમેડિયનો સાથે મીનુને કોમેડી રોલ મળવા લાગ્યા. જોની વોકર, ઓમ પ્રકાશ, સુંદર અને ભાઈજાન મેહમુદ સાથે પણ....

જોકે, એમાં એક મોટો ડખો થયો. શક્તિ સામંતની ‘હાવડા બ્રિજ’ (‘મેરા નામ ચીન ચીન ચુ’ ગીતથી હેલનના ડંકા વાગવા લાગ્યા હતા)માં મીનુ મુમતાઝનો ભાઈ મેહમુદ સાથે રોમેન્ટિક રોલ હતો. એક યુગલ ગીતમાં એ ભાઈ - બહેન પડદા પર રોમેન્ટિક અદામાં ડાન્સ કર્યો. જોકે, ફિલ્મ રિલીઝ થતાં વેંત ‘હાય હાય! ભાઈ - બહેનથી રોમેન્સ કરાય જ કેમ?’ જેવા વિરોધનો જુવાળ ઊમટ્યો એટલે મીનુ મુમતાઝે મેહમુદને કહી દીધું કે ’લો ભાઈજાન, હો ગઈ છુટ્ટી. હવે સાથે કામ કરીશું તો ભાઈ-બહેનના રોલ જ કરવાના.’

૧૯૬૦ના દાયકામાં દારા સિંહ કુસ્તી ઉપરાંત રૂપેરી પડદે ગજબનાક લોકપ્રિયતા ધરાવતા હતા. કેટલીક ફિલ્મોમાં મુમતાઝ એમની હિરોઈન હતી. ટોચના હીરો સાથે જોડીની સંભાવના શૂન્ય હોવાથી દારા સિંહ સાથે કામ કરવા મીનુ મુમતાઝ ઉત્સુક હતી. ‘ફૌલાદ’માં એ તક મળી અને ગીત જોશો તો ખ્યાલ આવી જશે કે મીનુ મુમતાઝના નૃત્યએ મુમતાઝ પર સરસાઈ મેળવી છે. હીરોઈન મુમતાઝ હોવા છતાં મીનુ મુમતાઝની છબી દર્શકના માનસપટ પર અંકિત થઈ ગઈ. પ્રસ્તુત છે મીનુ મુમતાઝના પાંચ સદાબહાર નૃત્ય ગીત, જેમકે...

**બૂજ મેરા ક્યા નામ રે (સીઆઈડી)**

ગીતનું ફિલ્માંકન હીરો કે હીરોઈન પર થયું હોવા છતાં બંનેમાંથી કોઈ પડદા પર ગીત ન ગણગણતું હોય એવા કેટલાંક ગીત હિન્દી ફિલ્મોમાં સમયાંતરે જોવા મળ્યા છે. આ ગીત એ શ્રેણીમાં બિરાજે છે. દેવ આનંદ - શકીલાની હાજરી અલપઝલપ છે, જ્યારે સખીઓ સાથે મીનુ મુમતાઝ પડદા પર છવાઈ જાય છે. અભિનેત્રીનું આ પ્રથમ હિટ સોન્ગ હતું અને આ ગીતને મળેલી અફાટ લોકપ્રિયતાને પગલે ફિલ્મ પ્રોડ્યુસરોમાં મીનુ મુમતાઝને સાઈન કરવા ગજબની ઉત્સુકતા જોવા મળી. ફિલ્મમાં એક્ટ્રેસનું યોગદાન એક ગીત પૂરતું સીમિત હોવા છતાં દર્શકો અને ફિલ્મમેકરોની નજરમાં એ વસી ગઈ એનું કારણ એનો મોહક ચહેરો અને એની નૃત્યની અદાઓ હતી. આજે પણ આ ગીત સ્મૃતિપટ પર અંકિત છે.

**જાનુ જાનુ રી... ( ઈન્સાન જાગ ઉઠા )**

હિન્દી ફિલ્મના ઈતિહાસ પર નજર નાખવાથી એવાં અનેક ઉદાહરણ મળી આવે જેમાં ફિલ્મની વાર્તા, એના કલાકારો અને ક્યારેક નામ સુધ્ધાં વિસરાઈ ગયા હોય, પણ એના એકથી વધુ ગીત આજે પણ લોકજીભે રમતા હોય. ૧૯૫૯માં આવેલી ‘ઈન્સાન જાગ ઉઠા’ એવી ફિલ્મ છે. દિગ્દર્શક શક્તિ સામંત અને સુનીલ દત્ત - મધુબાલા જેવાં સ્ટાર અને એની સ્ટોરી ભાગ્યેજ કોઈના સ્મરણમાં હશે, પણ એના ગીત ‘જાનુ જાનુ રી કાહે કો ખનકે હૈ તેરા કંગના’ તેમ જ ‘ચાંદ સા મુખડા ક્યું શરમાયા’ અને ‘યે ચંદા રૂસ કા ના જાપાન કા, ના યે અમ્રિકન પ્યારે યે તો હૈ હિન્દુસ્તાન કા’ વાગે તો રસિયા સાથે ગણગણવા લાગે. ફિલ્મનાં ગીતોમાંથી સૌથી વધુ લોકપ્રિય થયું હતું ‘જાનુ જાનુ રી’. ફિલ્મમાં મીનુ મુમતાઝની જોડી કોમેડિયન સુંદર સાથે હતી. બંને બહેનપણી એકબીજાને સંભાષણ શૈલીથી પ્રેમ સંબંધ માટે ચીડવે છે. શબ્દોની સાદાઈ, મધુર ધૂન અને એના પર મીનુ મુમતાઝે કરેલા મોહક નૃત્યએ ગીતને ચાર ચાંદ લગાવી દીધા છે.

**દિલ કી કહાની રંગ લાઇ હૈ ....(ચૌદહવી કા ચાંદ)**

શકીલ બદાયૂં સાહેબની કલમ, સંગીતકાર રવિનું સ્વરાંકન અને આશા ભોસલેના સ્વરમાં માદકતાનો સરવાળો એટલે આ મુજરા ગીતમાં મીનુ મુમતાઝનું પડદા પર છવાઈ જવું....અહીં પણ ફિલ્મમાં માત્ર એક ગીત પૂરતી હાજરી હોવા છતાં એની અભિનેત્રી તમારા દિલ પર શાસન કરી જાય છે. એમાંય ‘દિલ કી કહાની રંગ લાઈ હૈ, અલ્લાહ દુહાઈ હૈ દુહાઈ હૈ, સાંસે હૈં હલ્કી હલ્કી, આંખેં હૈં છલકી છલકી, આજ તો જાન પે બન આઈ હૈ’ પંક્તિઓ વખતે દર્શકો મીનુ મુમતાઝના ક્લોઝ અપના દીવાના ન બની જવાય તો જ નવાઈ લાગે.

**સાકિયા આજ મુજે નીંદ નહીં આયેગી... ( સાહિબ બીબી ઔર ગુલામ )**

આ ગીત સિનેમેટોગ્રાફર વી. કે. મૂર્તિના કેમેરાવર્ક અને લાઈટિંગની કમાલ તેમ જ હેમંત કુમારના સંગીત માટે વધુ ખ્યાતનામ છે એ વાત સાચી, પણ ગીતના ભાવને પ્રભાવીપણે પડદા પર સાકાર કરી દર્શકોને રસતરબોળ કરવામાં મીનુ મુમતાઝનો ફાળો પણ નાનોસૂનો નથી. સોહનલાલની લાજવાબ કોરિયોગ્રાફીને અભિનેત્રીના નૃત્યને અફલાતૂન બનાવી દીધું છે. ગીત અને એના કમ્પોઝિશનનો મૂડ મીનુ મુમતાઝના પરફોર્મન્સ સાથે બરાબર મેળ બેસવાને કારણે ગીત અવિસ્મરણીય બન્યું છે. એક ગીતથી જ દર્શકોના દિલમાં સ્થાન જમાવી દેવાનો મીનુ મુમતાઝનો હુન્નર અહીં પણ જોવા મળે છે.

**જબ જબ તુમ્હે ભૂલાયા ... ( જહાં આરા )**

આ ગીતની એક ખાસિયત એ છે કે ફિલ્મની વાર્તા અનુસાર - રીલ લાઈફની બે બહેન (મીનુ મુમતાઝ અને અરુણા ઈરાની) પર ફિલ્માવાયેલું આ ગીત રિયલ લાઈફની બે બહેનો લતા મંગેશકર અને આશા ભોસલેએ ગાયું છે. ગીતનો પ્રારંભ વાદ્ય વાદનથી થાય છે અને લગભગ ૫૦ સેકન્ડ સુધી મીનુ મુમતાઝનું આહલાદક નૃત્ય દર્શકોને ગીત સાથે શરૂઆતથી જ ઓતપ્રોત કરી દે છે. ગીત આગળ વધે છે અને અરુણા ઈરાની જોડાય છે, પણ નજર તો મીનુ મુમતાઝને જ શોધતી ફરે એવો એનો જાદુ છે. ગીત સ્લો ટ્યુનનું હોવા છતાં મીનુ મુમતાઝના નૃત્યના કારણે પ્રેક્ષણીય બન્યું છે. ■




મહેશ નાણાવટી


# બિન્દાસ... પૂછીને ચોરેલી ધૂનો!

આજકાલ ‘સૈયારા’નું એક ગીત બહુ હિટ થયું છે. એ જ ગીત જાણે કિશોરકુમારે પોતે ગાયું હોય એ રીતે સોશ્યલ મીડિયામાં ‘સૈયારા’ (૧૯૮૦) એવું લખીને ફરતું થઈ ગયું!

આ જોઈ - સાંભળીને લોકોને લાગ્યું કે ‘લા લે લે! આ તો આખેઆખું ગાયન ચોરેલું છે!’

જોકે પછી ખબર પડી કે એ તો AI (આર્ટિ ફિશ્યલ ઈન્ટેલિજન્સ )ની મદદથી આખું નવું જ વર્ઝન તૈયાર થયેલું છે...!

આમેય સોશ્યલ મીડિયામાં ક્યું હિન્દી ગાયન કયા અરેબિયન સોંગની કોપી છે કે ક્યું સુપરહિટ બોલિવૂડ સોંગ હોલિવૂડમાંથી કોણે બેઠું ઉઠાવ્યું છે તેના ‘નમૂના’ સહિતની સામગ્રી ફરતી રહે છે, પરંતુ આજે આપણે અમુક એવાં ગાયનોની વાત કરી રહ્યાં છીએ, જેમાં ખુદ એક સંગીતકારે બીજા સંગીતકારને પૂછીને અથવા કહીને તેની ધૂન ‘માગી લીધી’ હોય!



સચિનદેવ બર્મન

પહેલું જ ઉદાહરણ શંકર -જયકિશન અને સચિનદેવ બર્મનનું છે. ફિલ્મ ‘ચોરી ચોરી’નું પેલું ખૂબ જ મશહૂર થયેલું ગીત ‘રસિક બલમા, દિલ ક્યું લગાયા...’ જ્યારે રેકોર્ડ થઈ રહ્યું હતું ત્યારે કોઈ કામસર સચિનદા એ સ્ટુડિયોમાં આવ્યા હતા. આ ગીત સાંભળતાં જ એમને એટલું બધું ગમી ગયું કે એમણે શંકર - જયકિશનને કહ્યું : ‘મુખડાના સૂર મને એટલા બધા ગમી ગયા છે કે મને તે લઈ લેવાનું મન થાય છે!’ શંકર- જયકિશન તો એમના જુનિયર હતા અને સચિનદાને ખૂબ જ માન આપતા હતા. એમણે કહ્યું : ‘દાદા, આપ હી કા ગાના હૈ, જિતના ચાહે ઉતના લે લો.!’

-અને ખરેખર, સચિનદાએ એ જ સૂરો ઉપરથી ગીત બનાવ્યું : ‘ચાંદ ફિર નિકલા... મગર તુમ ન આયે...’ (ફિલ્મ : પેઈંગ ગેસ્ટ) તમે આ બંને મુખડા ગણગણી જોશો તો ખ્યાલ આવશે કે કેટલી બધી સમાનતા છે! એટલું જ નહીં, એક ગીતનો અંતરો પૂરો કરીને જો તમે બીજા ગીતનું મુખડું ગાશો તો લાગશે કે આ જ એનું મુખડું હશે!’

બીજો કિસ્સો એવો છે કે ધૂનની ચોરી કરનારે જાતે કહ્યું ત્યારે જ ધૂનના અસલી રચયિતાને ખ્યાલ આવ્યો કે ‘અરે, હાયલ્લા... આ તો મારી જ ધૂન!’

વાત એમ હતી કે એ જમાનાના મશહૂર સંગીતકાર રોશન એકવાર સચિનદેવના ઘરે પધાર્યા હતા. વાતો વાતોમાં સચિનદાએ કહ્યું તમારી ‘મમતા’ ફિલ્મનાં ગીતો ખૂબ સુંદર બન્યા છે. એમાંય ખાસ કરીને



શંકર-જયકિશન



સંગીતકાર રોશન

પેલું, ‘રહેં ના રહેં હમ...’ તો ગજબનું છે.! ’

આ સાંભળીને રોશનજી કહે છે : ‘દાદા, એ તો તમારી જ ધૂન છે!’ સચિનદા વિચારમાં પડી ગયા... રોશને યાદ દેવરાવ્યુંઃ ‘તમારું ‘નૌજવાન’ ફિલ્મનું ગીત છે ને? ‘ઠંડી હવાએં, લહરા કે આયેં...’

હવે આખો ખેલ જુઓ... ‘નૌજવાન’ આવી હતી (૧૯૫૧)માં અને ‘મમતા’ આવી (૧૯૬૬)માં મતલબ કે પૂરાં પંદર વરસ પછી એક સંગીતકારે બીજા સંગીતકારની ધૂન ‘લીધી’ (કહ્યા વિના) છતાં મૂળ સંગીતકારને એની ખબર નહોતી! આ તો કહ્યું ત્યારે ખબર પડી!

જોકે, એ જમાનામાં આવી સરસ મજાની ખેલદિલી હતી કે એક દિગ્ગજ સંગીતકાર બીજા એટલા દિગ્ગજ સંગીતકાર સામે આવું કબૂલ કરે! એટલું જ નહીં, સિનિયર સંગીતકાર આખી વાતને હસવામાં કાઢી નાખે!

જોકે વાત અહીં પૂરી નથી થતી. આ આખો કિસ્સો રાહુલ દેવ બર્મને ‘દૂરદર્શન’ના જમાનામાં તબસ્સુમને ‘ઓન ટીવી’ કહ્યો હતો. એમાં ઉમેરો કરતાં રાહુલ દેવે કહ્યું કે એ જ ધૂન મેં ‘બાપ કા માલ’ સમજીને ‘સાગર’ ફિલ્મમાં વાપરી છે! ગીત છે ‘સાગર કિનારે, દિલ યે પુકારે...’ !

આમ જોવા જાવ તો રાહુલદેવ જરા અર્ધસત્ય બોલ્યા કહેવાય, કારણ કે આ જ ‘સાગર’ ફિલ્મવાળી ધૂન, જીહા, ડીટ્ટો અંતરા સાથેની આ ધૂન, અગાઉ તે ‘નરમ ગરમ’ (૧૯૮૧) નામની ફિલ્મમાં પણ વાપરી ચૂક્યા હતા! પરંતુ એ ગાયન કંઈ ખાસ જાણીતું થયું નહોતું. એટલે ‘સાગર’ ૧૯૮૫માં ‘બાપનો માલ’, જે હવે ‘પોતાનો માલ’ થઈ ગયો હતો, તેને બીજી વખત ઠપકારી દીધો હતો!



કિશોર કુમાર

આવી સામેથી કહીને ઠપકારેલી ધૂનના કિસ્સામાં એકવાર કિશોકકુમારે સચિનદેવ બર્મનને રીતસર ‘લૂંટી’ લીધા હતા. આ કિસ્સો છે ‘છૂપા રુસ્તમ’ (૧૯૭૩)નો.

વાત એમ હતી કે ફિલ્મમાં એક હળવા કોમેડી ગાયનની સિચ્યુએશન હતી, અહીં ગીતકાર નીરજ ઉપરાંત કિશોરકુમાર પણ હાજર હતા. ગીતના શબ્દો શું હોઈ શકે એની ચર્ચા ચાલતી હતી ત્યાં કિશોરકુમારે સચિનદાનું જ એક જૂનું ગીત પોતાની રીતે તોડી-મરોડીને ગાવા માંડ્યું! જૂનું ગીત હતું ‘ધીરે સે જાના બગિયન મેં, રે ભંવરા...’ (૧૯૪૦નું ગૈર ફિલ્મી ગીત) એનું તોફાની વર્ઝન કિશોરકુમારે બનાવ્યું ‘ધીરે સે જાના ખટિયન મેં, ઓ ખટમલ!’

આપણે કલ્પના કરી શકીએ છીએ કે સચિનદા પહેલાં તો ડઘાઈ ગયા હશે! પરંતુ પછી થયું હશે કે ‘છેવટે તો હું જ મારા ગીતની પેરોડી બનાવી રહ્યો છું ને? એમાં મારે મારું જ ખોટું શેનું લગાડવાનું?’

ટૂંકમાં, એકવાર મુખડું ગમી ગયા પછી અંતરા લખવામાં કોઈ મુશ્કેલી નડી નહીં. કિશોરકુમારની આ પેરોડી ઘુસાડવાની આદતનો શ્રેષ્ઠ નમૂનો છે ‘પડોસન’ (૧૯૬૮)નું મશહૂર તોફાની ગાયન ‘એક ચતૂર નાર કરકે સિંગાર...!’ એમાં પણ કિશોરકુમાર અચાનક ‘ઓ મેરી બિંદુ... મેરી પ્યારી બિંદુ...’ ગાવા લાગે છે તે પણ સચિનદાનું જ એક જૂનું, લગભગ ખોવાઈ ગયેલા ગીતનું ‘મચડી નાખેલું’ વર્ઝન છે! અહીં સંગીતકાર આરડી બર્મન જ હતા એટલે ચોરી, લૂંટ, ઉઠાંતરી જે શબ્દો વાપરવા હોય તે, ખુલ્લ દિલથી વાપરી શકાય તેમ હતું!

તમને થતું હશે કે આ તમામ કિસ્સા સચિનદેવ બર્મનના જ કેમ છે? તો તેમાં એવું છે કે આજના પ્રીતમ, વિશાલ શેખર કે અનુ મલિક તો જાહેરમાં કહી જ ના શકે ને, કે ‘ફલાણું ગાયન મેં ફલાણા વિદેશી ગાયનમાંથી તફડાવ્યું હતું!’ ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ગોવિંદાના ઘીના ઠામમાં ઘી?



ગોવિંદાના છૂટાછેડા થાય છે. સુનીતા (ગોવિંદાની પત્ની) જાતે કોર્ટમાં જઈને પેપર્સ ફાઈલ કરી આવી છે. આ પ્રકારની વાતો મીડિયામાં અને સોશ્યલ મીડિયામાં એક અઠવાડિયાથી ચાલી રહી છે, પરંતુ હવે ગોવિંદાપુત્રી નર્મદા ઉર્ફે ટીનાએ આ પ્રકરણ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

મળતા અહેવાલ મુજબ ટીનાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ‘આવું કશું જ નથી. અમારો પરિવાર એક જ છે અને તે નસીબદાર છે કે એને એક પ્રેમાળ પરિવાર મળ્યો છે...’ આ ગણેશ ચતુર્થી અમે બધાં સાથે મળીને ઉજવીશું એમ પણ એણે ઉમેર્યું હતું, પરંતુ, જ્યાં ધુમાડો હોય ત્યાં ક્યાંક તો આગ લાગી જ હશે ને? તો આ આગ સુનીતાના એક વ્લોગ પછી ફેલાઈ હતી.

સુનીતાએ એ વ્લોગમાં એવો ધડાકો કર્યો હતો કે તે ગોવિંદાથી અલગ એક ફ્લેટમાં રહે છે...

‘ગોવિંદાના લગ્નેત્તર સંબંધો-ઘરકંકાશ અને ક્રૂરતા, ઈત્યાદિ આવી બધી વાતોએ તણખાને જોર આપ્યું અને અફવાઓનું બજાર ગરમ થઇ ગયું. આ અફવામાં ઘી ઢોળ્યું હતું ગોવિંદાના મેનેજરે. જ્યારે એને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ‘છૂટાછેડાની વાત સાચી છે’ એમ કહીને પછી એણે એમ પણ ઉમેર્યું હતું કે પછી ગોવિંદા અને સુનીતાએ એકબીજાને ફરીથી ચાન્સ આપવાનો નિર્ણય કર્યો છે, પણ આ ઉમેરણ મીડિયાવાળા ઉમેરવાનું ‘ભૂલી ગયા’ એટલે વાતનું વતેસર થઇ ગયું.

બાકી આ તો ફિલ્મી દુનિયા છે - ‘કહાણી મેં કેવો પણ ટ્વિસ્ટ આવી શકે !

## જુનિયર એનટીઆરનું ‘ટાટા ગુડબાય’?



કહે છે કે સફળતા નવી યોજનાઓને જન્મ આપે છે, પરંતુ એવું કોઈએ નથી કહ્યું કે નિષ્ફળતા ચાલી રહેલી યોજનાઓ પર પણ પાણી ફેરવી દેતી હોય છે. જુનિયર એનટીઆર જે તેલુગુ સિનેમાનો ‘માસ એક્ટર’ ગણાય છે, તેની સાથે આવું જ થયું છે.

‘વોર ૨’ જે ‘યશરાજ’ની ખૂબ મોંઘી ફિલ્મ હતી એ બોક્સ ઓફિસ પર ઊંધેકાંધ પછડાઈ છે. વળી, આ પછડાટનો અવાજ પણ નથી આવ્યો. ફિલ્મ મૂંગી મૂંગી થિયેટર્સમાંથી ઉચાળા ભરી રહી છે, પરંતુ, આ નિષ્ફળતાનું સહુથી મોટું નુકસાન જુનિયર એનટીઆરને થયું છે.

‘વોર ૨’ એ ‘યશરાજ’ના મારી મચડીને ઊભા કરાયેલા સ્પાય યુનિવર્સનો એક હિસ્સો ‘હતી’. આદિત્ય ચોપરાનો વિચાર એવો હતો કે એ આ ફિલ્મના પાત્ર એજન્ટ વિક્રમ પર એક સ્પિન ઓફફ મુવી બનાવે. આ એજન્ટ વિક્રમ એટલે બીજું કોઈ નહીં જુનિયર એનટીઆર. ‘યશરાજ’ની ટીમ એજન્ટ વિક્રમની એક અલગ ફિલ્મની વાર્તા પણ ડેવલોપ કરવા માંડી હતી,

પરંતુ ‘યશરાજ’ના નાથે જાણી લીધું કે ‘વોર ૨’ને કોઈ ભોજીયા ભાઈએ પણ ભાવ નથી આપ્યો. આથી આ નવા આઈડિયા પર અલ્પવિરામને બદલે પૂર્ણવિરામ મૂકી દીધું છે. જુનિયર એનટીઆરને પણ આદિ ચોપરાએ સંદેશો મોકલી દીધો છે તો સામે પક્ષે પણ તેને સ્વીકારી લીધો છે અને તે રાજીખુશીથી ‘યશરાજ ફિલ્મ્સ’થી છૂટો થઇ ગયો છે.

## કોઈ લૌટા દે મેરા બ્લોક હુઆ એકાઉન્ટ



‘લિંકડીન’ પ્રોફેશનલ્સ માટેનું એક અદ્ભુત પ્લેટફોર્મ છે. અહીં પોતપોતાની પ્રોફેશનલ સ્કિલ શેર કરીને લોકો કોન્ટ્રેક્ટ કે ધંધા રોજગાર મેળવતાં હોય છે. એક્ટર શ્રદ્ધા કપૂરનું પણ આ સાઈટ પર પોતાનું એકાઉન્ટ હતું, જે થોડા દિવસો પહેલાં ‘લિંકડીને’ બ્લોક કરી દીધું છે, પરંતુ, મજાની વાત તો હવે આવે છે. શ્રદ્ધાનું આ એકાઉન્ટ ‘પ્રીમિયમ વેરીફાઈડ’ કેટેગરીનું હતું. ટૂંકમાં શ્રદ્ધાએ તેનું સબસ્ક્રિપ્શન લીધું હતું પૈસા ભરીને. તેમ છતાં ‘લિંકડીને’ એમ કહીને આ એકાઉન્ટ બ્લોક કરી દીધું કે ‘આ તો ફેક છે!’ લ્યો બોલો... સામાન્ય રીતે કોઈ પણ સોશ્યલ મીડિયાનું પ્રીમિયમ એકાઉન્ટ તમારી પૂરતી ઓળખ અને પરખ થયા બાદ જ મળતું હોય છે એટલે, શ્રદ્ધાએ જ્યારે પણ તેના પૈસા ભર્યા હશે ત્યારે તેનું આધાર કાર્ડ વગેરેનો ફોટો એણે ‘લિંકડીન’ને આપ્યો જ હશે. તો પછી ‘શ્રદ્ધા ફેક કેવી રીતે હોય?’

‘કુછ તો ગરબડ હૈ દયા ...’ શ્રદ્ધાને પણ આવું જ લાગે છે. આથી જ એણે ‘ઇન્સ્ટાગ્રામ’ પર એક સ્ટેટ્સ લખીને ‘લિંકડીન’ના કર્તાધર્તાઓને વિનંતી કરી છે કે લિંકડીન પર એ પોતાની ‘આંત્રપ્રીન્યોરની સફર’ જારી રાખવા માગે છે એટલે પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ મારું એકાઉન્ટ અનબ્લોક કરી આપે...’


જબરું કે’વાય નહીં? ફેક લોકો સાચા લોકોને ચૂનો ચોપડી જાય એ તો જોયું છે, પણ રિયલ અને સેલિબ્રિટી પ્રકારની વ્યક્તિને કોઈ ફેક કહી જાય એ તો પહેલીવાર જાણ્યું.! ■

## કટ એન્ડ ઓકે...

*૭ નવેમ્બરે અમિતાભનો દોહિત્ર અગત્સ્ય નંદા અને આમિરપુત્ર જુનૈદ ખાનની ફિલ્મો બોક્સ ઓફિસ પર ટકરાશે પછી શું થાય છે એ જાણવું રસપ્રદ થઈ રહેશે ...*

ફિલ્મનામા
નરેશ શાહ

# વેધક સંવાદોથી વિચાર કરતી મૂકે એવી ફિલ્મ...




*'જાનવર પેટ ભરને કે બાદ શિકાર નહીં કરતા ઔર ઈન્સાન ભૂખ હો ના હો, બટોરતા હી રહેતા હૈ!'*

*'જબ કુછ નહીં થા, તબ જંગલ થા. જબ કુછ નહીં હોગા, તબ ભી જંગલ રહેગા!'*

*'હમ ગરીબો કે લીએ ભી એક રિઝર્વ જંગલ દે દો, વરના જાનવર કી તરહ ગરીબ ભી જિંદા નહીં રહેંગે!'*

*'શરૂઆત તો ઈન્સાનોને કી, પહેલે વો જંગલ મેં ઘૂસે, અબ જાનવર ઉસ કે ઈલાકે મેં ઘૂસ રહે હૈ!'........*

આ તમામ સંવાદો પંકજ ત્રિપાઠીની ફિલ્મ 'શેરદિલ : ધ પીલીભીંત સાગા'ના છે. આ ફિલ્મમાં સંવાદો (જો તમે સંવેદનશીલ અને વિચારશીલ હો તો) તમને અંદરથી લોહી-લુહાણ કરી દે છે. આ ફિલ્મ બેશક તમને ઉશ્કેરતી નથી પણ વિચાર કરવા અને અફસોસ કરવા માટે જરૂર પ્રેરે છે.

'નેટફ્લિક્સ' પર રજૂ થયેલી આ ફિલ્મ જોતાં-જોતાં તમે આમિર ખાને બનાવેલી 'પિપલી લાઈવ' ફિલ્મ યાદ આવતી રહે છે, પણ 'પીપલી-લાઈવ'માં વધુ ફોકસ તો મીડિયાની 'બ્રેકિંગ ન્યૂઝ'ની ભૂખ પર હતું, જ્યારે 'શેરદિલ - ધ પીલીભીંત સાગા'નું ફોકસ જંગલ, પ્રકૃતિ, ગરીબી, શહેરીકરણ અને લાચારી છે.

નેપાળ બોર્ડર નજીક આવેલાં ઉત્તર પ્રદેશનો એક નાનકડો કસ્બો ટાઈગર રિઝર્વ્ડ ફોરેસ્ટની લગોલગ આવેલ છે. જંગલના જાનવર આ કસ્બાના લોકોના ખેતર ખેદાનમેદાન કરી નાખે છે અને એક ડઝન ગ્રામજનો હિંસક વાઘના શિકાર પણ બની ચૂક્યાં છે... જંગલના જાનવર-પશુઓની કનગડત, દુકાળ, અતિવૃષ્ટિથી અવારનવાર પરેશાન કસ્બો મુખિયા (સરપંચ) ગંગારામ શહેરના સરકારી બાબુને ફરિયાદ કરવા આવે છે ત્યારે નોટિસ બોર્ડ પર સરકારી સૂચના વાંચી જાય છે કે વાઘનો શિકાર બનનારને સરકાર તરફથી દશ લાખની મરણોત્તર સહાય આપવામાં આવશે. માતા, પત્ની અને બે બચ્ચાંના પિતા અને ગામના સરપંચ ગંગારામને વિચાર આવી જાય છે કે, પોતે સામે ચાલીને વાઘનો શિકાર બની જાય તો બદલામાં મળતાં દશ લાખ રૂપિયાથી પરિવાર અને ગામનું ભલું થઈ જાય...

આ કલ્પના જ રસપ્રદ અને કુતૂહલપ્રેરક છે. આપણી સરકારી સિસ્ટમના ખોખલાપણું હરગીઝ અજાણ્યું નથી, પણ આ દાધારિગાપણું એક માણસને સામે ચાલીને મરવા માટે તૈયાર કરી દે એ પણ કેવી શરમજનક સ્થિતિ બની જાય તેનું ઉદાહરણ ફિલ્મના સરપંચનું પાત્ર છે.

સામે ચાલીને વાઘનો કોળિયો બની જવાનું નક્કી કર્યા પછી સરપંચ ગંગારામ ગામ-પરિવારને પટાવી - સમજાવીને થોડા દિવસના રોટી - કાંદા લઈને ગંગારામ જંગલમાં ઘૂસી જઈને વાઘની તલાશમાં લાગી જાય છે. શિકાર ખુદ શિકારીની તલાશમાં નીકળી પડે છે અને પછી જે કંઈ બને છે, એ 'શેરદિલ : ધ પીલીભીંત સાગા'ની સ્થૂળ કહાણી છે, પરંતુ તેનો ઈનર કરંટ આંખ ઉઘાડનારો છે. ફિલ્મમાં ગંગારામ એક જગ્યાએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહે છે, 'દેખીએ, યે જાનવર પેટ ભરને કે બાદ શિકાર નહીં કરતા ઔર ઈન્સાન ભૂખા હો ના હો, બસ, બટોરતા હી રહેતા હૈ! '

'શેરદિલ' એક ફિલ્મ નથી. સભ્ય સમાજને વિંઝાયેલો તમાચો છે. વિકાસ થકી કરેલાં વિનાશ તેમ જ પ્રગતિ દ્વારા કરેલાં પતનની કાળી ચીસ છે, શેરદિલ : ધ પીલીભીંત સાગા.

આઘાતજનક વાત તો એ છે કે આ ફિલ્મ સત્ય ઘટના પર આધારિત છે. ૨૦૧૭માં પીલીભીંત પ્રદેશમાં આ રીતે સહાયની રકમ મેળવવા માટે લોકો સામે ચાલીને 'ટાઈગર રિઝર્વ ફોરેસ્ટ'માં ઘૂસી ગયેલાં એવા સમાચારો પરથી જાણીતા બંગાળી ડિરેક્ટર શ્રીજીત મુખરજીએ જ 'શેરદિલ'ની વાર્તા લખીને ફિલ્મ બનાવી છે અને તેના વ્યંગમાં સત્ય કહી દેતાં સંવાદો (સુદિપ નિગમ, અતુલકુમાર રાય અને શ્રીજીત મુખરજી) આ ફિલ્મની અંગત રીતે ગમેલી હાઈલાઈટસ છે. નિર્દોષતા અને અજ્ઞાનને કારણે ગંગારામ અને તેની પત્ની લાજો વચ્ચેના સંવાદોમાંથી આપોઆપ હાસ્ય ફૂટે છે એટલે એવું માનવાની બિલકુલ જરૂર નથી કે આ ફિલ્મ આર્ટ ફિલ્મ જેવી ધીરગંભીર અથવા ડાર્ક મૂવી છે. હા, બેશક, એ ધીમી જરૂર લાગે છે. ગંગારામ સાથે શું થાય છે તેનું કુતૂહલ તમને સતત ધક્કો મારતું રહે છે, ફિલ્મ જોવા માટે.

'શેરદિલ : ધ પીલીભીંત સાગા' નિશંકપણે પંકજ ત્રિપાઠીની ફિલ્મ છે. પંકજ ત્રિપાઠીના ચહેરાની નિર્દોષતા અને નિડર લિડર બનવાની મમતા આ ફિલ્મની મૂડી છે.

ઈન્ટરવલ પછી જંગલમાં પ્રવેશતા શિકારી જીમ અહેમદ એટલે કે નિરજ કાબીની એન્ટ્રી સાથે ફિલ્મમાં નિઃશક ગતિ આવે છે. સયાની ગુપ્તા સહિતના અન્ય કલાકારો પાત્રોચિત છે પણ... અંગત સલાહ છે કે, આ ફિલ્મ સહપરિવાર જોઈ લેવી જોઈએ કારણ કે, આપણે ચૂકી ગયા છીએ એ સંસ્કારની વાછટથી આ ફિલ્મ પલાળી શકે છે અને હા, અમે નથી કહ્યું તેમ, તમે પણ ફિલ્મનો અંત કોઈને કહેશો નહીં!

ક્વિક ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)


**આ ગીતો કઈ ફિલ્મના છે અને પરદા પર કોણ ગાય છે એ જાણો છો?**

૧) દેવા હો દેવા ગણપતિ દેવા તુમસે બઢકર કોન...
૨) તુજકો ફિરસે જલવા દિખાના હી હોગા અગલે બરસ...
૩) જ્વાલા સી જલતી હૈ આંખો મેં જિસસે ભી તેરા...
૪) ગણપતિ અપને ગાવ ચલે કૈસે હમકો ચૈન પડે...
૫) મેરે મન મંદિર મેં તુમ ભગવાન રહે મેરે દુઃખ સે...
૬) ગલી ગલી મેં તેરે નામ કા શોર હમ ભી...
૭) કોઈ દેવા કહે કોઈ ચિંતામણી કોઈ બાપ્પા કહે...

## ક્વિઝ (બ)

**આ ફિલ્મોમાં અમિતાભ બચ્ચનના પિતાની ભૂમિકા કયા કલાકારે ભજવી હતી?**

૧) શરાબી
૨) ત્રિશુલ
૩) મર્દ
૪) દીવાર
૫) પા
૬) શક્તિ
૭) અજુબા





જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મ્યુઝિક...રીલ હૈ તો ફીલ હૈ!

## ભારતીય સંગીતની સફળતાનો નવો માપદંડ એટલે રીલ્સ







મનોરંજનના કોઈપણ વિભાગની વાત કરીએ તેમાં બદલાવ તો આવતો જ રહેતો હોય છે. સંગીત સાથે પણ સમયાંતરે ઘણા ફેરફારો થયા છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું સંગીત આજના સમયમાં ઘણી રીતે બદલાયું છે. તેમાંના એક પ્રકારની આજે વાત કરવી છે. આજનું સંગીત વધુ પડતું રીલ્સના ટ્રેન્ડ્સ પર આધારિત છે એવું તમે નોંધ્યું કે?

કઈ રીતે ચાલો, એની વિગતવાર વાત કરીએ.

તમે બોલિવૂડ સંગીતના બદલાતા સ્વરૂપને સમજવા માગો છો તો રેડિયો કે ચાર્ટબસ્ટર્સને નહીં, પરંતુ તમારા મોબાઈલના 'ઇન્સ્ટાગ્રામ' રીલ્સને જોશો તો સમજાઈ જશે. હિન્દી ફિલ્મ સંગીત હવે આખા ગીતની અસર કરતાં ૨૦-૩૦ સેકન્ડના હૂક પર આધારિત થવા લાગ્યું છે. અહીં હિન્દી ફિલ્મ સંગીત લખાય છે, પણ તેમાં બીજી ભાષાઓ અને આલ્બમ સોન્ગ્સ કે મ્યુઝિક વીડિયોઝનો પણ સમાવેશ થાય છે. ટૂંકમાં ઇન્ડિયન કમર્શિયલ મ્યુઝિકના ટ્રેન્ડ પર 'ઇન્સ્ટાગ્રામ 'ટ્રેન્ડની અસર એ આપણો મુદ્દો છે.

આજકાલ નિર્માતાઓ ગીત લખતાં, એડિટ કરતાં અને શૂટ કરવાની સાથે જ વિચારે છે કે કયો ટુકડો રીલ્સ પર વાયરલ થઈ શકે. સફળતા માપવાનું માપદંડ પણ બદલાઈ ગયું છે. હવે ગીત કેટલું વાગે છે તે મહત્ત્વનું નથી, પરંતુ કેટલાં લોકોએ તેના પર રીલ બનાવી છે તે ગણતરી મુખ્ય છે.

આ પરિવર્તનનો પાયો ૨૦૧૯માં મુકાયો, જ્યારે 'ફેસબુક' (મેટા) એ ભારતના મોટા મ્યુઝિક લેબલ્સ જેમ કે ટી-સિરીઝ, ઝી મ્યુઝિક અને 'યશરાજ' ફિલ્મ્સ સાથે લાઈસન્સિંગ કરાર કર્યા. ત્યારબાદ 'સારેગામા' પણ જોડાયું અને પરિણામે યુઝર્સને કાયદેસર રીતે બોલિવૂડ ગીતો તેમના વીડિયો પર વાપરવાની છૂટ મળી. ૨૦૨૩માં 'ઝી મ્યુઝિકે' ફરી એકવાર યૂટ્યુબ અને મેટા સાથે વૈશ્વિક ડીલ કરીને તેમનો વિશાળ સંગીત ભંડાર સૌ માટે ઉપલબ્ધ કર્યો. આ કરારોના કારણે જ આજે રીલ્સ- કેન્દ્રિત મ્યુઝિક ઇન્ડસ્ટ્રી મુખ્યત્વે ઊભી છે.

હવે ગીતો ખાસ કરીને રીલ્સ માટે ડિઝાઇન થવા લાગ્યાં છે. ઉદાહરણ તરીકે, 'બ્રહ્માસ્ત્ર'નું કેસરિયા ગીત આખું બહાર આવતાં પહેલાં જ તેના રીલ-ફ્રેન્ડલી ટુકડાએ ધૂમ મચાવી દીધી હતી. તે જ રીતે 'એનિમલ'નું 'જમાલ કુડુ' માત્ર ફિલ્મના સીનથી નહીં, પણ બોબી દેઓલના ગ્લાસ બેલેન્સ સ્ટેપથી વાઈરલ થયું. સોશ્યલ મીડિયા પર હજારો લોકોએ આ ચેલેન્જ કરી અને ગીત કલ્ટ બની ગયું. 'બેડ ન્યૂઝ'નું 'તૌબા તૌબા' પણ વિક્કી કૌશલના ૧૫ સેકન્ડના હૂકથી જ સોશ્યલ મીડિયા પર છવાઈ ગયું અને રીલ્સના કારણે તે ભારત તેમજ વિદેશના ચાર્ટ્સમાં ટોચે પહોંચ્યું.

આ જ રીતે રજનીકાંતની ફિલ્મ 'જેલર'નું તમિળ ગીત 'કાવાલા' પાન-ઇન્ડિયા હિટ બની ગયું, જ્યારે 'શેરશાહ'નું 'રાતાં લંબિયાં લાખો' લગ્ન વીડિયોઝ અને રીલ્સમાં વપરાઈને સતત લોકપ્રિય રહ્યું. ફિલ્મ 'બહાર' નું જસલીન રોયલ અને અરિજિત સિંહનું હીરિયે તો ઈન્ડી ગીત હોવા છતાં રીલ્સના કારણે જબરદસ્ત પ્રભાવશાળી બન્યું. તાજેતરમાં ગુરુ રંધાવાનું ગીત 'કતલ' પણ જેનઝીએ બનાવેલી અઢળક રીલ્સની મદદથી જ હિટ થયું. આ ગીતના ખાસ બીટ્સ અને કેચી ડાન્સ સ્ટેપ્સના કારણે યુવાનોમાં તે ઝડપથી ફેલાઈ ગયું.

આજના સમયમાં પ્લેટફોર્મ્સ પોતે જ ગીતની સફળતાને માપવા લાગ્યાં છે. 'ઇન્સ્ટાગ્રામ' અને 'યુટ્યુબ' દર વર્ષે તેમના રીલ્સ આધારિત હિટ્સની યાદી બહાર પાડે છે. 'સ્પોટીફાય' ટ્રેન્ડિંગ ઇન્સ્ટા રીલ્સ નામે પ્લેલિસ્ટ બનાવે છે અને જૂનાં ગીતો પણ નવા અવતારમાં પાછા આવી જાય છે.

રીલ્સ પોતે સીધી કમાણી નહીં આપે, પરંતુ તે ગીતને સ્પોટીફાય, યુટ્યુબ અને ફિલ્મની કમાણી તરફ ધકેલે છે એટલે જ હવે પ્રોડ્યુસર્સ હૂક લાઇન એન્જિનિયરિંગ અને ડાન્સ ઇન્ફલુએન્સર્સ પર વધુ ધ્યાન આપે છે.

સર્જનાત્મકતામાં પણ મોટો ફેરફાર જોવા મળે છે. ગીતની શરૂઆતમાં જ કેચી કોરસ મૂકી દેવું સામાન્ય થઈ ગયું છે. ગીતો સાથે જ સાવ સાદા પરંતુ કેમેરા-ફ્રેન્ડલી ડાન્સ સ્ટેપ્સ તૈયાર થાય છે, જેથી લોકો સરળતાથી કોપી કરી શકે.

વિઝ્યુઅલ મીમ્સ, પ્રોપ્સ કે મજેદાર એક્શન પણ એ રીતે ઘડાય છે કે તે સોશ્યલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ શકે. 'ઇન્સ્ટાગ્રામ' અલ્ગોરિધમ પણ એવી રીતે હોય છે કે ટ્રેન્ડિંગ મ્યુઝિકવાળી રીલ્સને વધુ વ્યૂઝ મળે. ભાષા અવરોધ પણ તેનાથી ઓછો થયો છે. દક્ષિણ ભારતીય ટમ ટમ ગીત હોય કે પછી ઇવન શ્રીલંકન માનિકે માગે હીથે હોય, ફોન્સમાં તેને ફેન્સ મળી રહે છે.

ભવિષ્યમાં આ પ્રકિયા વધુ આગળ જશે અને ગીત સાથે પહેલા જ દિવસથી તેનો કદાચ રીલ એડિટ પણ બહાર આવશે.

ઈન્ફલુએન્સર્સ સાથે સોન્ગ્સના સ્ટાર્સ તો કોલાબ્રેટ કરવા જ લાગ્યા છે, આવનારા સમયમાં કદાચ રિલીઝ પહેલાંથી જ કોલાબ્રેશન થશે ને એકસાથે સોન્ગ અને રીલ્સ બહાર પડશે. આમ, ફિલ્મ માર્કેટિંગ અને સોશ્યલ મીડિયા ક્રિએટર ઈકોસિસ્ટમ એકબીજા સાથે વધુ ગાઢ રીતે જોડાઈ જશે.

ભારતીય ગીતો હવે ફક્ત સંગીત નથી રહ્યા, તે એક ક્લિપ બની ગયા છે. આજે સફળતા માટે લાંબો સંગીતમય અનુભવ પૂરતો નથી, પરંતુ ૧૫-૨૦ સેકન્ડનો એવો હૂક હોવો જરૂરી છે જે રીલ્સ કે શોટ્ર્સ પર ચમકી ઊઠે. આ બધાં ઉદાહરણો સાબિત કરે છે કે આજની બોલિવૂડ સંગીત સફળતા માત્ર ફિલ્મ પર આધારિત નથી, પરંતુ સોશ્યલ મીડિયા પર ગીત કેટલું શેરેબલ છે એ પર વધુ નિર્ભર છે.

**લાસ્ટ શોટ :**

***IFPI** (ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ ફોનોગ્રાફિક ઇન્ડસ્ટ્રી)ના રિપોર્ટ મુજબ ભારતનું મ્યુઝિક માર્કેટ દુનિયામાં સૌથી ઝડપી વધી રહ્યું છે, પરંતુ આવકનું માધ્યમ બદલાઈ ગયું છે.*

ફોકસ
નિધિ ભટ્ટ

# દીપિકા ને શોએબે ભાણેજને આપી અણમોલ ગિફ્ટ...



દીપિકા કક્કર અને તેનો હસબન્ડ શોએબ ઈબ્રાહિમ ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીનું પોપ્યુલર કપલ છે. બન્ને પોતાની પર્સનલ લાઈફને સોશ્યલ મીડિયામાં શેર કરે છે. બન્નેને બે વર્ષનો એક દીકરો છે.

દીપિકાને થોડા સમય પહેલાં જ લીવરનું સ્ટેજ-૨નું કેન્સર થયુ હતું. એના માટે ૧૪ કલાકની તેની સર્જરી થઈ હતી. તે હવે સ્વસ્થ થઈ ગઈ છે. એની માહિતી પણ શોએબે સોશ્યલ મીડિયામાં આપી હતી. એ વખતે તે ખૂબ ઈમોશનલ થયો હતો.

દીપિકાએ જણાવ્યું હતું કે પરિવાર, હસબન્ડ શોએબ અને દીકરો આસપાસ હોય તો તેને સુકુન મળે છે.

બન્ને પરિવાર સાથે સારી બોન્ડિંગ ધરાવે છે. હાલમાં જ તેમણે ફેમિલી-ગેટટુગેધરનો બ્લોગ શેર કર્યો હતો.

એમાં શોએબની બહેન સબા ઈબ્રાહિમ પણ હાજર હતી, જે પોતે પણ યુટ્યૂબર છે. તેના દીકરાના બર્થ-ડેની ઉજવણી કરવામાં આવી હતી. એ નિમિત્તે દીપિકા અને શોએબે મળીને તેમને ૫૧ લાખ રૂપિયાની પૉલિસી ગિફ્ટ કરી છે. દીપિકા અને શોએબે જણાવ્યું કે તેઓ એવી ગિફ્ટ આપવા માગતા હતા જે બાળકને ભવિષ્યમાં કામ આવે.

તો બીજી તરફ આ ભેટ પ્રત્યે ખુશી વ્યક્ત કરતાં સબાની આંખમાં હરખનાં આંસુ આવી ગયા હતા.

તેણે જણાવ્યું કે બાળક પ્રત્યેનો તેમનો આ પ્રેમ છે. જે ભવિષ્ય પ્રત્યેની તેમની જવાબદારીની લાગણી પણ દેખાડે છે. આ એક લાંબા ગાળાનું ઈન્વેસ્ટમેન્ટ છે, જે દીકરાની ફાયનાન્શ્યલ સ્થિરતાને સુનિશ્ચિત કરે છે. તેમની આ ભેટ સ્વિકારતા સબાએ તેમનો આભાર પણ માન્યો.

આ આખો વીડિયો દીપિકાએ યુટ્યૂબ પર શેર કર્યો છે.

આ વીડિયોમાં દીપિકા અને શોએબ જણાવે છે કે તેઓ એવી ગિફ્ટ આપવા માગતા હતાં જે બાળકને ભવિષ્યમાં કામ આવે.

આ વીડિયોમાં દીપિકાએ પોતાને થયેલી ટ્યુમર વિશે પણ માહિતી આપી હતી. દીપિકાએ કહ્યું કે, 'લોકોએ મને ખૂબ પ્રેમ આપ્યો છે અને મારા સારા સ્વાસ્થ્ય માટે પણ કામના કરી છે. એ માટે સૌનો આભાર.'

# માઈકલ ક્લાર્કને ચામડીનું કૅન્સર, છ વખત સર્જરી કરાવી



મેલબર્ન: ઑસ્ટ્રેલિયાના વર્લ્ડ કપ વિજેતા સુકાની અને દેશના ટોચના બૅટ્સમનોમાં ગણાતા માઇકલ ક્લાર્કને સ્કિન કૅન્સર થયું છે અને તેણે છ વખત સર્જરી કરાવી છે. ક્લાર્ક ૪૪ વર્ષનો છે. તેના સુકાનમાં ઑસ્ટ્રેલિયા ૨૦૧૫માં વન-ડેનો વર્લ્ડ કપ જીત્યું હતું. તેણે ઇન્સ્ટાગ્રામ પર પોતાની તસવીર પોસ્ટ કરવાની સાથે ચાહકોને સલાહ આપતા બુધવારે લખ્યું હતું કે ‘ ખાસ કરીને ઑસ્ટ્રેલિયા કે જ્યાં સૂર્યપ્રકાશ સૌથી તીવ્ર હોય છે ત્યાં ચામડીના કૅન્સરની બીમારીએ લોકોને ચિંતામાં મૂકી દીધા છે. વધુ એક વખત ચેક-અપના હેતુથી મારા નાક પર કાપો કરવામાં આવ્યો. તમે રેગ્યુલર ચેક-અપ કરાવો. જો કોઈને કૅન્સરની બીમારી હોય અને એની શરૂઆતમાં જ ખબર પડી જાય તો બહુ સારું કે જેથી સફળ સારવાર થઈ શકે.’ ખરેખર તો ક્લાર્કને સ્કિન કૅન્સર હોવાની સૌથી પહેલાં ૨૦૦૬માં જાણ થઈ હતી. ત્યારથી અત્યાર સુધીમાં તેણે ઘણી વખત સારવાર કરાવી છે. ૨૦૨૩ના વર્ષની સારવાર દરમ્યાન તેની છાતી પર જે કાપો કરવામાં આવ્યો હતો ત્યારે ૨૭ ટાંકા લેવામાં આવ્યા હતા. તેણે ૨૦૧૫માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ■

# એશિયા કપ પહેલાં સૅમસનની આતશબાજી, મોટા ભાઈની ટીમને વિજય અપાવ્યો

કોચી: આગામી એશિયા કપ માટેની ટીમમાં વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે સંજુ સૅમસનની પહેલાં જિતેશ શર્માની પસંદગી કરવામાં આવી છે અને કદાચ પોતાની કાબેલિયત પુરવાર કરવા તે (સૅમસન) કેરળ ક્રિકેટ લીગ (કેસીએલ)ની દરેક મૅચમાં ધમાકેદાર પર્ફોર્મ કરી રહ્યો છે. ગુરુવારે તેણે એવી જ એક ફટકાબાજી કરીને મોટા ભાઈ સૅલી સૅમસનને શાનદાર વિજય અપાવ્યો હતો. સંજુ સૅમસનની ઇનિંગ્સ જોતાં તેને નવમી સપ્ટેમ્બરે શરૂ થતા એશિયા કપ માટેની પ્લેઇંગ-ઇલેવનની બહાર રાખતા પહેલાં ટીમ મૅનેજમેન્ટે ચાર વખત વિચાર કરવો પડશે.

કેસીએલમાં સૅમસન બંધુઓ કોચી બ્લૂ ટાઇગર્સ ટીમ વતી રમે છે જેમાં સૅલી સૅમસન કૅપ્ટન-ઑલરાઉન્ડર અને સંજુ સૅમસન ઓપનિંગ બૅટ્સમૅન છે. ગુરુવારે સંજુ સૅમસને ૩૦ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ૩૭ બૉલમાં પાંચ સિક્સર અને ચાર ફોરની મદદથી ૬૨ રન કર્યા હતા. જોકે તેનો ભાઈ સૅલી ફક્ત નવ રન કરી શક્યો હતો.

સંજુ સૅમસન ૩૦ વર્ષનો અને તેનો ભાઈ સૅલી સૅમસન ૩૨ વર્ષનો છે. નાના ભાઈની જેમ સૅલી પણ આક્રમક બૅટ્સમૅન છે. કોચી બ્લૂ ટીમે પાંચ વિકેટે ૧૯૧ રન કર્યા બાદ અદાણી ત્રિવેન્દ્રમ રૉયલ્સ ટીમ સંજીવ સાથરેસનના ઝમકદાર ૭૦ રન છતાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૨ રન કરી શકી હતી અને સૅલી સૅમસનની ટીમનો નવ રનથી રોમાંચક વિજય થયો હતો.





સંજુ સૅમસન (જમણે) અને તેનો મોટો ભાઈ સૅલી સૅમસન

સંજુ સૅમસન અત્યાર સુધીમાં કેસીએલમાં એક સેન્ચુરી અને બે હાફ સેન્ચુરી ફટકારી ચૂક્યો છે. આ તમામ રન તેણે ઓપનર તરીકે કર્યા છે અને એ જોતાં જો તેને એશિયા કપમાં અભિષેક શર્માની સાથે ઓપનિંગમાં નહીં મોકલવામાં આવે તો સૅમસનના ચાહકો જરૂર નારાજ થશે. ■

## ભારતીય ક્રિકેટરો એશિયા કપ માટે ભેગા થઈને દુબઈ નહીં જાય

નવી દિલ્હી: સૂર્યકુમાર યાદવના નેતૃત્ત્વમાં યુએઇના ટી-૨૦ એશિયા કપમાં રમનારા ભારતીય ખેલાડીઓ પોતપોતાની રીતે આગામી ગુરુવાર, ચોથી સપ્ટેમ્બરે ભારતથી રવાના થશે અને એ જ દિવસે દુબઈમાં ભેગા થશે. આ ખેલાડીઓ બીજા દિવસે (શુક્રવાર, પાંચમી સપ્ટેમ્બરે) દુબઈમાં નેટ પ્રૅક્ટિસ શરૂ કરશે. એશિયા કપ નવમી સપ્ટેમ્બરે શરૂ થશે જેમાં ભારતની પ્રથમ મૅચ ૧૦મી સપ્ટેમ્બરે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) દુબઈમાં યુએઇ સામે રમાશે.

ભારતીય ટીમ: સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), જિતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, રિન્કુ સિંહ, શિવમ દુબે, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, તિલક વર્મા, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી. ■

# સેહવાગની સ્ટાઈલમાં પુત્ર આર્યવીરની ફટકાબાજી

## પીઢ બોલર નવદીપ સૈનીની બોલિંગમાં ચોક્કા માર્યા







નવી દિલ્હી: બૅટિંગ-લેજન્ડ વીરેન્દર સેહવાગ નિવૃત્ત થયા બાદ લગભગ એક દાયકા પછી તેની અટક દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમમાં ફરી એક વખત ગૂંજી ઊઠી. આ વખતે તેનો દીકરો આર્યવીર સેહવાગ ઝળક્યો છે.

દિલ્હી પ્રીમિયર લીગમાં આર્યવીર સેહવાગે ખાસ કરીને પીઢ પેસ બોલર નવદીપ સૈનીની ઓવરમાં જોરદાર ફટકાબાજી કરી હતી.

આર્યવીરની ઈનિંગ્સ ટૂંકી હતી, પરંતુ તેણે સ્પર્ધાત્મક ટી-૨૦ ક્રિકેટમાં પિતાની સ્ટાઈલમાં અસરદાર બૅટિંગથી પોતાની તાકાત કારકિર્દીની શરૂઆતમાં જ બતાવી દીધી છે.

આર્યવીરે પોતાના દાવની શરૂઆત થોડી ધીમી કરી હતી, પણ ત્રીજી ઓવરમાં તેણે નિર્ભય થઈને ચોક્કા માર્યા હતા. તેણે નવદીપ સૈનીની પહેલી ઓવરમાં બે ચોક્કા મારીને સૌને ચોંકાવી દીધા હતા. પહેલાં તેણે ડીપ એક્સ્ટ્રા કવરમાંથી બૉલને બાઉન્ડરી લાઈનની બહાર મોકલ્યો હતો અને થોડી વાર બાદ એક્સ્ટ્રા કવર તથા લૉંગ ઑફ વચ્ચેના ગેપમાંથી બૉલને બાઉન્ડરી લાઈન તરફ મોકલી દીધો હતો. આર્યવીરે આ શૉટ તેના પિતા વીરેન્દર સેહવાગની અસ્સલ સ્ટાઇલમાં જ માર્યા હતા. ખરેખર તો તે પોતાની ટીમ પરથી પ્રેશર ઓછું કરવા માગતો હતો. હરીફ ટીમના સ્પિનર રોનક વાઘેલાની એક ઓવરમાં પણ આર્યવીરે બે ફોર ફટકારી હતી.

જોકે પછીથી આર્યવીર એ જ બોલરના બૉલમાં બાવીસ રનના પોતાના સ્કોર પર કૅચઆઉટ થયો હતો, પરંતુ મેદાન પર તે પોતાની છાપ છોડતો ગયો હતો. આર્યવીર સેન્ટ્રલ દિલ્હી કિંગ્સ (૬/૧૫૫) વતી રમ્યો હતો અને આ મૅચ ઈસ્ટ દિલ્હી રાઇડર્સ (૧૦/૯૩) સામે રમાઈ હતી જેમાં સેન્ટ્રલ દિલ્હીનો ૬૨ રનથી વિજય થયો હતો. સેન્ટ્રલ દિલ્હીને જિતાડવામાં યુગલ સૈની (બાવન રન) અને જસવીર સેહરાવત (૩૭ રન)ના પણ મોટા યોગદાન હતા.

સેન્ટ્રલ દિલ્હીના ફ્રેન્ચાઇઝીએ આર્યવીર સેહવાગને હરાજીમાં આઠ લાખ રૂપિયામાં ખરીદ્યો છે. થોડા સમય પહેલાં વિનુ માંકડ ટ્રોફીમાં આર્યવીરે ૪૯ રન કરીને ડોમેસ્ટિક ક્રિકેટમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ત્યાર બાદ તેણે કૂચ બિહાર ટ્રોફીની એક મૅચમાં મેઘાલય સામે ૨૨૯ બોલમાં ૨૦૦ રન ખડકી દીધા હતા જેમાં બે સિક્સર અને ૩૪ ફોર સામેલ હતી. ત્યાર બાદ બીજા દિવસે તે ફક્ત ત્રણ રન માટે ટ્રિપલ સેન્ચુરી ચૂકી ગયો હતો. તેણે ત્રણ સિક્સર અને ૫૧ ફોરની મદદથી ૩૦૯ બૉલમાં ૨૯૭ રન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે વીરેન્દર સેહવાગ ટેસ્ટ ક્રિકેટમાં બે ટ્રિપલ સેન્ચુરી ફટકારનાર ભારતનો એકમાત્ર ખેલાડી છે. ■

# મેડવેડેવે અભદ્ર વર્તન બદલ હજારો ડૉલર ગુમાવ્યા



ન્યૂ યૉર્ક: રશિયાના ભૂતપૂર્વ યુએસ ઓપન ચૅમ્પિયન ડૅનિલ મેડવેડેવને રવિવારે અમેરિકાની આ જ ગ્રૅન્ડ સ્લૅમ ટેનિસ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં પરાજિત થવા ઉપરાંત બે પ્રકારના અભદ્ર વર્તન બદલ ૪૨,૫૦૦ ડૉલર (અંદાજે ૩૭ લાખ રૂપિયા) ભરવા પડ્યા.

મેડવેડેવ આ મૅચમાં બેન્જામિન બૉન્ઝી નામના હરીફ સામે ૩-૬, ૫-૭, ૭-૫, ૬-૦, ૪-૬થી હારી ગયો હતો.

બન્યું એવું કે એક તબક્કે બૉન્ઝી ત્રીજો સેટ જીતવાની તૈયારીમાં હતો ત્યારે અચાનક એક ફોટોગ્રાફર ટેનિસ કોર્ટના એક ખૂણામાંથી અંદર આવી ગયો હતો. તેને ટેનિસ કોર્ટ પર ચાલતો જોઈને અમ્પાયરે તેને બહાર જતા રહેવાનો આદેશ આપ્યો હતો. ક્ષણવાર માટેના આ વિલંબ બાદ અમ્પાયરે બૉન્ઝીને ફરી ફર્સ્ટ સર્વની છૂટ આપી હતી જેનાથી મેડવેડેવ ગુસ્સે થયો હતો અને અમ્પાયર પાસે જઈને તેણે ફરિયાદ કરી હતી. પ્રેક્ષકોમાંથી એક વર્ગે મેડવેડેવનો હુરિયો બોલાવ્યો હતો. રમત છ મિનિટ માટે અટકી ગઈ હતી જે દરમ્યાન મેડવેડેવ માઇક્રોફોનમાં અમ્પાયર વિશે એવું બોલતો સાંભળવા મળ્યો હતો કે ‘મને લાગે છે કે આમને (અમ્પાયરને) ઘરે જવું લાગે છે. તેમને અહીં ગમતું નથી લાગતું. તેમને કલાકના હિસાબે નહીં, મૅચ મુજબ પેમેન્ટ મળતું લાગે છે.’

અમ્પાયરનો આ રીતે માનભંગ કર્યા પછી મેડવેડેવ જ્યારે છેવટે મૅચ હારી ગયો ત્યારે તેણે હરીફ પ્લેયર બૉન્ઝી સાથે હાથ મિલાવ્યા હતા અને પછી પોતાની બૅગમાંથી છ ટેનિસ રૅકેટ કાઢીને પ્રેક્ષકોમાં ફેંક્યા હતા અને મૅચમાં પોતે વાપરેલું સાતમું રૅકેટ તેણે વારંવાર પછાડીને તોડી નાખ્યું હતું. ટેનિસની રમતના સાધનનો આ રીતે અનાદર કર્યા પછી મેડવેડેવે તૂટેલું એ રૅકેટ ફરી પછાડ્યું હતું અને વધુ તોડી નાખ્યું હતું. ■

# દુલીપ ટ્રોફી શુભમન ગિલ અને ધ્રુવ જુરેલ ન રમી શક્યા

## શમીને મહા મહેનતે એક વિકેટ મળી ▸ વિદર્ભનો ડેનિશ માલેવાર ૧૯૮ રને નૉટઆઉટ

બેંગલૂરુ: અહીં ગુરુવારે દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટમાં ચાર દિવસીય ક્વૉર્ટર ફાઇનલ રાઉન્ડ શરૂ થયો હતો જેમાં નોર્થ ઝોન તથા ઈસ્ટ ઝોન વચ્ચે અને સેન્ટ્રલ ઝોન તથા નોર્થ ઈસ્ટ ઝોન વચ્ચે શરૂ થયેલા મુકાબલા રોમાંચક રહ્યા હતા, પરંતુ સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે નોર્થ ઝોનનો કૅપ્ટન શુભમન ગિલ ફ્લૂને કારણે આ મૅચમાં નથી રમ્યો અને સેન્ટ્રલ ઝોનનો સુકાની ધ્રુવ જુરેલ ઈજાને લીધે નથી રમી રહ્યો.

ભારતની ડોમેસ્ટિક ક્રિકેટ સીઝનની આ પહેલી જ સ્પર્ધા છે જેમાં નોર્થ ઝોન સામે ઈસ્ટ ઝોનના મુખ્ય બોલર મોહમ્મદ શમીને ફિટનેસ સાબિત કરવા માટેની આ મૅચમાં એક વિકેટ ભારે સંઘર્ષ બાદ મળી હતી. શમી (૧૭-૪-૫૫-૧) છેક ચોથા સ્પેલમાં સાહિલ લોત્રા (૧૯ રન) નામના ખેલાડીને કૅચઆઉટ કરી શક્યો હતો. એ પહેલાં, શમીના એક બૉલમાં હરીફ ટીમના કનૈયા વાધવાનને જીવતદાન મળ્યું હતું.

### કઈ ક્વૉર્ટર ફાઇનલમાં શું બન્યું

ઈસ્ટ ઝોન સામે નોર્થ ઝોને ચાર દિવસની મૅચમાં પહેલા દિવસે છ વિકેટે ૩૦૮ રન કર્યા હતા જેમાં આયુષ બદોનીના ૬૩ રન, નિશાંત સિંધુના ૪૭ રન અને કનૈયા વાધવાનના ૪૨ રન સામેલ હતા. ઈસ્ટ ઝોનના માનિશી નામના બોલરે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે મોહમ્મદ શમી સહિત ત્રણ બોલરને એક-એક વિકેટ મળી હતી. રિયાન પરાગ ઈસ્ટ ઝોનની ટીમનો કૅપ્ટન છે, જ્યારે અંકિત કુમાર નોર્થ ઝોનનો સુકાની છે.

નોર્થ ઈસ્ટ ઝોન સામે સેન્ટ્રલ ઝોને પહેલા દિવસની રમતના અંત સુધીમાં માત્ર બે વિકેટે ૪૩૨ રન કર્યા હતા. ડેનિશ માલેવાર (૧૯૮ નૉટઆઉટ, ૨૧૯ બૉલ, એક સિક્સર, ૩૫ ફોર) નામનો વિદર્ભનો ૨૧ વર્ષીય બૅટ્સમૅન દુલીપ ટ્રોફીના પ્રથમ દિવસનો હીરો હતો. તેની અને આઇપીએલમાં આરસીબીના ચૅમ્પિયન કૅપ્ટન રજત પાટીદાર (૧૨૫ રન, ૯૬ બૉલ, ત્રણ સિક્સર, ૨૧ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે મોટી ભાગીદારી થઈ હતી. બન્નેએ મળીને કુલ ચાર છગ્ગા તથા ૫૬ ચોક્કા ફટકાર્યા હતા. ઓપનર આર્યન જુયલ (૬૦ નૉટઆઉટ) પેટમાં બૉલ વાગતાં રિટાયર હર્ટ થયો હતો અને ત્યારે માલેવાર સાથે પાટીદાર જોડાયો હતો. બન્ને વચ્ચે ૨૮ ઓવરમાં બીજી વિકેટ માટે ૧૯૯ રનની ભાગીદારી થઈ હતી. નોર્થ ઈસ્ટના રૉન્ગસેન જોનથન નામના સ્પિનરની ૧૫ ઓવરમાં કુલ ૧૩૦ રન થયા હતા. તેનો ઓવરદીઠ ઇકોનોમી રેટ ૮.૬૬ જેટલો ખરાબ હતો. ■

# અશ્વિને આઈપીએલ છોડી, હવે ઈંગ્લૅન્ડની લીગમાં રમશે કે કોચ બનશે?

ચેન્નઈ: ભારતનો સ્પિન-લેજન્ડ અને આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયર થનાર રવિચન્દ્રન અશ્વિને આઇપીએલમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી છે અને હવે કદાચ ઇંગ્લૅન્ડની ‘ ધ હન્ડ્રેડ’ સ્પર્ધામાં રમીને ભારતીય ક્રિકેટરોમાં નવો ચીલો શરૂ કરશે એવી સંભાવના છે. અશ્વિન હવે કોચિંગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે એવો પણ એક અહેવાલ હતો, પરંતુ તેણે ભારત બહારની લીગમાં રમવા આઇપીએલ છોડી હોવાનું માનવામાં આવે છે. તેણે આઇપીએલમાં પાંચ ટીમ વતી રમેલી કુલ ૨૨૧ મૅચમાં ૧૮૭ વિકેટ લીધી હતી અને ૮૩૩ રન કર્યા હતા. આઇપીએલના તમામ બોલર્સમાં તે ૧૮૭ વિકેટ સાથે પાંચમા સ્થાને છે. પહેલા ચાર સ્થાને ચહલ (૨૨૧ વિકેટ), ભુવનેશ્વર (૧૯૮), સુનીલ નારાયણ (૧૯૨) અને પીયૂષ ચાવલા (૧૯૨) છે. ■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| सचान | આઘાત |
| सटीक | ઈશ્વર |
| सत्तार | બરાબર |
| सदमा | ધૂન |
| सनक | બાજ પક્ષી |

## ઓળખાણ પડી?



નસીરુદ્દીન શાહ સાથે હિન્દી ફિલ્મમાં ચમકેલી મરાઠી અભિનેત્રીની ઓળખાણ પડી? તેણે મરાઠી અને ગુજરાતી સિરિયલ પણ કરી હતી.

અ) જયશ્રી ગડકર બ) ભક્તિ બર્વે ક) મુક્તા બર્વે ડ) વર્ષા ઉસગાંવકર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ બૂ | ૩ ત | ૨ | ૪ બા | જી | | ૫ સ્થા | | ૬ આ |
| ૭ મ | રા | લ | | ળ | | ૮ રે | ન | | પૂ |
| ઠા | | ૯ સ્પ | ર્ધ | ક | | ૧૦ શ | ક | ૧૦-અ વ | ર્તી |
| ણ | | ર્શી | | | ૧૧ શા | ન | | ડ | |
| | ૧૨ પ | | ૧૩ ભ | ડ | કા | | ૧૪ મ | વા | ૧૫ લિ |
| ૧૬ ત | લ | ભા | ર | | ૧૭ હા | જ | રી | | જજ |
| ૧૮ લા | ભ | | ૧૯ ચ | ૨૦ કો | રી | | ૨૧ મ | મ | ત |
| ૨૩ વ | ર | | ૨૪ ક | રું | | ૨૫ પૈ | સા | | |
| ડી | | ૨૬ ના | | | ૨૭ સા | | ૨૮ લા | ૨૯ પ | ૩૦ તા |
| | ૩૧ આ | વ | ન | જા | વ | ન | | ૩૨ ગ | જા |

## શબ્દલાલિત્ય સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | ૫ | |
| | | | | | | ૬ | | | |
| ૭ | | | ૮ | | ૯ | | | | ૧૦ |
| | | ૧૧ | | | | | ૧૨ | | |
| | ૧૩ | | | | ૧૪ | | | | |
| ૧૫ | | | | ૧૬ | | | | ૧૭ | |
| | | | ૧૮ | | | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | | ૨૩ | | | | ૨૪ |
| | | | | ૨૫ | | | | | |
| | ૨૬ | | | | | ૨૭ | | | |

**આડી ચાવી**

૧. ગણપતિબાપાનો જન્મદિવસ (૬)
૪. ગણપતિબાપાને બહુ ભાવે (૩)
૬. --- ની પપૂડી એટલે વગર જોખમે લાભ લેવો (૩)
૭. એકદમ તાજું (૨)
૮. ગણેશચતુર્થીએ બાપાનું --- થાય (૪)
૧૧. હૃદય (૨)
૧૨. ભરણપૂર્તિ (૩)
૧૩. ગણપતિબાપાનાં મા (૩)
૧૪. સાપ કે ઉધઇનાં ઘર (૩)
૧૫. અગિયારસ પછી આવે (૩)
૧૬. શરમ, આબરૂ (૨)
૧૭. --- માગવો એટલે દાદ સંભળાવવી (૨)
૧૮. વિષ્ણુને લાત મારનાર ઋષિ (૨)
૧૯. ઘવાયેલો (૩)
૨૧. ખરાબ કામ (૪)
૨૩. દરિયાખેડુ કોમ (૩)
૨૫. જન્મારો (૨)
૨૬. વિઘ્નને દૂર કરનાર (૪)
૨૭. પાર્વતીના દીકરા (૪)

**ઊભી ચાવી**

૧. હાથી જેવા મોંવાળા (૪)
૨. સો (૨)
૩. જેલ, ઘોડો, વિચાર (૩)
૪. જલસા (૨)
૫. --- વર્ષે ગણપતિબાપા આવે (૨)
૬. ગાવું તે (૨)
૮. પૂજા કર્યા પછી --- થાય (૩)
૯. મોટા રાજા (૪)
૧૦. ગણપતિબાપાના મોટાભાઇ (૪)
૧૧. એક અપ્સરા (૩)
૧૨. --- અવળા સંબંધો ચર્ચાસ્પદ બને (૨)
૧૩. પાનાને નીચે મુકાતી નોંધ (૪)
૧૬. બધાને જીએસટી --- પડે (૨)
૧૭. જ્ઞાતિ (૨)
૧૮. નોકર (૨)
૧૯. અણી, ધાર (૨)
૨૦. ઘરમાં--- તો જોઇએ (૪)
૨૧. ---! શું વાત કરો છો? (૨)
૨૨. નમકહરામ (૩)
૨૩. ‘ખાવું’નું આજ્ઞાર્થ (૨)
૨૪. શીલ, વર્તન, આચરણ (૩)
૨૫. પતિ, ધણી (૨)

## ગુજરાત મોરી મોરી રે

‘સંઘર્ષ’ ફિલ્મમાં દિલીપકુમાર સાથે કામ કરી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની નજરમાં વસી ગયેલા સંજીવ કુમારની ગુજરાતી ફિલ્મ જણાવો.

અ) જેસલ તોરલ બ) રમત રમાડે રામ
ક) ડોક્ટર કંસારી ડ) રાખનાં રમકડાં

## જાણવા જેવું

રાજેન્દ્ર કુમારની પહેલી ફિલ્મ ‘વચન’ના પ્રીમિયર વખતે નિર્માતાએ મિત્રો- સગા સંબંધીઓ માટે ટિકિટ જોઈએ છે એવું પૂછતાં હીરોએ ૧૦ ટિકિટ માંગી. જોકે, ફિલ્મના મહેનતાણાના પૈસા ઓછા મળતા રાજેન્દ્ર કુમારે સવાલ કરતા ૧૦ ટિકિટના પૈસા કાપી લેવામાં આવ્યા હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

## સુડોકુ-૯૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૭ | | | | | ૪ |
| ૯ | | ૪ | | | ૨ | | | ૩ |
| ૫ | ૭ | | | | ૬ | ૯ | | |
| | ૪ | ૫ | | | | | | ૯ |
| ૮ | ૨ | ૭ | ૯ | | ૫ | ૧ | ૩ | ૬ |
| ૬ | | | | | | ૨ | ૪ | |
| | | ૩ | ૨ | | | | ૯ | ૭ |
| ૪ | | | ૧ | | | ૮ | | ૨ |
| ૭ | | | | | ૪ | ૩ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૮ | ૫ | ૧ | ૭ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૨ | ૬ |
| ૧ | ૬ | ૨ | ૭ | ૩ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૫ | ૨ |
| ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૨ | ૩ | ૭ | ૮ | ૫ | ૧ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ | ૪ | ૫ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ફિલ્મોમાં સહાયક અભિનેતા અને વિલનની ભૂમિકા કરનારા અજિતની હીરો તરીકેની ફિલ્મ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) યાદોં કી બારાત બ) નાસ્તિક ક) નયા દૌર ડ) કાલા પાની

## નોંધી રાખો

મિત્ર એવો હોવો જોઈએ જે દરેક પરિસ્થિતિમાં પડખે ઊભો રહે, નહીં કે પરિસ્થિતિ જોઈને પાસે આવવાનો નિર્ણય લેતો હોય.

## માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મો એના ગીત - સંગીત માટે પ્રખ્યાત છે. કઈ હિન્દી ફિલ્મ સૌથી વધુ ગીત હોવાનો વિક્રમ ધરાવે છે એની ખબર છે?

અ) દિલ એક મંદિર બ) ઈન્દ્રસભા
ક) અછૂત કન્યા ડ) બાગબાન

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| आफताब | સૂર્ય |
| मेहताब | ચંદ્ર |
| रोशनी | પ્રકાશ |
| ज्वार | ભરતી |
| भंवर | વમળ |

ઓળખાણ પડી? શુભા ખોટે

માઈન્ડ ગેમ બમ્બઈ કા બાબુ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો સ્વામી દાદા

ગુજરાત મોરી મોરી રે જંગલ મેં મંગલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) નીતા દેસાઈ (૧૦) હર્ષા મહેતા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) પુષ્પા પટેલ (૧૬) મહેન્દ્ર લોઢાવિયા (૧૭) મીનલ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નૂતન વિપીન શાહ (૨૧) વિપીન શાહ (૨૨) જીત શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) પ્રવીણ વોરા (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) શ્રદ્ધા આશર (૨૭) નિતિન જયંતિલાલ બજરિયા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) મહેશ દોશી (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) અલકા વાણી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ સંઘવી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) હમ સે બઢકર કોન- અમજદ ખાન, મિથુન ૨) ડોન- શાહરુખ ખાન ૩) અગ્નિપથ- હૃતિક રોશન ૪) અગ્નિપથ - અમિતાભ બચ્ચન ૫) દર્દ કા રિશ્તા - સુનિલ દત્ત ૬) ઇલાકા - મિથુન ચક્રવર્તી ૭) ડેડી - અર્જુન રામપાલ

ક્વિઝ (બ) ૧) પ્રાણ, ૨) સંજીવ કુમાર, ૩) દારા સિંહ, ૪) સત્યન કપ્પુ, ૫) અભિષેક બચ્ચન, ૬) દિલીપ કુમાર, ૭) શમ્મી કપૂર

# સેન્સેક્સ ૭૦૬ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૪,૫૦૦ પર અટક્યો; એચસીએલ ટેકનોલોજીમાં ત્રણ ટકાનો અને ટીસીએસમાં બે ટકાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા ભારતીય આયાત પર રશિયન ક્રૂડ ઓઇલની ખરીદીના દંડ પેટે પચ્ચીસ ટકાની વધારાની ટેરિફ લાગુ થયાના એક દિવસ પછી ગુરુવારે બેન્ક અને આઇટી શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધવાથી સેન્સેક્સ ૭૦૬ પોઈન્ટ ગબડ્યો હતા, જ્યારે નિફ્ટી ૨૪,૫૦૦ના સ્તરને માંડ જાળવી શક્યો હતો.

સેન્સેક્સ દિવસ દરમિયાન ૭૭૩.૫૨ પોઇન્ટના ઘટાડા સાથે ૮૦,૦૧૩.૦૨ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૭૦૫.૯૭ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઘટીને ૮૦,૦૮૦.૫૭ પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૧૧.૧૫ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા ઘટીને ૨૪,૫૦૦.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ઉક્ત ઘબડકાથી બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓના બજાર મૂલ્યમાં રૂ. ૪.૬૭ લાખ કરોડનો ઘટાડો થયો, જેના કારણે એક્સચેન્જનું કુલ મૂડીકરણ ઘટીને રૂ. ૪૪૫.૨૭ લાખ કરોડ થઈ ગયું હતું.

ટેરિફ બજારને ઘટાડનારા સૌથી મોટું પરિબળ રહ્યું હતું, પરંતુ એફઆઇઆઇની એકધારી વેચવાલી નબળા વૈશ્વિક સંકેતોથી લઈને સતત વિદેશી ભંડોળના પ્રવાહ સુધીના અન્ય અવરોધોને કારણે પણ બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. આ પરિબળો વેચવાલીને તીવ્ર બનાવી હતી. બજારમાં જોકે એવી ચર્ચા પણ હતી કે અમેરિકાએ વધારાની પચીસ ટકા પેનલ્ટી સાથે કુલ પચાસ ટકા ટેરિફ ભલે લગાવી હોય, પરંતુ ભારતીય અર્થતંત્ર પર તેની ઝાઝી અસર નહીં જોવા મળે. એ ઉપરાંત નોમુરાના અંદાજ અનુસાર વિવિધ એક્ઝમ્પશન બાદ અસરકારક દર ૩૩.૬૦ ટકા જેવો રહેશે.

સેન્સેક્સ કંપનીઓમાં એચસીએલ ટેક, ઇન્ફોસીસ, પાવર ગ્રીડ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એચડીએફસી બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, ભારતી એરટેલ અને આઈસીઆઈસીઆઈ બેંક સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોમાં સામેલ હતા. જ્યારે ટાઇટન, લાર્સન અને ટૂબ્રો, મારુતિ સુઝુકી અને એક્સિસ બેંક ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. ઇન્ડિગોનો ૩.૧ ટકા હિસ્સો રાકેશ ગંગવાલ અને ફેમિલી ટ્રસ્ટે રૂ. ૭૦૨૭ કરોડમાં બ્લોક ડીલ અંતર્ગત વેચ્યો છે.

ટ્રમ્પની પચાસ ટકા ટેરિફ લાગુ થવાને કારણે ટેક્સટાઇનલ, લેધર, જેમ્સ અને જ્વેલરીના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેમાં આલોક ઇન્ડસ્ટ્રીઝ, રેમન્ડ લાઇફસ્ટાઇલ, સિયારામ સિલ્કમિલ, વેલસ્પન લીવીંગ, ગોકલદાસ એક્સપોર્ટ ટ્રાઇડન્ટ, ઝેનીથ એક્સપોર્ટ, રિલેક્સો ફૂટવેર, સુપરહાઉસ, ખાદીમ, ઉદ્ય જ્વેલરી, સેન્કો ગોલ્ડ, ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી અને પીએન ગાડગીલનો સમાવેશ હતો.

મંગલ ઇલેક્ટ્રિકલ ઇન્ડસ્ટ્રીઝના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હતા. બીએસઇ લિસ્ટેડ વેન્ટેજ નોલેજ અકેડેમી લિમિટેડે ભારતના ફાઇનાન્શિયલ એજ્યુકેશનમાં પરિવર્તનના હેતુથી ચાર્ટર્ડ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર (સીજીઆઈબી) સર્ટિફિકેશન પ્રોગ્રામ લોન્ચ કર્યો છે. ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ ફાઉન્ડેશને વિકસાવેલો આ ત્રણ સ્તરીય સર્ટિફિકેશન પ્રોગ્રામ છે, જે સંપૂર્ણ ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ શિક્ષણને આવરી લે છે. કંપનીએ મુંબઈ શેરબજારને આની જાણ કરી દીધી છે. અદાણીનો બાર મહિનાનો એબિટા રૂ. ૯૦,૫૭૨ કરોડ નોંધાયો છે.

ભારતીય માલ પર ટેરિફ લાગુ થયા પછી નિરાશાવાદ વ્યાપી ગયો હોવાથી સ્થાનિક શેરબજારોમાં ઘટાડો થયો હતો, જેના કારણે સેન્ટિમેન્ટ કોરવાયું હતું. જોકે કોટનની આયાત ડ્યુટી મુક્તિથી ટેરિફ અસરોનો સામનો કરવા માટે નીતિગત સમર્થનની આશાના કારણે ટૂંકા ગાળા માટે ઇન્ટ્રા-ડે રિકવરી થઈ હતી, પરંતુ રોકાણકારોનો મૂડ નાજુક રહ્યો હતો, જેમાં લાર્જ-કેપમાં ઘટાડો થયો હતો અને મિડ અને સ્મોલ-કેપ્સની કામગરી પણ નબળી રહી હતી. અમેરિકામાં પચાસ ટકા ટેરિફનો સામનો કરી રહેલા કાપડ નિકાસકારોને ટેકો આપવા માટે ગુરુવારે કપાસની ફરજ-મુક્ત આયાતની મુદ્દત વધુ ત્રણ મહિના સુધી વિસ્તારવામાં આવી છે.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનની નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં સ્થાયી થયા હતા, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ગબડ્યો હતો. યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર વેપાર કરી રહ્યા હતા. બુધવારે યુ.એસ. બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૬૨ ટકા ઘટીને ૬૭.૬૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેંજના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) મંગળવારે રૂ. ૬,૫૧૬.૪૯ કરોડની ઇક્વિટીને હજ્રમ ફલોડ કરેલી ઇક્વિટી. ડીઆઈઆઈએ, જોકે, રૂ. ૭,૦૬૦.૩૭ કરોડના શેરો ખરીદ્યા હતા. ગણેશ ચતુર્થીને કારણે ઘરેલું ઇક્વિટી બજારો બુધવારે બંધ રહ્યા હતા. મંગળવારે, સેન્સેક્સે ૮૪૯.૩૭ પોઇન્ટ અથવા ૧.૦૪ ટકાનો સમય ૮૦,૭૮૬.૫૪ પર સ્થાયી થયો, અને નિફ્ટી ૨૫૫.૭૦ પોઇન્ટ અથવા ૧.૦૨ ટકા ઘટીને ૨૪,૭૧૨.૦૫ પર પહોંચી ગયો. ■

# વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહની ટોચે, સ્થાનિકમાં સોનું ₹ ૬૨૨ વધીને ₹ ૧,૦૧,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૨૪૦ ઊછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આવતીકાલે અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહેવાની સાથે આગામી સપ્ટેમ્બર મહિનામાં રેટ કટ કરવામાં આવે તેવો આશાવાદ પણ સપાટી પર રહેતાં સોનાના ભાવ ગઈકાલની ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

જ્યારે ચાંદીના ભાવ પણ એક ટકા જેટલા વધી આવ્યા હતા.

આમ સ્થાનિક ઝવેરી બજારમાં ગઈકાલે ગણેશ ચતુર્થીની જાહેર રજા નિમિત્તે બંધ રહ્યા બાદ આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૨૦થી ૬૨૨નો ઊછાળો આવ્યો હતો અને ભાવ રૂ. ૧,૦૧,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ આજે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૨૪૦ની તેજી આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૪૦ વધીને રૂ. ૧,૧૭,૧૧૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૨૦ વધીને રૂ. ૧,૦૧,૧૦૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૨૨ વધીને રૂ. ૧,૦૧,૫૦૬ના મથાળે રહ્યા હતા.

જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે ડૉલર ઈન્ડેક્સ ૦.૧ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાથી હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ત્રણ સપ્તાહની ઊંચી ૩૪૦૭.૫૭ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૪૦૫.૬૮ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૪૬૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાત અંગેનાં નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટાની જાહેરાત પર રોકાણકારોની નજર હોવાથી તેમ જ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે જેક્શન હૉલ ખાતેના વક્તવ્યમાં વ્યાજદરમાં કપાતના સંકેત આપ્યા હોવાથી આજે સોનાના ભાવ ઊંચી સપાટીએ જળવાઈ રહ્યા હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો ફુગાવો ફેડરલ રિઝર્વના લક્ષ્યાંક આસપાસ રહેશે તો સોનાની તેજીને ટેકો મળશે અને ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી પાર કરે તેવી શક્યતા નકારી ન શકાય.

જોકે, તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં જુલાઈ મહિનાનો અમેરિકાનો પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર વધીને ૨.૬ ટકા આસપાસ રહેવાની ધારણા અર્થશાસ્ત્રીઓએ મૂકી છે.

વધુમાં આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે. ■

# ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે ૮૭.૫૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલથી ભારતીય ઉત્પાદનોની આયાત સામે અમેરિકાએ લાદેલા અતિરિક્ત ટૅરિફને ધ્યાનમાં લેતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જળવાયેલી પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત મંગળવારે વેચવાલી જળવાઈ રહી હોવાના અહેવાલને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૮૭.૬૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૫૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૬૮ અને ઉપરમાં ૮૭.૫૩ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૧ પૈસાના સુધારા સાથે ૮૭.૫૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ગણેશચતુર્થી નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી. તેમ જ ગત મંગળવારે રૂપિયો ૧૩ પૈસા નબળો પડ્યો હતો. આજે વિશ્વ બજારમાં ખાસ કરીને અમેરિકાનાં ક્રૂડતેલના સ્ટોકમાં બજારની અપેક્ષા કરતાં ઓછો ઘટાડો થયો હોવાના નિર્દેશો સાથે ભારતથી થતી આયાત પર લાદવામાં આવેલી ટૅરિફની અસરોને ધ્યાનમાં લેતા આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭૨ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૫૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

વરિષ્ઠ મંડળ એન્જિનિયર, કર્ષણ વિતરણ, રતલામ વિભાગ, પશ્ચિમ રેલવે ભારતના રાષ્ટ્રપતિ વતી નિમ્નલિખીત કાર્ય માટે IREPS પોર્ટલના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર ક્રમાંકઃ EL/TRD/ ૫૮/૨૦૨૫-૨૬/૦૨ RT, કામનું નામઃ રતલામ વિભાગમાં ભૂગર્ભ મારફતે ૩૩/11 KV ઓવરહેડ પાવરલાઈન ક્રોસિંગ્સનું અપગ્રેડેશન. અંદાજિત ખર્ચઃ રૂા. ૧,૪૨,૪૮,૬૪૦/-, બાના રકમ રૂા. ૨,૨૧,૩૦૦/- સમાપનઅવધિઃ ૧૨ મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ NIL, ઓનલાઈન બિડિંગ બંધ થવાની તારીખ અને સમયઃ ૧૯.૦૯.૨૦૨૫ તારીખે ૧૫.૦૦ કલાકે ઓફરની કાયદેસરતાઃ ખૂલવાની તારીખથી ૬૦ દિવસ, વેબસાઈટઃ www.ireps.gov.in નોટીસ બોર્ડ વરિષ્ઠ મંડળ વિદ્યુત એન્જિનિયર, કર્ષણ વિતરણ, રતલામ વિભાગ (પશ્ચિમ રેલવે)ના કાર્યાલયના પ્રવેશદ્વાર સામે.

વરિષ્ઠ મંડળ વિદ્યુત એન્જિનિયર
રતલામ (પશ્ચિમ રેલવે)

V/203

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**નોટીસ**

આ સાથે નોટીસ આપવામાં આવે છે કે "મેફલાવર"ના ફ્લેટના માલિકો, પ્લોટ નં. ૧૮૭, કેથોલિક કોલોની, ઓફ નાથાલાલ પારેખ માર્ગ, વડાલા (પ.), મુંબઈ - ૪૦૦ ૦૩૧, સંયુક્ત રીતે જાહેર કરે છે કે અમે નીચે દર્શાવેલ બાબતમાં ન તો કોઈને અધિકૃત કર્યા છે કે ન તો કાયદેસર સંમતિ આપી છે. રી-ડેવલપમેન્ટ કરાર, તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ઓક્ટાવિયસ ફ્રાન્સિસ ટેકસેરિયા એક તરફથી અને મે. શ્રીપતિ ઈન્ફ્રા-ટ્રેડ ડેવલપર્સ (ભાગીદારી પેઢી)નું પ્રતિનિધિત્વ ૧) શ્રી ક્રિષ્ણા ઉદય પરબ ૨) ઉદય પરબ ૩) સીજો વર્ગીઝ મેથ્યુઝ ૪) સીનો વર્ગીઝ મેથ્યુઝ દ્વારા થાય છે, તેમની વચ્ચેનો જાહેર ક્ષેત્રમાં સંબંધિત બધા જેઓ ઉપર જણાવેલ વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારની કોઈપણ ક્ષમતાથી લેવડદેવડ કરશે તો તે તમારા કાનૂની જોખમે, ખર્ચે અને પરિણામોને આધિન તેમ કરશે જેનું મેફલાવરના ફ્લેટ માલિકો પર કોઈ બંધન નહીં રહે.


## ગુજરાત

# અમેરિકાના ૫૦ ટકા ટૅરિફની સીધી અસર સુરતના ડાયમંડ ઉદ્યોગ પર થશેઃ જીજેઈપીસી

(અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદઃ અમેરિકા દ્વારા ૫૦ ટૅરીફની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે આની સીધી અસર ડાયમંડ ઉદ્યોગ પર દેખાશે. આ મામલે અગાઉ સુરત ડાયમંડ વર્કર યુનિયન દ્વારા વડા પ્રધાન સહિતના નેતાઓને પત્ર પણ લખવામાં આવ્યો હતો.

આ અંગે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)ના રિજનલ ચેરમેન જયંતીભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં નાની-મોટી અસર થશે. જો કે આવનારા સમયની અંદર જ ખબર પડશે, કેવી રીતની પરિસ્થિતિ થઇ રહી છે. જે હીરા સુરતથી જ કટિંગ-પોલિશિંગ થાય છે, તે કામ બીજા કોઈ દેશમાં જતું રહે તેની શક્યતા નહીવત્ છે.

જયંતીભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, ટૅરીફને લઈને ૭ ઓગસ્ટના રોજ ડાયમંડ ઉપર ૨૫ ટકા અને જ્વેલરી ઉપર ૩૧ ટકા ડ્યૂટી લાદવામાં આવી હતી, જે અત્યાર સુધી અમલી બની ન હતી. જેના કારણે જે પેન્ડિંગ ઓર્ડર હતા અથવા જે ઓર્ડર કમ્પ્લેઈટ કરવાના હતા, તે ૨૭ ઓગસ્ટ સુધીમાં પૂરા કરી દીધા છે.

૨૭ ઓગસ્ટ બાદ બીજી એડિશનલ ૨૫ ટકા ડ્યૂટી એટલે ડાયમંડ ઉપર ૫૦ ટકા અને જ્વેલરી ઉપર ૫૭ ટકા ડ્યૂટી લાગુ થઇ છે. જેને કારણે ઇન્ડસ્ટ્રીઝની અંદર નાની મોટી અસરો થઇ રહી છે. ડોમેસ્ટિક માર્કેટની અંદર નાની-મોટી અસરો છે પણ સેઝમાં ચિંતાનું કારણ છે, કારણ કે તેમના બધા ઓર્ડર કમ્પ્લેઈટ થઇ ગયા, પરંતુ એ લોકોના ૫૦ ટકા જેવા કામ ઓછા થઇ ગયા છે.

કારીગરોને ટકાવવા માટે અમે સરકારને એવી રજૂઆત કરી છે કે, એ લોકોના કર્મચારીઓની નોકરી ના જાય અને ત્યાં કામ બંધ ના થાય. જેના માટે સરકાર પાસે એવો આગ્રહ કર્યો છે કે, એમના માટે એક ડોમેસ્ટિક માર્કેટ ઓપન કરવામાં આવે અને તેમને કામ કરવા માટેની છૂટ આપવામાં આવે અને બીજા જે દેશો છે જે એક્સપોર્ટ ઓરીયન્ટ હોવાથી બીજા દેશોમાં એડિશનલ ફંડ આપવામાં આવે જેનાથી પ્રમોશન કરીને નવા ગ્રાહકો બાંધવામાં આવે આ માટે અમે રજૂઆત કરી છે જેથી સેઝના યુનિટો ચાલુ રહે.

ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝની વાત કરીએ તો અમેરિકાની અંદર જે મોટા વેપારીઓ છે, એ લોકોએ પણ એમની સરકારને રજૂઆત કરી છે કે આમની ઉપર ટૅરીફ ના લગાવો, કારણ કે ત્યાના લોકો માટે ઇન્ડિયા એક મોટું સપ્લાયર દેશ છે. એ લોકોની જે નવી સિઝન આવી રહી છે ત્યારે એ લોકો પણ આટલું મોટું કામ અન્ય કોઈ દેશમાં થઇ શકે એવું પોસિબલ જ નથી. આથી ત્યાના વેપારી પણ ચિંતિત છે. અહીંયા ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં નાની મોટી અસર થશે, પરંતુ આવનારા સમયની અંદર જ ખબર પડશે કે કેવી રીતની પરિસ્થિતિ થઇ રહી છે. જે પતલા હીરા છે અને સુરતથી જ કટિંગ પોલિશિંગ થાય છે તો બીજા કોઈ દેશમાં આ કામ જતું રહે તે પોસિબિલિટી ખૂબ ઓછી દેખાય છે. ■


**જાહેર સૂચના**

આથી જણાવવામાં આવે છે કે શ્રી સતીશ ચંદ્રકાંત નાનાભાઈ રહેઠાણ મૃત્યુ સમયે પ્રવીણ વીલા, સરસ્વતી રોડ, સાંતાક્રુઝ (વે.) મુંબઈ-૪૦૦ ૦૫૪ તા. ૩૧.૧૨.૮૫ ના રોજ ડૉ. બાલાભાઈ નાનાવટી હોસ્પિટલમાં દેવલોક પામ્યા હતા. અને મરણ નોંધણી નિમિત્તે તહસીલદારની અંધેરી કચેરીમાં અર્જી સાદર કરી છે.

આ અનુસંધાનમાં કોઈપણ વ્યક્તિને આક્ષેપ હોય તેણે તહસીલદારનાં કચેરી, દાદાભાઈ નૌરોજી રોડ, અંધેરી (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૮ પર લેખી પુરાવા સાથે નોટિસ છાપ્યાના ૧૫ દિવસમાં સંપર્ક કરવો. અન્યથા આક્ષેપ નથી એ સમજીને નિર્ણય લેવામાં આવશે.

તા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૫
નીલેશ નાનાભાઈ
ઈડસ, ફ્લેટ નં. ૩, પી.એમ. રોડ,
સાંતાક્રુઝ (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૪.

**REDEVELOPMENT TENDER EXTENSION NOTICE**

Sealed tenders are invited from reputed & resourceful Developers for Redevelopment Works of

**CHARKOP (1) SHRI OMKAR CO OP HOUSING SOCIETY LTD**

Plot no. 272, RSC-06, Sector -02, Charkop, Kandivali (West), Mumbai-400067.
As per MHADA Lease Agreement, Plot area 1455.50 Sq.Mtrs
As Per MHADA Area Certificate, Plot area 1455.50 Sq. Mtrs
A set of blank Tender set is available at SOCIETY office, from 29/08/2025 to 12/09/2025 from Monday to Saturday between 11.00 AM TO 6.00PM
Last date for Tender Submission at Society Office is 27/09/2025 between 11.00 AM TO 6.00 PM.

**PMC : S.P. CONSULTING ENGINEERS PVT.LTD.**

MUMBAI-400053.
PMC MAIL ID: info@spcepmc.co.in
PMC CONTACT NO. 022-49790531
Society mail id: omkarchs91@gmail.com
SOCIETY CONTACT DETAILS:
Mr Pradeep +91 9769865965,
Mr Ashok +91 7977456588
Tender Cost: Rs.10,000/- (Non Refundable) by DEMAND DRAFT/ PAY ORDER In favour of:- CHARKOP (1) Shri Omkar Co Op Housing Society Ltd
Society reserves right to accept, reject any or all tenders without assigning any reason whatsoever.


# અંબાજીમાં મા અંબાના ભક્તો માટે ૩ લાખ ૯૦ હજાર કિલો મોહનથાળનો પ્રસાદ બનાવાશે

અમદાવાદઃ શક્તિપીઠ અંબાજી ખાતે આસ્થા અને શ્રદ્ધાના પ્રતીક સમાન ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર દરમિયાન યોજાવા જઈ રહ્યો છે. આ મેળામાં લગભગ ૩૦થી ૪૦ લાખ ભક્તો મા અંબાના દર્શન કરવા આવે એવી શક્યતા છે. આ લાખો ભક્તોને માતાજીના દર્શન બાદ મોહનથાળનો પ્રસાદ સરળતાથી મળી રહે તે માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ખાસ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

મહામેળામાં આવતા ભક્તો માટે મોહનથાળ પ્રસાદ બનાવવાની કામગીરી ગણેશ ચતુર્થીના શુભ દિવસે શરૂ થઈ છે. આ કાર્યક્રમની શરૂઆત બનાસકાંઠાના જિલ્લા કલેક્ટરના હસ્તે પૂજા અર્ચના કરીને કરવામાં આવી હતી. અંબાજીની નવી કોલેજ ખાતે આ કામગીરી ચાલી રહી છે, જેમાં શુદ્ધતા અને સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ પ્રસાદ બનાવવા માટે શુદ્ધ ઘી, બેસન, ખાંડ અને એલચી જેવી ઉચ્ચ ગુણવત્તાવાળી સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો છે.

આ મહાકુંભ મેળા માટે કુલ ૧૦૦૦થી ૧૨૦૦ ઘાણ મોહનથાળ તૈયાર કરવાનો લક્ષ્યાંક છે. આટલા મોટા પ્રમાણમાં પ્રસાદ તૈયાર કરવા માટે પ્રથમ દિવસે ૫૧ ઘાણ મોહનથાળ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેનું વજન લગભગ ૧૬,૫૭૫ કિલોગ્રામ થાય છે. એક ઘાણમાં ૩૨૫ કિલો મોહનથાળ બને છે.

આ આંકડા પરથી અંદાજ લગાવી શકાય છે કે મેળા દરમિયાન ૧૨૦૦ ઘાણમાં કુલ ૩,૯૦,૦૦૦ કિલો મોહનથાળનો પ્રસાદ તૈયાર થશે. ■

# ગુજરાતના ૨૧ ટકા વિદ્યાર્થી પ્રાઈવેટ ટ્યૂશન લે છેઃ દેશમાં ૧૬માં ક્રમાંકે

અમદાવાદઃ બાળકોનું શિક્ષણ સ્કૂલમાં જ થવું જોઈએ અને તેણે પ્રાઈવેટ ટ્યૂશન લેવાની જરૂર પડે તે શિક્ષણ વ્યવસ્થાની ખામી તરફ ઈશારો કરે છે. આ અંગેનો એક અહેવાલ જણાવે છે કે ગુજરાતમાં પણ નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રાઈવેટ ટ્યૂશન્સ લે છે. પ્રિ-પ્રાઈમરીથી હાયર સેકન્ડરી લેવલ સુધીના ૨૦.૮ ટકા વિદ્યાર્થી પ્રાઈવેટ ટ્યૂશન લે છે. આ આંકડો કોમ્પ્રિહેન્સિવ મોડ્યુલર સર્વેઃ એજ્યુકેશન ૨૦૨૫ શીર્ષક હેઠળ કેન્દ્ર સરકારે બહાર પાડેલા અહેવાલમાં બહાર આવ્યો છે. જોકે આ ટકાવારી ઑલ ઈન્ડિયા એવરેજ ૨૭ ટકા કરતા ઓછી છે. કોચિંગ ક્લાસમાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ગુજરાત દેશમાં ૧૬માં સ્થાને છે. જ્યારે દેશમાં ત્રિપુરા સૌથી આગળ છે. ૭૮.૬ ટકા વિદ્યાર્થીઓ પ્રાઈવેટ ટ્યૂશન લે છે. બીજા નંબરે ૭૪.૬ ટકા સાથે પશ્ચિમ બંગાળ છે. અને ૫૭.૧ ટકા સાથે ઓડિશા ત્રીજા ક્રમાંકે છે. જ્યારે મિઝોરમમાં સૌથી ઓછા ૨.૪ ટકા, લદ્દાખમાં ૨.૮ ટકા અને છત્તીસગઢમાં ૪.૫ ટકા વિદ્યાર્થી પ્રાઈવેટ ટ્યૂશન લે છે. ગુજરાતમાં માતા-પિતા તેમના નાના બાળકો જે જૂનિયર કે સિનિયર કિંડરગાર્ડનમાં ભણે છે તેમને પણ પ્રાઈવેટ ટ્યૂશનમાં મોકલે છે. આવા બાળકોની સંખ્યા ૪.૪ ટકા છે. ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓમાંથી ૧૮.૧ ટકા ટ્યૂશન લે છે, ૬થી ૮ ધોરણના કુલ વિદ્યાર્થીઓમાંથી ૨૧.૫ ટકા અને ધોરણ ૯ અને ૧૦ના કુલ વિદ્યાર્થીઓમાંથી ૩૧.૪ ટકા અને ધોરણ ૧૧ અને ૧૨ના ૩૫.૫ ટકા વિદ્યાર્થીઓ ટ્યૂશન્સ લે છે. ■

# વર્ષ ૨૦૨૪માં કમોસમી વરસાદથી થયેલા નુકસાનીનું વળતર ચૂકવાશે, ખેડૂતોને ૧૧ હજારની સહાય મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૪માં કમોસમી વરસાદને કારણે પાકને થયેલા નુકસાનના વળતર રૂપે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવશે. કૃષિ વિભાગે આ અંગે જાહેરાત કરી હતી અને ખેડૂતો પાસેથી નુકસાની માટેની અરજીઓ મંગાવવામાં આવી છે. આ સહાય અંતર્ગત પ્રતિ હેક્ટર રૂ. ૧૧,૦૦૦ની ચુકવણી કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૪ના ઑક્ટોબર મહિનામાં રાજ્યના ૬ જિલ્લામાં કમોસમી વરસાદ થયો હતો, જેના કારણે કપાસના ઊભા પાકને ભારે નુકસાન થયું હતું. જે ખેડૂતોના પાકને ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હતું, તેમને આ સહાય આપવામાં આવશે. સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયમો અનુસાર, ખેડૂતોને બે રીતે સહાય મળશે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસડીઆરએફ) હેઠળ પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ અને રાજ્ય સરકારના બજેટમાંથી પ્રતિ હેક્ટર રૂ. ૨,૫૦૦ એમ કુલ મળીને પ્રતિ હેક્ટર રૂ. ૧૧,૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. આ સહાયમાં ખાતાદીઠ ૨ હેક્ટરની મર્યાદા નક્કી કરવામાં આવી છે. ■


**ધી બોમ્બે મારકેટ આર્ટ સિલ્ક કો-ઓપરેટીવ (શોપ્સ એન્ડ વેર હાઉસીઝ) સોસાયટી લીમીટેડ**
ઉમરવાડા, સુરત-૩૯૫૦૧૦.

**:: ચોપનમી વાર્ષિક સામાન્ય સભા ::**

આથી સોસાયટીનાં તમામ સભાસદોને જણાવવાનુંકે, સોસાયટીની **ચોપનમી વાર્ષિક સામાન્ય સભા** શુક્રવાર તારીખ **૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫**ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સોસાયટીની રજીસ્ટર્ડ ઓફિસ "બોમ્બે મારકેટ" ઉમરવાડા, સુરત-૩૯૫૦૧૦ નાં કોન્ફરન્સ હોલ મધ્યે યોજવામાં આવેલ છે, તો સભાસદોને હાજર રહેવા વિનંતી છે.

**નોંધઃ- વાર્ષિક સામાન્ય સભાની નોટિસ અંગેની નોંધ સોસાયટીના તમામ નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વાર્ષિક અહેવાલો પણ સભાસદોને મોકલવામાં આવેલ છે. જે સભાસદોને અહેવાલ મળ્યા ન હોય તેમણે સોસાયટીની ઓફિસમાંથી મેળવી લેવા.**

વાર્ષિક સામાન્ય સભામાં ફક્ત સભાસદોને પ્રવેશ મળશે.
પ્રોક્સી કે પાવર ઓફ એટૉર્નીએ પ્રવેશ કરવો નહી.

મેનેજર
શ્રી ચેતન વાય. મહેતા

**પશ્ચિમ રેલવે – રતલામ વિભાગ**

ક્રમઃ EL- ૨૦૨૫-૨૬-૨૦ ડીવીઝનલ કાર્યાલય રતલામ, તા. ૨૬/૦૮/૨૦૨૫

**વિજળી વિભાગ (પાવર)-ઈ-ટેન્ડર સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી મંડળ રેલ પ્રબંધક (વિદ્યુત/પાવર) રતલામ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર માધ્યમથી "ઓપન ટેન્ડર" આમંત્રિત કરે છે. વિગત નીચે પ્રમાણે છેઃ- ઈ-ટેન્ડરીંગ ક્રમાંકઃ EL- ૨૦૨૫-૨૬-૨૦. કામનું નામઃ રતલામ વિભાગ રતલામ ઈલેક્ટ્રીક કામના સંબંધમાં વધારાની ૧૭ રૂમોની જોગવાઈ દ્વારા રનીંગ રૂમનું અપગ્રેડેશન અને નવી સુવિધાઓ/ સાધનો સાથે પરચૂરણ કામ. અંદાજિત ખર્ચઃ રૂા. ૧,૧૯,૯૪,૯૮૯.૫૩, બાના રકમઃ રૂા. ૨,૧૦,૦૦૦.૦૦ કાર્ય સમાપન અવધિ. ૦૯ મહિના, **સમાન પ્રકારનું કામઃ** "સમાન પ્રકૃતિના કામની વ્યાખ્યાઃ ૩૩/ 11 KV સબ સ્ટેશન્સ, HT/LT પેનલ્સ, HT/LT કેબલ્સ, HT/LT સ્વીચગીઅર, HT/LT ટ્રાન્સફોર્મરનું સમારકામ ઓવરહોલીંગ/ પૂરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમીશનીંગ (SITC) વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૨/૦૮/૨૦૨૫, ટેન્ડર ખૂલવાની તારીખઃ ૨૩.૦૯.૨૦૨૫

- ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડ અને નિયમો તથા શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર દસ્તાવેજની કિંમત શૂન્ય છે.

મંડળ રેલ પ્રબંધક (વિજળી/ પાવર)
રતલામ (પશ્ચિમ રેલવે) વતી

V/204

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

O/o સહાયક કમિશનર, K/ ઈસ્ટ વોર્ડ ઓફિસ, પહેલે માળે, ગુંદાવલી, આઝાદ રોડ, અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૯.

**નં. PCO/1173/KE/SR તારીખઃ ૨૮/૦૮/૨૦૨૫**

**નોટિસ**

KE વોર્ડમાં પાંચ મહિના એટલે કે ૧૨૦ દિવસ માટે ઉંદર, માખી, ફોગિંગ, એન્ટીલાર્વલ ટ્રીટમેન્ટ વગેરે કાર્ય માટે વોલન્ટિયર પૂરા પાડવા રજિસ્ટર્ડ સરકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાને અરજી માટે આમંત્રણ.

રસ ધરાવતી સંસ્થાઓ BMC Portal http://portal.mcgm.gov.in પરથી અરજી ડાઉનલોડ કરે અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરના કાર્યાલયનો સંપર્ક કરે. કાર્યાલયનું સરનામુંઃ O/o ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ, K/ઈસ્ટ વોર્ડ ઓફિસ, રૂમ નં. ૧૦૮, પહેલે માળે, ગુંદાવલી, આઝાદ રોડ, અંધેરી - ઈસ્ટ, મુંબઈ - ૪૦૦૦૬૯.

પેસ્ટ કંટ્રોલ ઓફિસરને અરજી સુપરત કરવાની અંતિમ તારીખ કામના દિવસે ૧૦/૦૯/૨૦૨૫ બપોરે ૪.૩૦ વાગ્યા પહેલા.

સહી/-
સહાયક કમિશનર
K/ઈસ્ટ વોર્ડ

PRO/1418/ADV./2025-26 સહાયક કમિશનર K/ઈસ્ટ વોર્ડ

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

નં. DyHE/PPC/૩૪૬૬/પાંજરાપુર ૨૫.૦૮.૨૦૨૫ના

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી "આઈટમ રેટ ધોરણે" નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન હેઠળ M.C.G.M.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૨૧૨૪૯૬_૧ | સ્ટેજ II ફિલ્ટર પ્લાન્ટ પાંજરાપુર ખાતે તમામ ઈલેક્ટ્રિકલ ફિટિંગ સાથે કુલ વાયરીંગ, ઈલેક્ટ્રિકલ DP, બોર્ડ્સ અને સંલગ્ન એસેસરીઝની બદલી. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
(M&E) પાંજરાપુર

PRO/1400/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## વિરાર ઈમારત દુર્ઘટના

# મહાપાલિકાની ચેતવણીને અવગણી રહેવાસીઓના જીવ જોખમમાં નાખ્યા

### બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવાની નોટિસ ત્રણ મહિના પહેલાં અપાયેલી, પણ પદાધિકારીઓએ અહેવાલ ન સોંપ્યોઃ પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિરારના નારંગી રોડ પર આવેલી રમાબાઈ એપાર્ટમેન્ટ ઈમારતને વસઈ-વિરાર મહાનગરપાલિકા દ્વારા ચેતવણી આપવામાં આવ્યા છતાં પદાધિકારીઓએ એ વાતને ગંભીરતા લીધી ન હોવાનું સામે આવ્યું છે. જોખમી ઈમારતોના નિરીક્ષણ દરમિયાન પાલિકા દ્વારા ત્રણ મહિના પહેલાં જ આ બિલ્ડિંગના સ્ટ્રક્ચરલ ઓડિટની નોટિસ મોકલવામાં આવી હતી, પરંતુ હજુ સુધી પાલિકાને કોઈ અહેવાલ સોંપાયો નથી. પાલિકા દ્વારા વધુ પગલાં લેવામાં આવે તે પહેલાં જ માત્ર ૧૬ વર્ષ અગાઉ ગેરકાયદે બંધાયેલી આ ઈમારતનો એક ભાગ મંગળવારની મધરાતે તૂટી પડ્યો હતો.

વિરાર પૂર્વમાં આવેલી ચાર માળની રમાબાઈ એપાર્ટમેન્ટનો એક ભાગ તૂટી પડતાં ૧૭ રહેવાસીએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે નવ જણ જખમી થયા હતા. આ પ્રકરણે પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર ગ્લીસન ગોન્સાલવીસે વિરાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એફઆઈઆરમાં વિકાસક નિતલ ગોપીનાથ સાને (૪૮), લૅન્ડલોર્ડ અને અન્યો સામે આરોપ


(જુઓ પાનું ૪) ▶▶



દીપાલી ગુંટલા



દીપેશ સોની



**દુર્ઘટનાઃ**
વિરારમાં મંગળવારે રાત્રે ઈમારત તૂટી પડવાની ઘટનામાં અત્યાર સુધી ૧૭ જણનાં મોત થયા છે. (પીટીઆઈ)

## રક્ષાબંધન માટે ભાવનગરથી આવેલી બહેનની ભાઈ સાથે જ અંતિમ વિદાય

*યોગેશ સી. પટેલ*

મુંબઈઃ ભાઈની રક્ષા માટે રાખડી બાંધવા ગુજરાતના ભાવનગરથી આવેલી બહેન ગણેશવિસર્જન બાદ પાછી ગુજરાત જવાની હતી, પરંતુ વિરારમાં બનેલી બિલ્ડિંગ હોનારતને કારણે બહેને ભાઈ સાથે જ અંતિમ વિદાય લીધી હોવાની કરુણ બીના સામે આવી હતી. સ્થાનિક રહેવાસીઓ દ્વારા મળતી માહિતી અનુસાર રમાબાઈ એપાર્ટમેન્ટનો ભાગ તૂટી પડતાં જીવ ગુમાવનારા ૧૭ જણમાં દીપેશ સોની (૪૪) અને તેની બહેન દીપાલી ગુંટલાનો પણ સમાવેશ થાય છે. અપરિણીત દીપેશ આ જ ઈમારતના ફ્લૅટમાં એકલો રહેતો હતો. દીપાલીનું અવસાન થયું હોવાના અહેવાલને વિરાર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર લાલુ તુરેએ સમર્થન આપ્યું હતું. કહેવાય છે કે દીપેશની બહેન પતિ અને સંતાન સાથે ભાવનગરના ઢસા ખાતે રહે છે. રક્ષાબંધન નિમિત્તે તે વિરાર આવી હતી અને ભાઈ સાથે જ રહેતી હતી. ગણેશવિસર્જન પછી તે સાસરે પાછી જવાની હતી, પણ તે પહેલાં જ કાળ તેને ભરખી ગયો હતો. બિલ્ડિંગના કાટમાળ નીચે દબાયેલાં દીપેશ અને દીપાલીને એનડીઆરએફની ટીમે બહાર કાઢ્યાં હતાં. બેભાન અવસ્થામાં હૉસ્પિટલમાં લઈ જવાયેલાં ભાઈ-બહેનને તબીબે મૃત જાહેર કર્યાં હતાં. દરમિયાન ઈમારત દુર્ઘટનામાં ત્રણ મિત્ર દીપક સિંહ બોરા (૨૫), હરીશ બિસ્ત (૨૬) અને ગોવિંદ સિંહ રાવત (૨૪)નાં મૃત્યુ થયાં હતાં. મર્ચન્ટ નેવીમાં કામ કરતા ત્રણેય મિત્ર ઉત્તરાખંડના વતની હતા. બિલ્ડિંગના બીજા માળે રહેતા મિત્રો ગયા મહિને જ મુંબઈ પાછા ફર્યા હતા. ■

## જોવીલ પરિવારની પુત્રી ઉત્કર્ષાના પહેલા જન્મદિવસની ઉજવણી શોકમાં ફેરવાઇ

મુંબઈઃ વિરાર પૂર્વમાં ઇમારત દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાં જોવીલ પરિવારની એક વર્ષની દીકરી ઉત્કર્ષાનો પણ સમાવેશ હતો, જેનો મંગળવારે પહેલો જ જન્મદિવસ હતો અને સાંજે તેની ઉજવણી પણ કરવામાં આવી હતી. જોકે આ દુર્ઘટનાને કારણે તેના જન્મદિવસની ઉજવણી શોકમાં ફેરવાઇ ગઇ હતી. ઉત્કર્ષાનાં માતા-પિતાએ પણ જીવ ગુમાવ્યો હતો. વિરાર પૂર્વના વિજયનગરમાં આવેલા રમાબાઇ અપાર્ટમેન્ટના ચોથા માળે રહેનારા ઇલેક્ટ્રિશિયન ઓમકાર જોવીલની દીકરી ઉત્કર્ષાનો

(જુઓ પાનું ૪) ▶▶



**આવજો...:**
ગણેશોત્સવનાં બીજા દિવસે ગુરુવારે દોઢ દિવસના ગણપતિનું વાજતે-ગાજતે વિસર્જન કરાયું હતું. (અમય ખરાડે)

# જરાંગે આજે મુંબઈના આઝાદ મેદાનમાં

## ૧૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ તહેનાત

મુંબઈઃ મરાઠા અનામતની માગણી માટે કાર્યકર્તા મનોજ જરાંગેના આમરણ ઉપવાસને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે પંદરસોથી વધુ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

જરાંગેએ અગાઉ જાહેરાત કરી હતી કે તેઓ ૨૯ ઑગસ્ટથી આઝાદ મેદાનમાં આમરણ ઉપવાસ શરૂ કરશે. જરાંગે હજારો સમર્થકો સાથે ૨૬ ઑગસ્ટે જાલના જિલ્લાના તેમના વતન અંતરવાલી સરસી ગામથી નીકળ્યા હતા.

ગુરુવારે સવારે તેઓ છત્રપતિ શિવાજી મહારાજના જન્મસ્થળ શિવનેરી કિલ્લા ખાતે પહોંચ્યા હતા અને બાદમાં મુંબઈ આવવા નીકળ્યા હતા. તેઓ એવી માગ કરી રહ્યા છે કે તમામ મરાઠાઓને કુણબી તરીકે માન્યતા આપવામાં આવે, જેમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણીનો પણ સમાવેશ થાય છે, જેનાથી તેઓ સરકારી નોકરી અને શિક્ષણમાં અનામત માટે પાત્ર બની શકે. આંદોલનને ધ્યાનમાં રાખીને આઝાદ મેદાન ખાતે પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, રેપિડ એક્શન ફોર્સ, સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ તેમ જ મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સની એક-એક ટુકડીને પણ આઝાદ મેદાન ખાતે તહેનાત કરવામાં આવી છે.(પીટીઆઇ)■

## સરકાર મરાઠા અને ઓબીસીના હિતોની રક્ષા માટે કટિબદ્ધઃ ફડણવીસ

મુંબઈઃ મરાઠા અનામત માટે નવેસરથી આંદોલનનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે તેમની સરકાર મરાઠાઓ અને ઓબીસી એમ બંનેના હિતોની રક્ષા માટે કટિબદ્ધ છે.

આ મુદ્દે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે અમે ઓબીસીને અન્યાય નહીં થવા દઈએ અને મરાઠાઓએ એ વાત સમજી લેવી જોઈએ કે મારી સરકારે સમુદાયના કલ્યાણ માટે કામ કર્યું છે. અમારી સરકાર દ્વારા આપવામાં આવેલી (મરાઠાઓને) અનામત હજી પણ કાનૂની રીતે માન્ય છે. મરાઠાઓ પાસે પહેલેથી જ ૧૦ ટકા આરક્ષણ છે અને વધુ અનામતની માગણી કરી રહ્યા છે. એ વાત ધ્યાનમાં લેવી જોઈએ કે ઓબીસીમાં ૩૫૦થી વધુ પેટા જાતિ છે. (પીટીઆઈ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## પચીસ લાખની ખંડણી અને એક કિલો સોનુંઃ બિશ્નોઈના સાગરીતે બિઝનેસમૅનને આપી ધમકી

મુંબઈઃ કુખ્યાત ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના સાગરીતે ગોરેગામના બિઝનેસમૅનને જાનથી મારવાની ધમકી આપી પચીસ લાખ રૂપિયા અને એક કિલો સોનાની ખંડણી માગી હતી. બિશ્નોઈ ગૅન્ગ મુંબઈમાં પોતાનું જાળું ફેલાવી રહી હોવાની શક્યતાને પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

લૉરેન્સ બિશ્નોઈને નામે ખંડણી માટે ધમકી આપવામાં આવતાં બિઝનેસમૅને પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે ગોરેગામ પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીને બુધવારે અજાણ્યા શખસે કૉલ કર્યો હતો. તેણે પોતાની ઓળખ બિશ્નોઈ ગૅન્ગના સભ્ય તરીકે આપી હતી. કૉલ કરનારા શખસે ફરિયાદીની સુપારી આપવામાં આવી હોવાનો ઉલ્લેખ કર્યો હતો અને પચીસ લાખ રૂપિયાની માગણી કરી હતી.

રૂપિયા અને એક કિલો સોનું ન આપે તો ફરિયાદી અને તેના પરિવારને જાનથી મારવાની ધમકી કૉલ કરનારા શખસે આપી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસ ધમકી


(જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણી દરમિયાન કાંદાના ભાવ ઘટાડવામાં આવે છે : આક્ષેપ

નાસિકઃ છેલ્લા છ મહિનાથી કાંદાના ભાવ એક થી દોઢ હજાર રૂપિયા વચ્ચે સ્થિર છે. હવે તેને બિહાર વિધાનસભા અને મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ ચૂંટણીઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. ચૂંટણી સમયગાળા દરમિયાન ગ્રાહકોને ખુશ રાખવા માટે કાંદાના ભાવ ઘટાડવામાં આવે છે. મહારાષ્ટ્ર રાજ્ય કાંદા ઉત્પાદક ખેડૂત સંગઠને આરોપ લગાવ્યો છે કે આ કેન્દ્ર સરકારનું એક સુનિયોજિત કાવતરું છે.

હાલમાં, લાસલગાંવ સહિત જિલ્લાની અન્ય બજાર સમિતિઓમાં ઉનાળુ કાંદાની આવક સ્થિર છે. ગુરુવારે ડુંગળીને સરેરાશ ૧૪૦૦ રૂપિયાનો ભાવ મળ્યો હતો. સ્થાનિક બજારમાં માંગ ઓછી થઈ હોવાથી નિકાસમાં અસ્થિરતા છે. આ પૃષ્ઠભૂમિ સામે મહારાષ્ટ્ર રાજ્ય કાંદા ઉત્પાદક ખેડૂત સંગઠને ફરી એકવાર દેશભરના કાંદા ઉત્પાદકોને મુશ્કેલીમાં મૂકવાનો આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર ખેડૂતોની મહેનતનો સીધો લાભ લઈ રહી છે. તેમણે કહ્યું હતું કે કાંદાના ભાવ ઘટાડવા, બજારમાં માલ ન ઉપાડવા, નિકાસ પર પ્રતિબંધ

(જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**